
# આરાધના




## ( ચિંતનાત્મક લેખ )



**- યોગેશ્વર**

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન


**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*




E-book
Title : Aradhana
Language : Gujarati
Version : 1.0
Pages : 77
Created : July 4, 2008.


*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. Your comments are welcome.

☼ ☼ ☼ ☼ ☼

## પ્રસ્તાવના

મારા સાધનાવિષયક આધ્યાત્મિક લેખો કે નિબંધોનો પ્રસ્તુત સંગ્રહ વાચકો સમક્ષ મૂકતાં આનંદ થાય છે. પ્રસ્તુત સંગ્રહના મોટા ભાગના લેખો જન્મભૂમિ-પ્રવાસી, મુંબઈ સમાચાર તથા ફૂલછાબ જેવાં દૈનિકોમાં ને કિસ્મત અને જનકલ્યાણ જેવાં માસિકોમાં પ્રસિદ્ધિ પામીને ભારે લોકચાહના મેળવી ચૂકેલા. કેટલાક ક્રમેક્રમે આકાશવાણી પરથી પણ પ્રસાર પામેલા. એમને ગ્રંથાકારે પ્રસિદ્ધ કરવાની માગણી કેટલાય વખતથી ચાલુ હતી.


પ્રસ્તુત પુસ્તકમાંના લેખો કે નિબંધોમાંથી કેટલાક લેખો કે નિબંધો ભક્તિ વિષેના, કેટલાક જ્ઞાન વિષેના, તો કેટલાક કર્મયોગ વિષેના છે. એ સૌમાં જીવનની આધ્યાત્મિક આરાધનાના અણસાર છે. જીવનની આધ્યાત્મિક આરાધના માટે એ ઉપયોગી થઈ શકે તેમ છે. એ છૂટાછવાયા હોવા છતાં સુગ્રથિત છે.

આધ્યાત્મિક અભ્યુત્થાનની અભિરુચિવાળા, એના મંગલમય માર્ગે આગળ વધવાની અભિલાષાવાળા, સાધકો કે શ્રેયાર્થીઓને અને અન્ય સૌને એ લેખો ઉપયોગી થશે, પ્રેરક બનશે ને પથપ્રદર્શક ઠરશે, એવી આશા છે.

- યોગેશ્વર



* * *



## અનુક્રમણિકા

૧. જીવનને નવો આકાર આપો
૨. નામસ્મરણ
૩. સપ્તાહોથી લાભ
૪. દક્ષ પ્રજાપતિની યજ્ઞકથા
૫. અનન્ય ભક્તિભાવ
૬. વાતો કરતાં શીખો
૭. રામકથાનું આધ્યાત્મિક રહસ્ય
૮. ભક્તિના નવ પ્રકાર
૯. પ્રભુકૃપાની યોગ્યતા
૧૦. ધર્માનુષ્ઠાન ઉધાર નથી
૧૧. વિજ્ઞાન અને આધ્યાત્મિકતા
૧૨. આધ્યાત્મિકતા અપ્રિય કેમ છે.
૧૩. જીવનની કળા
૧૪. ઈશ્વર સ્મરણનો આધાર
૧૫. એકાદશી-વ્રતથી વૈકુંઠ
૧૬. સેવા અને આધ્યાત્મિકતા
૧૭. સાચું ધર્માચરણ
૧૮. સનાતનધર્મનું રહસ્ય
૧૯. માનવતાની માનજત
૨૦. સાચા સંતોને ઓળખતાં શીખો
૨૧. ચાર પ્રકારના માણસો
૨૨. જ્યોતિને જાગ્રત કરો
૨૩. પૃથ્વી પરનું સ્વર્ગ
૨૪. બીજાને માટે જીવવાનો મહામંત્ર
૨૫. જીવનધ્યેયની વિસ્મૃતિ
૨૬. જીવતાનું વધારે ધ્યાન રાખો.

* * * * *

## ૧. જીવનને નવો આકાર આપો

માણસનું જીવન આજે કેવું થઈ ગયું છે ને થતું જાય છે, તેનો શાંતિથી વિચાર કરવાનો વખત જ માણસ પાસે ક્યાં છે ? જીવન આખું યાંત્રિક બની ગયું છે, અને એમાં શાંતિથી બેસવાનો તથા વિચારવાનો વખત પણ ભાગ્યે જ મળે છે. કોઈક ભાગ્યશાળી માણસને એવો અવકાશ મળતો હોય તો ભલે, બાકી મોટાભાગના માણસોની તો એ જ સ્થિતિ છે. ગામડાઓમાં તો હજુ કાંઈક પણ ઠીક છે, પરંતુ શહેરમાં જુઓ તો દોડધામ અને અશાંતિ વિના બીજું કાંઈ જ નથી દેખાતું. મુંબઈ, કલકત્તા, લખનૌ ને દિલ્હીમાં શહેરોની પરિસ્થિતિ એવી જ છે. તેમાં રહેનારો માણસ જે રીતે ચાલે છે, હરે છે, ફરે છે, ખાય છે, સુવે છે, ને બોલે છે તેનું તટસ્થ રીતે નિરિક્ષણ કરો તો સમજાશે કે જીવનમાં અવ્યવસ્થા, ઉતાવળ અને અશાંતિ વધી પડી છે, અને પ્રજા પ્રવૃત્તિ ને પ્રવૃત્તિના જપ જપવા માંડી છે.

પ્રવૃત્તિ કાંઈ ખરાબ નથી, આવશ્યક છે. જીવનના જટિલ જંગમાં જવાંમર્દની જેમ ઝઝૂમવા ને સહીસલામત રીતે પાર ઉતરવા પ્રવૃત્તિનો આશ્રય લેવો જ જોઈશે. એ વિના જીવી નહિ શકાય અને આગળ પણ નહિ વધી શકાય. આજના ભીષણ જીવનસંગ્રામમાં પોતાના તથા પોતાની સાથે સંકળાયેલા બીજાનાં જીવનને સૂત્રમય, સરળ ને સુરક્ષિત કરવા માટે, પોતાની શક્તિ, રુચિ અને અનુકૂળતા પ્રમાણેની પ્રવૃત્તિ કરવી જ પડશે. પ્રવૃત્તિનો અનાદર કર્યે નહિ ચાલે. પરંતુ એ પ્રવૃત્તિ જ્યારે યાંત્રિક બની જાય, વિવેકશક્તિ, સમજ કે સદ્દબુદ્ધિને નેવે મૂકીને થાય, માનવતાથી વંચિત બનીને કરવામાં આવે, જીવનના રસ અથવા આનંદને મારી નાખે, જીવનનાં ધ્યેયને ભૂલાવી દે, તેમજ જીવનમાં અસ્થિરતા અને અશાંતિ ઉભી કરે ત્યારે એ પ્રવૃત્તિને પ્રસશ્ય ના કહેવાય. એની સામે લાલબત્તી ધરવી પડે, ને એનું પૃથક્કરણ અથવા તો એનો પુર્નવિચાર કરવાની ફરજ પાડવી પડે. એવી વિવેક વગરની જડ પ્રવૃત્તિ માણસને મદદરૂપ ના થઈ શકે, એના જીવનમાં પ્રાણ ન રેડી શકે, જીવનને અવનવું અને અર્થવાળું ન બનાવી શકે અને જીવનમાંથી રસને લૂંટી લે. માણસ એવી પ્રવૃત્તિની મદદથી ધન કમાય, વૈભવ વસાવે, મોટર ને મકાનવાળો થાય, ને કદાચ પદવી કે પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરે, પરંતુ એ શાંતિથી સુઈ ન શકે, શાંતિથી ઊઠી, બેસી, ચાલી, જમી ને વિચારી ન શકે. એ પ્રવૃત્તિને પરિણામે બીજું બધું પ્રાપ્ત થાય પરંતુ મનની સ્વસ્થતા, સ્થિરતા કે શાંતિ ન મળે, તો એવી પ્રવૃત્તિને શું કરવાની? એવી પ્રવૃત્તિ દોષવાળી તેમજ સંશોધનપાત્ર છે એમાં સંદેહ નહિ.

મોટા શહેરોમાં માણસોને જોયા છે ? ત્યાં માણસના જીવનમાં આવા કેટલાંય કરુણ ચિત્રો જોવા મળે છે. ગરીબ ને તવંગર, છતવાળા અને અછતવાળા, બધાની અવસ્થા આંતરિક અશાંતિની દ્રષ્ટિએ જોતાં લગભગ એકસરખી જોવા મળે છે. એટલે પ્રવૃત્તિને તિલાંજલી આપવાની વાત હું નથી કરતો, કરી શકું પણ નહિ. જીવનના ધારણપોષણ તથા સમાજની સુખાકારી માટેની જરૂરી પ્રવૃત્તિ જીવનમાં ભલે રહી: ફક્ત એ પ્રવૃત્તિએ બૂઝાવી દીધેલ સદ્દબુદ્ધિની જ્યોતિને જાગ્રત કરવાની અને છીનવી લીધેલી શાંતિને ફરી સંસ્થાપવાની જરૂર છે. જીવનમાં એ જ્યોતિ જાગ્રત થાય તો પ્રવૃત્તિ જડ રહેવાને બદલે ચેતનમયી સાધના બની જાય, અને એ આંતરિક શાંતિની સંસ્થાપના થાય તો જીવનનું સાર્થક્ય થાય. નૂતન વરસના ઉપલક્ષમાં સૌને સુખ, શાંતિ ને સમૃધ્ધિની પ્રાપ્તિની જે ભાવના કરવામાં આવે છે એની પાછળ આ રહસ્ય રહેલું છે.

કેવળ સાંસારિક સમૃદ્ધિ જ સાચી ને સંપૂર્ણ સમૃદ્ધિ નથી, સદ્દબુદ્ધિ પણ સમૃદ્ધિ છે અને સાચા અર્થમાં સુખી થવા તથા શાંતિ મેળવવા એની પણ આવશ્યકતા છે.

માણસના જીવનનું નિરીક્ષણ કરતાં બીજી કયી વસ્તુ નજર સામે તરી આવે છે ? માણસ વધારે ભાગે એકલપેટો થતો જાય છે. પોતાનું સંભાળી લેવાની વૃત્તિ વધતી જાય છે. બીજાનું ગમે તે થાય પણ પોતે સમૃદ્ધિશાળી બનવું, અને બીજાના ભોગે પણ સમૃદ્ધશાળી બનવું, એ યુગધર્મ છે અને એમાં કાંઈ જ ખોટું નથી એવા વિચારો અને એ વિચારોને અનુરૂપ વર્તનમાં અભિવૃદ્ધિ થતી જાય છે. બને તેટલું કમાવું અને ગમે તે રીતે કમાવું તથા જેવો શક્ય હોય તેવો આનંદ કરવો એવી માન્યતા વ્યાપક બની ગઈ છે. પોતાનું સંભાળવાની વૃત્તિ સાવ ખરાબ છે એવું નથી સમજવાનું. કેટલેક અંશે એવી વૃત્તિ ઉપકારક પણ ઠરતી હોય છે. પરંતુ એવી વૃત્તિ જ્યારે બીજા પ્રત્યે સંપૂર્ણ આંખમીંચામણાં કરે અને બીજાના ભોગે, બીજાને બરબાદ કરીને પોષણ પામે, ત્યારે અનુપકારક બને છે, અથવા અભિશાપરૂપ ઠરે છે. માણસોમાં એવી વૃત્તિ વધી રહી છે, અને બધા જેમતેમ સમૃદ્ધ થવાની કે પોતાનો ભંડાર ભરવાની હોડમાં પડ્યા છે. એ હોડનો કોઈ અંત જ નથી. હજારવાળા લાખના ને લાખવાળા કરોડના લક્ષ્યાંક તરફ આગળ વધતા જાય છે.

ચારે તરફ જ્યાં આવો જ પવન ફૂંકાતો હોય ત્યાં રાષ્ટ્રીય હિતની, સામાજિક ઉત્કર્ષની તથા તેને માટેની સમર્પણભાવ કે ત્યાગની તો ભાવના જ કોણ રાખે ? તેની વાતો કદાચ કરી નાખે, પરંતુ વર્તનમાં તો મીંડુ જ રહેવાનું. આવી પ્રજા કેવી રીતે બેઠી થઈ શકે ? બેઠા થવા કે સમૃદ્ધિશાળી બનવા માટે તો પોતાની સાથે બીજાનો વિચાર પણ કરવો જોઈએ, એકલપેટા વૃત્તિ છોડવી જોઈએ. પરંતુ આજે પરિસ્થિતિ કેવી દેખાય છે ? રાષ્ટ્ર કે સમાજની વાત બાજુએ મૂકીએ ને ઘર કે કુટુંબની વાત કરીએ તો પણ પરિણામ ભાગ્યે જ સંતોષકારક દેખાય છે. ઘર ને કુટુંબમાં આજથી થોડા વરસો પહેલાં જે પ્રેમ હતો, મીઠાશ હતી, સંપ તથા સહકાર ને સ્વાર્પણની ભાવના હતી તે આજે ક્યાં દેખાય છે ? સંતાન ને માતા-પિતા, ભાઈ ને બેન તથા બીજા સંબંધીઓમાં સ્નેહભાવ કેટલો રહ્યો છે ? કુંવારો છોકરો માબાપની સંભાળ રાખે પણ પરણ્યા પછી માબાપની સામે પણ ન જુએ, ને કેટલાક સંજોગોમાં તો માબાપની સાથે સંબંધ ના રાખવાની તૈયારી બતાવે પછી જ પરણી શકે, એવા ઉદાહરણો લગભગ સર્વસામાન્ય બનવા માંડ્યાં છે. આવી પરિસ્થિતિ કેમ છે તે જુદી વાત છે, પરંતુ એ પરિસ્થિતિનો ઘર, કુટુંબ ને સમાજની સુખાકારી માટે તથા માનવતાને મરતી બચાવવા કાજે અંત લાવવો પડશે.

ત્રીજી ગંભીર ને નોંધપાત્ર હકીકત માણસ બર્હિમુખ બનતો જાય છે ને બહારના વિષયોમાં દોડતો જાય છે તે છે. સંસારના વિષયોનો ને સાંસારિક સુખનો મોહ વધતો જાય છે. માણસ વિષયલોલુપ બનતો જાય છે. શરીરના આકર્ષણ, મમત્વ, ભોગ ને શૃંગારમાં માણસ બંધાતો જાય છે, તેના પરિણામરૂપે એ આત્માવિમુખ બનતો જાય છે. એની ભૂખ ભારે છે પરંતુ તે શાંત નથી થતી ને એને શાંતિ પણ નથી મળતી. કેવી રીતે મળે ? ઉપનિષદે તો કહ્યું છે કે **यदवै भूमार तत्सुखम्** જે ભૂમા કે વિશાળ છે, મહાન છે, તે પરમાત્મામાં જ સુખશાંતિ છે, સંસારના અલ્પજીવી વિષયોમાં નથી. એટલે શાંતિને માટે પરમાત્માની પાસે પહોંચવું પડશે. સંસારમાંથી મનને ઉપરામ કરવું રહેશે. વળી ભૂમા એટલે વિશાળતાના ઉપાસક થવું પડશે. સંકુચિતતા, કટુતા, સ્વાર્થ અને એકલપેટાપણા જેવી માણસને અલ્પ અથવા તો નાનો બનાવી દેનારી

વૃત્તિનો ત્યાગ કરીને, ઉદારતા, નિ:સ્વાર્થતા, સ્નેહ ને સેવાભાવની મૂર્તિ બનવું પડશે. ત્યારે જ મહાન બની શકાશે અને શાંતિ મેળવી શકાશે. પણ એવી મહાનતા તથા શાંતિની પડી છે કોને? એટલે તો ગાડી આજે બીજી દિશામાં ચાલે છે. એ દિશામાં સંતૃપ્તિનાં નહિ પરંતુ વેદનાના વમનનાં, ને શાંતિના નહિ પરંતુ અશાંતિના સ્ટેશનો આવ્યા કરે છે. જીવન જીવાય છે ખરું, પણ જીવન શાને માટે છે ને જીવનમાં શું કરવાનું ને કરવા જેવું છે તેનું વિસ્મરણ થઈ ગયું છે. જીવન ધ્યેયનો ખ્યાલ જ નથી રહ્યો એમ કહીએ તો ચાલે.

આ બધી હકીકત ઉત્સાહજનક અથવા અભિનંદનીય થોડી જ છે ? માટે જ કહું છું કે જીવનની સુખશાંતિ ને સફળતામાં રસ હોય તો બધા આવો. નવા સંકલ્પો કરો, નવો કાર્યક્રમ બનાવો ને જીવનને નવો આકાર આપવા તૈયાર થાવ. મક્કમ નિરધાર, ખંત અને એકધારો પુરુષાર્થ હશે તો કોઈયે વસ્તુ અશક્ય નહિ રહે.

*   *   *   *   *

## ૨. નામસ્મરણ

કલિયુગ કૂડો અને રંગે રૂડો છે. એમાં દોષો, દૂષણો, આકર્ષણો, પ્રલોભનો, પીડાઓ, પરિતાપો, ભયસ્થાનોનો પાર નથી.

એમાંય જીવન અલ્પ, અતિશય અલ્પ, અને એ પણ વાયુ વેગે વહી જનારું છે. પાણીના પ્રમત્ત પ્રમાથિ પ્રવાહની પેઠે પ્રબળવેગે પ્રવાહિત થનારું છે. એનો અધિકાંશ ભાગ શૈશવાવસ્થાની ક્રીડામાં, યુવાવસ્થાના મોહમાં, વૃદ્ધાવસ્થાની દીનહીન અસહાય અવસ્થામાં, વિપત્તિ-વ્યાધિ-વેદનામાં વીતી જાય છે. એટલે જેને જીવન, જાગૃતિપૂર્વકનું, સમજ સાથેનું, જીવન કહીએ એવું જીવન અતિશય અલ્પ-સ્વલ્પ છે.

એવા જીવનમાં આત્મકલ્યાણનું કયું સાધન કરી શકાય ? ભગવાનના નામસ્મરણનું. નામસ્મરણનું સાધન સરળ, સીધું, સારવાહી, અત્યંત અસરકારક, આશીર્વાદરૂપ અને અમોઘ છે, સર્વે સાધનોના સારરૂપ છે. શાસ્ત્રો જણાવે છે કે સત્યયુગમાં ધ્યાનથી, ત્રેતાયુગમાં યજ્ઞયાગથી, દ્વાપરમાં સેવા અને આરાધનાથી ઈશ્વરપ્રાપ્તિ થઈ શકતી ને જીવનનું પરમ સાર્થક્ય સધાતું, પરંતુ કલિયુગમાં તો ભગવાનના નામસ્મરણ કે નામસંકીર્તનથી એ હેતુની સિદ્ધિ થાય છે. કલિયુગમાં કેવળ નામનો જ આધાર છે, બીજી કોઈ જ ગતિ નથી, શક્તિ કે સાધનસામગ્રી નથી. કલિયુગ જેવો સ્વલ્પ સાધને મહાન ફળ આપનારો, ઓછી મૂડીએ મોટો નફો કરાવનારો બીજો કલ્યાણકારક યુગ નથી. એ દરમિયાન ભગવાનના નામનો ગુણાનુવાદ કરવાથી સંસારને અનાયાસે પાર કરી શકાય છે.

નામના સ્મરણની સાથે ઈશ્વરના શરણની સદ્દભાવના સંકળાયેલી છે. એમાં પરમેશ્વરની પતિતપાવન પ્રીતિનો પારાવાર પડેલો છે. શ્રદ્ધા-ભક્તિની સુંદર શાંતિમયી સુધાપ્રદાયિની સરવાણી સમાયેલી છે. સ્મરણની સાથે એકાગ્રતા આવે છે, આનંદ અનુભવાય છે, પરમાત્માની પરાત્પર ચેતના સાથે સંબંધ બંધાય છે, અનુસંધાન સધાય છે.

નામસ્મરણ એકાગ્રતા સહિત કરાય કે એકાગ્રતા સિવાય કરવામાં આવે, સમજીને થાય કે સમજ્યા વિના થાય, રસપૂર્વક કરવામાં આવે કે રસ વિના, ભાવે કે કભાવે કરાય તો પણ નિરર્થક નથી થતું, નિષ્ફળ નથી જતું, શ્રેયસ્કર ઠરે છે. સ્મરણ કરતાં કરતાં કાળાંતરે રસ જાગે છે, જ્ઞાન પ્રગટે છે, ભાવ જન્મે છે, એકાગ્રતા અનુભવાય છે, પ્રેમ પ્રબળ બને છે, અને એવા અન્ય અનેક લાભ થાય છે. માટે બીજાં સાધનોની ચિંતા તથા ભ્રમણામાં પડ્યા વિના નામસ્મરણ કરતા રહેવું.

### ભક્તિનું રહસ્ય

આપણે ભગવાનમાં વિશ્વાસ રાખીએ છીએ અને ભગવાનની ભક્તિ કરીએ છીએ એની સાથે આપણી જવાબદારી, આપણું ઉત્તરદાયીત્વ વધે છે. આપણે અમુક માર્ગે જ આગળ વધવું જોઈએ અને અમુક માર્ગે આગળ ના વધવું જોઈએ, અમુક જાતનું જીવન જીવવું જોઈએ અને અમુક જાતનું જીવન ના જીવવું જોઈએ, એવી અપેક્ષા રાખવામાં આવે છે. એવી અપેક્ષા આપણો અંતરાત્મા અને આપણી આસપાસનો સમાજ બંને રાખે છે. કોઈવાર એ અપેક્ષાને આપણે સંતોષી શકીએ છીએ તો કોઈવાર નથી સંતોષી શકતા. એના પરિણામે જો સમજુ હોઈએ તો અસંતોષ અનુભવાય છે.

આપણે ભક્ત તરીકે તિલક કરીએ, કંઠી બાંધીએ, માળા જપીએ, સ્તોત્રપાઠ કરીએ, દેવદર્શન તીર્થાટન કે ધર્મગ્રંથોનો આધાર લઈએ એટલું જ પૂરતું નથી. આપણે શુદ્ધ બનતાં, સદાચારી તથા સત્કર્મપરાયણ થતાં, અને સંવેદનશીલ બનતાં શીખવાનું છે. સંસારમાં આપણા પરમારાધ્ય પરમાત્માના દૈવી સ્વરૂપની ઝાંખી કરીને સૌને સુખશાંતિ પહોંચાડવા તથા ઉપયોગી થવા તૈયાર રહેવાનું છે. ભૂલેચૂકે પણ કોઈનું કૂડું તો ના જ કરાય, કોઈનું શોષણ તો ના જ થાય, કોઈને અન્યાય, અનીતિ, અનાચારના શિકાર ના બનાવાય, તેનું ધ્યાન રાખવાનું છે. ભક્ત બનવું એનો અર્થ માનવ મટી જવું એવો નથી થતો પરંતુ આદર્શ માનવ બનવું એવો થાય છે. એ યાદ રાખીને આદર્શ માનવ બનવાની દિશામાં દિનપ્રતિદિન ચોક્કસ ચાલે આગળ વધવાનું છે.

ભક્ત પોતાની જાતને બે પ્રશ્ન જરૂર પૂછે : ભગવાનને શું ગમશે અને ભગવાનને શું નહિ ગમે ? તો એનો જીવનપથ, સાધનાપથ સરળ બની જશે, ભ્રાંતિરહિત થશે. ભગવાનને ચોરી, હિંસા, અનૃત, વ્યભિચાર, છળકપટ, શોષણ, દુરાચાર નહિ ગમે, તો પછી એમનો આધાર ભુલેચૂકે પણ ના લેવાય. એમાંથી પાછા વળવાની પ્રવૃત્તિ પ્રારંભવી જોઈએ. ભગવાનને સદ્દગુણો, સદ્દવિચારો, સત્કર્મો ગમશે, દાન ગમશે, સેવા ગમશે, સંયમ તથા પવિત્રતા પસંદ પડશે, તો પછી એમનો આધાર લેવો જોઈએ. એથી ભક્તને પોતાને ને બીજા બધાને લાભ પહોંચશે. એવી ભક્તિ સુખકારક, શાંતિદાયક, સંતોષપ્રદ, આશીર્વાદરૂપ બનશે.

આપણા એક ભક્તકવિએ ભક્તિના એવા જીવનોપયોગી રહસ્યને વર્ણવતાં પોતાની સરળ છતાં રસમય ભાષામાં લખ્યું છે:

હરિજન હોય તેણે હેત ઘણું રાખવું,
નિજ નામ ગ્રાહી નિર્માત રહેવું;
ત્રિવિધના તાપ તે જાપ જરણા કરી,
પરહરિ પાપ રામનામ લેવું.
સૌને સરસ કહેવું, પોતાને નરસ થવું,
આપ આધિન થઈ દાન દેવું.
મન કરમ વચને કરી નિજ ધર્મ આદરી,
દાતા ભોક્તા હરિ એમ રહેવું.
અડગ નવ ડોલવું, અધિક નવ બોલવું,
ખોલવી ગૂજ તે પાત્ર ખોળી;
દીન વચન દાખવું, ગંભીર મતું રાખવું,
વિવેકીને વાત નવ કરવી પહોળી.
અનંત નામ ઉચ્ચારવું, તરવું ને તારવું,
રાખવી ભક્તિ તે રાંક દાવે,
ભક્ત ભોજો કહે ગુરુપરતાપથી
ત્રિવિધના તાપ ત્યાં નિકટ ના'વે.

એનો સૂચિતાર્થ સ્પષ્ટ છે. ભગવાનની ભક્તિથી શું નથી થતું અથવા શું નથી મળતું ? ભક્તિરૂપી કામધેનુના સેવનથી સઘળા શુભ હેતુ સિદ્ધ થાય છે, આ લોક અને પરલોકનો એવો કોઈ પદાર્થ નથી જેની પ્રાપ્તિ ભક્તિ દ્વારા ના થાય. એને માટે કેવળ ભક્તની ઈચ્છા હોવી જોઈએ. ભક્તિ ભક્તને નિર્વાસનિક કે ઈચ્છારહિત પણ બનાવે છે. આત્મજ્ઞાન આપે છે, વૈરાગ્યને જગાવે છે ને વધારે છે, મનને સ્થિર અથવા એકાગ્ર કરે છે, સમાધિ બક્ષે છે, જુદી જુદી સિદ્ધિઓ પ્રદાન કરે છે, ને ભગવાનના દૈવી દર્શનનો દેવદુર્લભ લાભ આપીને જીવનને પ્રસન્ન, પ્રશાંત, પરમ પવિત્ર, પૂર્ણ, મુક્ત ને કૃતાર્થ કરે છે.

જેણે ભક્તિની સર્વશ્રેયસ્કર સર્વોપરી સાધનાનો સમાશ્રય લીધો એને અન્ય એકે સાધનાનો આધાર નથી લેવો પડતો. ભક્તિની એક જ સાધના જીવનના આત્મિક અભ્યુત્થાનને માટે પર્યાપ્ત થઈ પડે છે. હાથીના પગલામાં સઘળાં પગલાં સમાઈ જાય છે **सर्वे पदं हस्तिपदे निमरनम्** એ ઉક્તિની જેમ, ભક્તિની સર્વસારગર્ભિત સાધનામાં બીજી બધી જ મહત્વની સાધનાઓ સમાઈ જાય છે.

ભક્તિરૂપી કામધેનુનું સેવન સર્વકાળે સર્વપ્રકારે સૌને સારુ શ્રેયસ્કર ઠરે છે.

* * * * *

## ૩. સપ્તાહોથી લાભ

આપણે ત્યાં ભાગવત સપ્તાહની યોજના કરવા કરાવવાનો પવન જોરશોરથી ફૂંકાતો જાય છે. અધિક માસ દરમિયાન તો ભાગવત સપ્તાહનું આયોજન ઠેર ઠેર થઈ ગયું, ઠેકઠેકાણે ભાગવતની કથા સપ્તાહના સ્વરૂપમાં શરુ થઈ અને હરખઘેલાં ધર્મભાવનાવાળાં સ્ત્રી પુરુષો એનો લાભ લેવા માટે એકઠાં થયાં. સારી વાત છે. સપ્તાહરૂપે ભાગવત જેવા ભક્તિપ્રધાન ધર્મગ્રંથોનું શ્રવણ, મનન કે પારાયણ થાય અથવા તો એના જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવે એ ઉપર ઉપરથી જોતાં બધી રીતે ઈચ્છનીય અને લાભકારક જ છે. છતાં પણ એવાં વિશાળ પાયા પર યોજાતી જાહેર સપ્તાહોથી સાચેસાચો લાભ કેટલો થાય છે તથા કોને થાય છે એ ખાસ વિચારવા જેવું છે.

રાજા પરીક્ષિતને સાતમે દિવસે તક્ષક નાગ કરડશે અને એથી એનું મૃત્યુ થશે એવો શાપ મળવાથી, સંસારના સઘળા પદાર્થોમાંથી મનને પાછું વાળી લઈને, સાતમે દિવસે તક્ષક નાગ કરડે તે પહેલાં મુક્તિ મેળવવાનો એણે સંકલ્પ કર્યો. પરંતુ એ સંકલ્પની પૂર્તિ એકલે હાથે કેવી રીતે થઈ શકે ? એ માટે કોઈક માર્ગદર્શક જોઈએ એના સદ્દભાગ્યે એને સંતશિરોમણિ શુકદેવનો મેળાપ થયો અને શુકદેવની કૃપાથી એને પરમ જ્ઞાન તથા પરમાત્માની નિષ્ઠાની પ્રાપ્તિ થવાથી મુક્તિનો આનંદ મળી ગયો. એવી રીતે જીવને અજ્ઞાનરૂપી તક્ષક નાગ કરડેલો છે. એને માથે કાળ ભમ્યા કરે છે. એ નાગની વિઘાતક અસરમાંથી છૂટવાની એ ઈચ્છા રાખે અને શુકદેવજી જેવા માર્ગદર્શકને મેળવી શકે તો એની સંસાર પ્રત્યેની આસક્તિ છૂટી જાય, એનાં બંધનો તૂટી જાય, અને એનું જીવન તથા મરણ બંને ધન્ય થાય. પરંતુ બંધનોમાંથી મુક્તિ મેળવવાની એવી અદમ્ય ઈચ્છા એની અંદર ઉત્પન્ન થાય ત્યારેને ? ત્યારે એવી અવસ્થાની અનુભૂતિ એને થઈ શકેને ? ભાગવતના શ્રવણમનનનું ફળ એવી અવસ્થાની પ્રાપ્તિ છે.

ભાગવતમાં ઈશ્વરના જુદા જુદા અવતારોની કથાઓ અને ઈશ્વરના મહાપ્રતાપી પરમભક્તોની હકીકત આવે છે. નારદ, ઉદ્ધવ, વિદુર, ધ્રુવ, ગજેન્દ્ર, ગોપીઓ, જડભરત તથા દત્તાત્રેય અને અજામિલ, પ્રહલાદ જેવા ભગવદ્દભક્તોના જીવનપ્રસંગો આવે છે. તે સૌ ભગવાન થઈ ચૂકેલા. રાજા પરીક્ષિત અને શુકદેવ પણ ભાગવત એટલે કે ભગવાનના બની ચૂક્યા હતા. એટલા માટે જ એમની ઘટનાઓનું વર્ણન કરતા એ મહાગ્રંથને ભાગવત કહેવામાં આવે છે. એ ગ્રંથનો સ્વાધ્યાય કરીને માણસે પોતે ભાગવત એટલે કે ભગવાનના થવાનો સંકલ્પ અને એને અનુસરતો પ્રયાસ કરીને સાચા અર્થમાં ભાગવત થવાનું છે. ભાગવત સપ્તાહનું પણ સાચું ફળ એ જ હોઈ શકે : સંસારની કામના, લાલસા તથા વાસના તેમજ અહંતા, મમતા, આસક્તિ અથવા રાગદ્વેષમાંથી મુક્તિ; સ્વાર્થ, સંકુચિતતા, અનીતિ, અન્યાય અને છળકપટમાંથી છુટકારો.

એવો છુટકારો અથવા એવી મુક્તિ મેળવવાની ઈચ્છા અને ઉત્કટ ઈચ્છા કોને છે ? પરીક્ષિતને એવી ઈચ્છા હતી એટલે શુકદેવનો સંસર્ગ એને માટે કલ્યાણકારક થઈ પડ્યો, પરંતુ જે સપ્તાહ કરાવે છે એમની અંદર એવી ઈચ્છા ભાગ્યે જ હોય છે. એ તો મોટે ભાગે કોઈ મૃત સંબંધીની સદ્દગતિ કરાવવાની ઈચ્છાથી, દેખાદેખીથી, અને કોઈકવાર તો અહંભાવનાને સંતોષવાની વૃત્તિથી પ્રેરાઈને, સપ્તાહ કરાવે છે. એટલે ભાગવત સપ્તાહનો જે સાચો લાભ થવો જોઈએ એ એમને નથી થઈ શકતો. શ્રોતાઓ પણ મોટે ભાગે

ભાગવત શ્રવણના મહિમાથી જાદુઈ રીતે આકર્ષાઈને કાનને પવિત્ર કરવા માટે અથવા તો કથાશ્રવણથી પુણ્ય થશે એમ માનીને આવતા હોય છે. અને કથાકાર કે વક્તા પણ શુકદેવની પેઠે પરમાત્મભાવમાં પ્રતિષ્ઠિત થઈને બીજાના મંગલને માટે કથા કરે છે એવું ભાગ્યે જ બનતું હોય છે. એનો ઉદ્દેશ પણ જ્યાં મુખ્યત્વે દ્રવ્યોપાર્જનનો, પ્રતિષ્ઠા-પ્રાપ્તિનો કે એવો જ બીજો લૌકિક હોય ત્યાં જોઈએ તેટલો લાભ ક્યાંથી મળે ? અલબત્ત, સપ્તાહોથી કેટલાને ધન અને અન્ન મળે છે, અને બીજા કેટલાકને જ્ઞાનપ્રાપ્તિનો અવસર પણ આવી મળે છે, પરંતુ એ અવસરનો પૂરેપૂરો લાભ ઉઠાવાય અને જીવનની શુદ્ધિને માટે લાભ ઉઠાવાય તો જ તે જીવનોપયોગી બની શકે.

સપ્તાહો આવે છે ને જાય છે, જ્ઞાનયજ્ઞો પણ યોજાય છે ને પૂરા થાય છે, છતાં પણ એથી જોઈએ તેટલો લાભ નથી થઈ શકતો. કારણ કે એનો લાભ લઈને માણસ પોતાની પ્રકૃતિનો પલટો કરવા, પોતાનો સ્વભાવ સુધારવા તૈયાર નથી થતો. પોતાની નબળાઈ અને એ નબળાઈનો નાશ કરવાની અનિચ્છા અથવા અશક્તિને લીધે એ જ્યાં હોય છે ત્યાં જ પડ્યો રહે છે. કથાઓ સપ્તાહો કે જ્ઞાનયજ્ઞોથી એ રીઢો થઈ ગયો છે એમ કહીએ તો ચાલે. આ પરિસ્થિતિ ઘણી જોખમી છે, અને એનો અંત આણવાની જરૂર છે. પ્રત્યેક ધર્માનુષ્ઠાનમાંથી બળ મેળવીને જીવનને ઉજ્જવળ કરવાની માણસની નેમ હોવી જોઈએ. તો જ એ ધર્માનુષ્ઠાન લાભકારક થઈ શકે અથવા તો અમર બની શકે. સપ્તાહોને એવા વિશાળ સંદર્ભમાં જોવાં જોઈએ.

* * * * *

## ૪. દક્ષ પ્રજાપતિની યજ્ઞકથા

દક્ષ પ્રજાપતિના યજ્ઞની કથા જાણીતી છે. આપણે એને અનેક વાર સાંભળી છે, વાંચી છે. શ્રીમદ્ ભાગવતના ચતુર્થ સ્કંધમાં એને વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવી છે. દક્ષ પ્રજાપતિએ કરેલા મહાયજ્ઞમાં બીજા બધાં જ દેવતાઓનો યજ્ઞભાગ રાખવામાં આવેલો. બીજા બધાના આદરણીય આસનો રખાયેલા, પરંતુ પોતાના સ્વજન જેવા સર્વેશ્વર સૃષ્ટિના પરમારાધ્ય ભગવાન શંકરની અવજ્ઞા કરાયેલી. એમને માટે એક પણ આસન નહોતું રખાયું. સતીથી એ કરુણ અવહેલનાયુક્ત પરિસ્થિતિ સહન ના થઈ. દક્ષ પ્રજાપતિ દ્વારા પ્રાપ્ત શરીરને સાચવીને જીવનનો આનંદ અનુભવવા કરતાં મૃત્યુને ભેટવાનું એને વધારે સારું, શ્રેયસ્કર લાગ્યું. એણે યોગાગ્નિ દ્વારા પોતાના પાર્થિવતનુને ત્યાગી દીધું ત્યારે મંડપમાં હાહાકાર થઈ રહ્યો. ભગવાન શંકરે મોકલેલા વીરભદ્રે તથા અન્ય પાર્ષદોએ યજ્ઞમંડપનો નાશ કર્યો. યજ્ઞ અધૂરો રહ્યો.

એક સદ્ગૃહસ્થ એકવાર મને એમના મકાનમાં લઈ ગયાં. મકાન એમણે તાજેતરમાં જ ને નવું જ બનાવેલું. મને એના વિવિધ ખંડોમાં ફેરવતાં એમણે કહેવા માંડ્યું, આ મકાન ઈશ્વરની કૃપાથી થયું. આ મારો રૂમ. આ મારી પત્નીનો. આ મારા છોકરાનો, આ બાજુનો મારી છોકરીનો. આ કોઠાર ને રસોડાનો, અને આ રૂમ અતિથિ અભ્યાગતનો, તમારા જેવા માનનીય મહેમાનોનો રૂમ. આ આગળનો ડ્રોઇંગ રૂમ. મુલાકાતીઓનો સ્પેશિયલ રૂમ. કેમ ! મારું મકાન કેવું લાગ્યું? તમને એની ગોઠવણ ગમી ?

મેં કહ્યું, ગમી તો ખરી. અને ના ગમે તો પણ શું ? મકાન તમારું છે એટલે તમને યોગ્ય લાગે તેમ તેની વ્યવસ્થા કરી શકો. મારે તો માત્ર એટલું જ જાણવું છે કે આ મકાનમાં બીજા બધાના રૂમ છે, અમારા જેવા માનનીય મહેમાનોનું ને મુલાકાતીઓનું પણ તમે ધ્યાન રાખ્યું છે, પણ કોઈ રૂમ ઈશ્વરને માટે, ધર્માનુષ્ઠાન, સત્સંગ, જપ-તપ-ધ્યાન-સ્વાધ્યાય કે પૂજા-પાઠને માટે રાખ્યો છે ? જેની કૃપાથી આ મકાન મળ્યું એ ઈશ્વરને માટે, સર્વેશ્વરને માટે કોઈ રૂમ જ નહીં ? એ ભાઈ વિચારમાં પડ્યા ને બોલ્યા : ઈશ્વરનો તો સારો સંસાર છે, મારું આખું મકાન એમનું જ છે. મેં પૂછ્યું કે એ રહેવા આવે તો તમે તમારું મકાન ખાલી કરી આપો ખરા ? એમણે તરત જ જણાવ્યું કે એમને રહેવાની ક્યાં કમી છે ? આખું બ્રહ્માંડ એમનું જ છે.

જીવનના મકાનમાં, જીવનના મંગલમય મહાયજ્ઞમાં, દક્ષ પ્રજાપતિની અને પેલા સન્માનનીય સદ્ગૃહસ્થની જેમ, આપણે બીજા બધાને આસન આપીએ છીએ, બીજા બધાનો ભાગ નક્કી કરીએ છીએ, પતિનો, પત્નીનો, પુત્રપરિવારનો, મિત્રોનો સૌનો- પરંતુ જે આપણાં પ્રાણની પણ પાસે છે, આત્માના અધિશ્વર છે, જેમના પર જીવનનો ને સુખ-શાંતિનો આધાર છે, તે ભગવાનનો ભાગ રાખીએ છીએ ખરા ? એ પરમ પ્રેમમય પરમાત્માને યાદ કરીને જીવનમાં, આપણાં અંતરમાં, એમનું સન્માનનીય સ્થાન સુરક્ષિત રાખીએ છીએ ખરા ? જીવનમાં, આપણાં અંતરમાં એમનું આસન પણ જોઈએ. એમની પ્રીતિ, મમતા, આસક્તિ હોવી જોઈએ. જીવનના યજ્ઞમાં બીજું બધું જ હોય પરંતુ એમનો અનુરાગ ના હોય, તો દક્ષ પ્રજાપતિના યજ્ઞની જેમ એ યજ્ઞની કિંમત પણ કશી ના રહે. એ યજ્ઞ આપણું શ્રેય ના સાધી શકે. દક્ષ પ્રજાપતિની યજ્ઞકથા એ સંદેશ પૂરો પાડે છે.

* * * * *

## ૫. અનન્ય ભક્તિભાવ

અનન્ય શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને સંસારમાં માનવો જુદા જુદા કર્મોમાં સફળતા મેળવે છે. વૈજ્ઞાનિક પોતાની પ્રયોગશાળામાં દિવસો સુધી સ્વેચ્છાપૂર્વક કેદ બને છે, પ્રયોગો કરે છે, અને અંતે ધારેલી સિદ્ધિની પ્રાપ્તિ કરે છે. પર્વતો પર આરોહણ કરનારા પુરુષો મક્કમ મનથી, યુક્તિપ્રયુક્તિથી, ક્રમશઃ આગળ વધે છે ત્યારે આખરે વિજયી બને છે. એવરેસ્ટના શિખરને સર કરવા માટે કેટલાય માનવીએ પ્રયત્નો આરંભ્યા. એમાંના કેટલાય એ પુરુષાર્થની પાછળ ફના થઈ ગયા, કેટલાય ગ્લેસિયર્સમાં વહી ગયા, તો પણ માનવની પ્રચંડ ઈચ્છાશક્તિ અને સાહસવૃત્તિ મરી નહીં. એક દિવસ એનો વિજય થયો અને એણે અજેય મનાતા એવરેસ્ટ પર વિજયધ્વજ ફરકાવ્યો. અદ્દભુત શ્રદ્ધા-ભક્તિથી અને અવિરત પુરુષાર્થથી શું નથી થતું ? જંગલી જનાવરોને વશ કરાય છે, પ્રબળકાય પ્રચંડ પર્વતોને તોડીને તેમાંથી રસ્તા બંધાય છે, સમુદ્રની પાર પહોંચાય છે, પૃથ્વીની પ્રદક્ષિણા થાય છે અને ચંદ્ર જેવા ગ્રહોમાં ઊતરાય છે.

અનન્ય ભક્તિભાવ વિના કોઈ પદાર્થની પ્રાપ્તિ થઈ શકે છે ખરી ? ના. પરમ પદાર્થ પરમાત્માની તો નહીં જ. પરમાત્માની પ્રપ્તિ માટે તો એકધારી અખંડ અનન્ય ભક્તિ જોઈએ. માટે તો ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે છે કે અર્જુન, એ પરમ પુરુષ પરમાત્માની પ્રાપ્તિ અનન્ય ભક્તિ દ્વારા જ કરી શકાય છે. **पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।**

અનન્ય ભક્તિમાં શેનો શેનો સમાવેશ થાય છે તે જાણો છો ? પરમાત્માને માટેના પરમ પ્રેમનો સમાવેશ તો એમાં થાય છે જ, પરંતુ એ ઉપરાંત, એની સાથે સાથે શ્રદ્ધા, સમર્પણ ભાવ અને લગનપૂર્વકના પુરુષાર્થનો સમાવેશ પણ થઈ જાય છે. ભક્તિનું વિશાળ કલેવર એ સૌના સહયોગથી જ શક્ય બને છે.

પરમાત્માના સાક્ષાત્કારની ઊંડી લગન હશે પરંતુ તે લગનને સફળ કરવાની કે સંતોષવાની શક્યતાવાળો પુરુષાર્થ નહીં હોય તો લગન માત્ર લગન રહેશે, અને એથી આગળ વધીને જીવનમાં આનંદનો અનુભવ કરાવનારી વાસ્તવિકતા નહીં બને. એ પુરુષાર્થની પાછળ અસીમ શ્રદ્ધાની સામગ્રી નહીં હોય તો પુરુષાર્થ પણ પ્રેરણાહીન અને નિષ્પ્રાણ બનશે, અને જો એની પાછળ આત્મ-બલિદાન કે સમર્પણ-ભાવનું પ્રેરક પીઠબળ નહીં હોય તો તેની સફળતા માટેની શક્યતા પણ બહુ ઓછી રહેશે. એટલા માટે તો ભક્તિની સાધનામાં એમનો ચોક્કસપણે સ્વીકાર કરવામાં આવ્યો છે.


એવી અનન્ય ભક્તિ બહુ ઓછા મનુષ્યોમાં જોવા મળે છે અને એટલે જ પરમાત્માનો સાક્ષાત્કાર સૌને માટે શક્ય નથી બનતો. અનન્ય ભક્તિથી સંપન્ન બનીને ભક્ત પરમાત્માને માટે મોટામાં મોટો ભોગ આપતા પણ નથી અચકાતો. એવી ભક્તિ એને માટે પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય કરાવી આપનારી સચોટ સાધના બની જાય છે. એવી શ્રદ્ધા-ભક્તિની પ્રાપ્તિમાં કેટલીક વાર મન વચ્ચે આવે છે, તો પણ એનોયે ઉપાય નથી થતો એવું નથી સમજવાનું.

વિષધર અતિશય ચંચળ અને ભયંકર હોય છે. છતાં પણ મદારી ભારે કુશળતાપૂર્વક વશ કરે છે, પકડે છે અને ટોપલીમાં પૂરી દે છે. તે તો જાણો છો ને ? એ એની ઈચ્છાનુસાર નચાવે છે પણ ખરો. એ કેવી રીતે શક્ય બની શકે છે ? કહે છે કે પોતાના બીનમાંથી સંગીતના સુમધુર સ્વર છોડતો મદારી જંગલમાં જાય

છે, ત્યાં સંગીતના શ્રવણથી મુગ્ધ થઈને સાપ આપોઆપ આવે છે અને ડોલે છે. પછી તો પરવશ બનેલા, ભાન ભૂલેલા, સાપને મદારી પકડે છે અને ટોપલીમાં કેદ કરે છે. એના મુખમાં ઝેરની બે કોથળીઓ હોય છે તે કોથળીઓ પણ તે કાઢી નાંખે છે. એથી સાપ શક્તિ વિનાનો તથા નિ:શસ્ત્ર બની જાય છે અને કરડે છે તો પણ એનું ઝેર નથી ચડતું.

મન પણ એવી જ રીતે ચંચળ, તોફાની અને ભયંકર કહેવાય છે. એનો સંયમ વાયુને વશ કરવા જેવો મુશ્કેલ મનાય છે. છતાં પણ એવી માન્યતાને લક્ષમાં લઈને હતાશ બની જઈશું ? કદાપિ નહીં. હતાશ બનવાથી કશું જ નહીં વળે. હતાશ થવાનું કોઈ કારણ પણ નથી. હતાશ બનવાને બદલે ઈશ્વરના સુમધુર નામસ્મરણ અથવા સંકીર્તનનો આધાર લઈશું. એ નામસ્મરણ અથવા સંકીર્તનના પ્રભાવથી મન લાંબે વખતે છતાં આપોઆપ વશ થઈ જશે, અને પોતાની ચંચળતાનો ત્યાગ કરશે. પછી એ અંતર્મુખ, એકાગ્ર, અથવા આત્મામાં કેન્દ્રિત બની જશે.

સાપને જેમ ઝેરની બે કોથળીઓ હોય છે તેમ મનની પણ ઝેરી બે કોથળીઓ છે : અહંતા અને મમતા. એમાંથી જ રાગ અને દ્વેષની સૃષ્ટિ થાય છે. ઈશ્વરશરણ લેનાર વિવેકી ભક્ત એ બંને પ્રકારની કોથળીઓમાંથી મુક્તિ મેળવશે એટલે એનું ઝેર બીજાને તો નહીં લાગે પરંતુ સાથે સાથે એના પોતાના જીવન પર પણ વિઘાતક અસર નહીં કરે.



* * * * *

## ૬. વાતો કરતાં શીખો

મારા આજના વિષયનું શીર્ષક છે 'વાતો કરતાં શીખો'. એના પરથી કોઈને કહેવાનું મન થશે કે એ વિષય નવો નથી, કારણ કે આપણે વાતો તો કરીએ જ છીએ; એ સંબંધમાં શીખવા જેવું કાંઈ જ નથી. પરંતુ મારા વિચારોને સાંભળ્યા અથવા સમજ્યા પછી થશે કે વાતો કરવાની કળામાં આપણે જુદી જ જાતની કુશળતાની પ્રાપ્તિ કરવાની છે. આપણે વાતો તો કરીએ જ છીએ, અને કેટલીકવાર મર્યાદાની બહાર જઈને વધારે પડતી વાતો પણ કરીએ છીએ, પરંતુ એ વાતો માનવની સાથેની હોય છે; પરમાત્મા સાથેની નથી હોતી. મારું કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે આપણે માનવો સાથે વાત કરીએ છીએ તેમ પરમાત્મા સાથે વાતો કરતાં શીખવું જોઈએ.

પરમાત્મા સાથે વાતો કરતાં ? હા, પરમાત્મા સાથે વાતો કરતાં. હવે તમને આશ્ચર્ય સાથે લાગતું હશે કે મારો વિષય નવો છે. આપણે જપ કરીએ છીએ, ધ્યાન ધરીએ છીએ, પ્રાર્થના, પાઠપૂજા કે સ્વાધ્યાય કરીએ છીએ, દેવમંદિરમાં જઈએ છીએ, ધર્મ-ભક્તિ-યોગ અથવા સાધનાને નામે કેટલીય નાનીમોટી પ્રવૃત્તિઓનો આધાર લઈએ છીએ. એ સઘળી સાધનાવિષયક પ્રવૃત્તિઓની સાથે સાથે, સંયુક્ત રીતે અથવા સ્વતંત્ર રીતે, પરમાત્મા સાથે વાર્તાલાપ કરતાં પણ શીખવું જોઈએ. એ પરમાત્મા આપણી અંદર અને બહાર સર્વત્ર વિરાજે છે, આપણી તદ્દન પાસે છે, પ્રાણની પણ પાસે છે, એવું સમજીને, અને એ આપણી વાતને સહાનુભૂતિપૂર્વક સસ્નેહ સાંભળે છે એવો વિશ્વાસ રાખીને એમની આગળ આપણા અંતરને ઠાલવતા. મનોભાવોની, વિચારોની, લાગણીઓનાં તરંગોની અભિવ્યક્તિ કરતાં અથવા આત્મનિવેદન કરતાં શીખવું જોઈએ. જેમ જેમ એ પ્રકારના અંતરંગ આત્મીયતાપૂર્વકના અભ્યાસની અભિવૃદ્ધિ થશે તેમ તેમ સમજાશે અને અનુભવાશે કે એ પરમ પ્રેમમય પરમ શક્તિસંપન્ન પરમાત્મા આપણી સઘળી પ્રકટ-અપ્રકટ વાતોને અથવા સમસ્યાઓને સાંભળે છે, એમના સંતોષકારક સમ્યક્ પ્રત્યુત્તર પૂરા પાડે છે, પ્રેરણા-પથપ્રદર્શન-પ્રશાંતિ પહોંચાડે છે, તન-મન-અંતરને પુલકિત કરે છે, જીવનમાં નવું જોમ ભરે છે, અને આપણાં શાશ્વત સાચા સાથી, સુહૃદ કે સારથિ થઈને આપણને અંધકારમાંથી પ્રકાશમાં, બંધનમાંથી મુક્તિમાં ને અપૂર્ણતામાંથી પૂર્ણતાની પાવન પ્રદેશ-દિશામાં દોરે છે. આપણને શોક તથા મોહમાંથી છોડાવે છે, ભયરહિત બનાવે છે અને આવશ્યક આશ્વાસન આપે છે.

પરમાત્માની સાથે વાતો કરવાની કળાને લીધે જપ તથા ધ્યાનની સાધના વધારે સજીવ, સ-રસ, સફળ થશે, દેવદર્શન, પાઠપૂજા અને પ્રાર્થના યાંત્રિક બનવાને બદલે ચિન્મય બનશે. જીવન પરમાત્માના પ્રેમથી પરિપ્લાવિત, શ્રદ્ધાભક્તિથી ભરપૂર, જ્યોર્તિમય બનશે. આરંભમાં એક આસન પર, એક સ્થળમાં, એક સુનિશ્ચિત સમયે બેસીને એવો વાર્તાલાપ કૃત્રિમ રીતે કરવો પડશેઃ પછી વખતના વીતવાની સાથે જેમ જેમ આગળ વધાશે તેમ તેમ નૈસર્ગિક બનશે, સહજ થશે, ને સર્વ સમયે અને સ્થળે થયા કરશે. પરમાત્માના સાક્ષાત્કાર તેમ જ સનાતન સંબંધનું સાધન બનશે.

પરમાત્મા સાથે વાતો કરતાં શીખવું એ પણ એક સ્વતંત્ર સુંદર શ્રેયસ્કર સાધના જ છે.

* * * * *

## ૭. રામકથાનું આધ્યાત્મિક રહસ્ય

પુણ્યસલિલા ભગવતી ભાગીરથીના પવિત્ર પ્રવાહની પેઠે રામકથાનો પુનિત પ્રવાહ પ્રજાના પ્રાણને પાવન કરતો પરંપરાગત રીતે વરસોથી વહે છે. પ્રજા એમાં શક્તિ, સુરુચિ ને સમય પ્રમાણે સ્નાન કરે છે અને આનંદ અનુભવે છે. રામકથાના એ રસમય, પુનિત પ્રવાહના પુરસ્કર્તા મહર્ષિ વાલ્મીકિ હતા. પરંતુ સ્વર્ગીય વાતાવરણમાં વહેનારી ગંગાને સાગરના સાઠ હજાર પુત્રોના પરિત્રાણ માટે પૃથ્વી પર પ્રવાહિત કરનાર ભગીરથની જેમ સંત તુલસીદાસે એ કથાપ્રવાહને ફરીથી વહેતો કર્યો. એ ભારતીય સંસ્કૃતિના મહાન ભગીરથ થયા. અને મહર્ષિ વાલ્મીકિની રામકથાને લોકભોગ્ય ભાષામાં વહેતી કરી, પરિણામે ન જાણે કેટલા લોકોનાં જડ જીવનમાં પ્રકાશ પથરાયો, કેટલા જીવોને સનાતન સુખ, શાશ્વત શાંતિ સાંપડી. કેટકેટલા જીવોની તૃષ્ણા ટળી ગઈ, અને કેટકેટલા જીવંત છતાં મૃત જેવા, દુર્ગતિપ્રાપ્ત જીવોનો ઉદ્ધાર થયો ! રામકથાનો એ પુનિત પ્રવાહ વરસો વહેતા જાય છે તો પણ એવો જ અખંડ, અનેક આત્માઓને આનંદ આપતો, એમના પર અમીવર્ષણ કરતો અને એમને ઈશ્વરાભિમુખ બનવાનું બળ ધરતો વહ્યા કરે છે. ભગવતી ભાગીરથીના પુનિત પ્રવાહની પેઠે એ પ્રવાહ પણ અપાર્થિવ, અલૌકિક, અક્ષય, અજર, અમર છે. કાકપ્રકૃતિના લોકો એમાં સ્નાન કરીને ભક્તિશિરોમણિ તુલસીદાસના શબ્દોમાં કહીએ તો, કોયલ જેવા મધુર વૃત્તિવાળા બને છે, ને બક જેવી બેવડી વૃત્તિવાળા જીવો હંસના જેવી સાત્વિક વૃત્તિથી સંપન્ન થઈને શુભાશુભનો તેમ જ સત્યાસત્યનો વિવેક કરનારા થઈ રહે છે. રામકથાના એ પુનિત પ્રવાહે ભારતની સાંસ્કૃતિક એકતાને અકબંધ રાખવામાં, સુદ્રઢ કરવામાં, ને ભારતીય પ્રજાને ઉત્તમ પ્રકારના સામાજિક જીવનના આદર્શથી સુપરિચિત કરીને એ આદર્શની દિશામાં આગળ વધવામાં અને એને આત્મસાત્ત કરવાની શક્તિ પ્રદાન કરવામાં જે મોટો, મહત્વનો, મહામૂલ્યવાન ભાગ ભજવ્યો છે એનો ઈન્કાર થઈ શકે તેમ નથી.

રામકથાના એ પાવન પ્રવાહનો પરિચય નહિ કર્યો હોય એવી વ્યક્તિઓ પણ આ વિશાળ દેશમાં નથી એવું નહિ કહી શકાય. રામકથાનો સુધામય સ્વાદ ના ચાખ્યો હોય એવા માનવો પણ આ દેશમાં મળી આવશે, છતાં પણ એવા થોડાક અપવાદોને બાદ કરતાં એટલું અવશ્ય કહી શકાય અને એવું કહેવામાં અતિશયોક્તિ નહિ જ થાય કે આ દેશની જનતા સામાન્ય રીતે એ કથાને જાણે છે, અને એનાથી સુપરિચિત નહિ હોય તોપણ કાંઈક અંશે પરિચિત તો છે જ. રામકથાનો ઉપલક અથવા સંક્ષિપ્ત પરિચય તો બધાને છે. એ પરિચય અને એ પરિચય જેના પર નિર્ભર છે તે કથા પ્રમાણે અયોધ્યાના રાજા દશરથને કૈકેયી, કૌશલ્યા તથા સુમિત્રા ત્રણ પત્નીઓ હતી ને રામ, લક્ષ્મણ, ભરત ને શત્રુઘ્ન ચાર પુત્રો હતા. રામ સીતા તથા લક્ષ્મણ સાથે વનમાં ગયા. ત્યાં પંચવટીમાંથી રાવણે સીતાનું હરણ કર્યું. રામે સમુદ્ર પર સેતુ બાંધીને રાવણનો નાશ કર્યો, સીતાની મુક્તિ કરી, અને અયોધ્યામાં આવ્યા એટલે પ્રજાએ એમનો રાજ્યાભિષેક કર્યો. રામાયણ અથવા રામકથાનો એટલો સારભાગ તો લગભગ સૌ કોઈ જાણે છે.

પરંતુ રામાયણ અથવા રામકથાનો એ સારભાગ શાંતિથી વિચારવા જેવો છે. એને શાંતિથી વિચારીએ તો એક નવી જ દ્રષ્ટિની પ્રાપ્તિ થઈને પાર વિનાનો લાભ થાય તેમ છે. જે રામકથા આપણે ત્યાં

વરસોથી વહેતી આવે છે તે તો સાચી છે, ઐતિહાસિક છે, અને આશીર્વાદરૂપ છે જ, પરંતુ તેમાં સમાયેલો સાર પણ ખાસ સમજવા જેવો છે.

રામકથા અત્યંત અદ્દભુત, અનેરી અને રહસ્યમયી હોવાથી, એના પતિત પાવન પ્રવાહમાં સ્નાન કરતાં કરતાં એનું એક બીજું તત્વજ્ઞાન વિષયક સૂક્ષ્મ રહસ્ય પણ આપણી આગળ પ્રગટ થાય છે. એ રહસ્ય કયું છે તે કલ્પી શકો છો ? લો ત્યારે કહી બતાવું. અયોધ્યા પ્રત્યેક જીવનું પોતાનું મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એ સ્વરૂપ નિર્મળ, નિષ્કલંક, એકરસ, અખંડ, અલૌકિક અને આનંદમય છે. જીવ એ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થઈને ત્યાં રાજ્ય કરે છે. શિવસ્વરૂપ એ જીવ દશરથ બને છે એટલે દેહમાં દાખલ થાય છે. દશ ઈન્દ્રિયોના ઘોડાવાળા આ શરીર રૂપી રથમાં બેઠેલો દશરથ રૂપી જીવ પોતાને પ્રાપ્ત થયેલા મૂળ સચ્ચિદાનંદ સ્વરૂપ તથા સુખનો ઉપયોગ કરે છે. પરંતુ કરુણા એ છે કે એ કુંવારો અથવા એકલો નથી રહેતો. એકલા રહેવાનો એનો સ્વભાવ જ ના હોય એમ એ ત્રણ સ્ત્રીઓ સાથે લગ્નગ્રંથિથી જોડાય છે. એ ત્રણ સ્ત્રીઓ બીજી કોઈ નહિ પરંતુ પ્રકૃતિના ત્રણ ગુણો સત્વ, રજ તથા તમ છે. એ ત્રણ ગુણોના પ્રબળ પ્રેમપાશમાં બંધાયેલો જીવ સલામત અને સુખી કેવી રીતે રહી શકે તથા સદાને સારુ પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપમાં સ્થિતિ પણ શી રીતે કરી શકે ?

એ દશરથરૂપી જીવને ત્રિગુણાત્મિક પ્રકૃતિની મદદથી ચાર પુત્રો થાય છે. ત્રિગુણાત્મિકા પ્રકૃતિના એ પુત્રોનું વર્ણન ગીતાના ચૌદમા અધ્યાયમાં કરતાં પ્રકારાન્તરે કહેવામાં આવ્યું છે:

**सत्त्वात्संजायते ज्ञानं रजसो लोभ एव च ।**
**प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥१४-१७॥**

સત્વગુણની વૃત્તિથી જ્ઞાનનો અને એના પરિણામે આનંદ અથવા આરામનો ઉદય થાય છે, રજોગુણની વૃત્તિથી કર્મપરતા કે લોભ વધે છે, અને તમોગુણની ત્રીજી વૃત્તિથી અજ્ઞાન ઘેરી વળે છે, કર્તવ્યમાં પ્રમાદ થાય છે તથા મોહ જાગે છે. સત્વગુણની વૃત્તિ કૌશલ્યાથી દશરથરૂપી જીવને જ્ઞાન, આનંદ કે આરામ મળ્યો; રજોગુણની વૃત્તિ સુમિત્રાથી કર્મધર્મપરાયણ, સેવાવૃત્તિના લોભી લક્ષ્મણની પ્રાપ્તિ થઈ; અને તમોગુણની મોહ, અજ્ઞાન તથા કર્તવ્ય પ્રત્યેના પ્રમાદવાળી વૃત્તિ કૈકેયીથી કર્તવ્યપાલનમાં અપ્રમાદવાળા અને ધર્માનુષ્ઠાનના મોહવાળા ભરત તથા શત્રુઘ્નનો લાભ થયો.

પરંતુ એક વૃત્તિના બંધનમાં પડેલો જીવ પણ સુખી નથી થતો કે શાંતિ નથી મેળવતો, તો ત્રણ ત્રણ વૃત્તિના બંધનમાં બંધાયેલો પરાધીન જીવ તો સુખ-શાંતિ મેળવી શકે જ કેવી રીતે ? જ્યાં સુધી ત્રણે ગુણવૃત્તિઓ પર અધિકાર રહ્યો ને ત્રણે ગુણવૃત્તિનું સ્વરૂપ સરખું રહ્યું ત્યાં સુધી તો એ સુખી રહ્યો, પરંતુ તમોગુણની વૃત્તિનું વર્ચસ્વ વધી જતાં એ સુખ અદ્રશ્ય થઈ ગયું અને એની દશા અતિશય કરુણ કે કફોડી થઈ પડી. તમોગુણની વૃત્તિનું વર્ચસ્વ વધી પડતાં જીવ આનંદ, જ્ઞાન અથવા આરામનો અનુભવ કેવી રીતે કરી શકે ? એનાથી વંચિત જ થવું પડે. જ્ઞાનની સાથે સદાય એની સહચરી બનીને રહેનારી શાંતિરૂપી સીતા પણ પછી એની સાથે ભાગ્યે જ રહી શકે. રામ સીતાની સાથે વનમાં ગયા એનું આધ્યાત્મિક રહસ્ય એ જ છે. સેવાવૃત્તિવાળા કર્મયોગી લક્ષ્મણ પણ એમની સાથે ચાલી નીકળ્યા. દશરથરૂપી જીવ એમના વિયોગથી વ્યથિત થઈને ઝૂરવા માંડ્યો, મૃતપ્રાય બની ગયો.

રામકથાનું એક રહસ્ય એ છે. બીજું પાછળની વનવાસી વાતનું રહસ્ય પણ એવી જ રીતે પરંતુ જુદા પ્રકારે સમજી શકાય છે. શાંતિની સીતાનું અહંકારરૂપી રાવણે હરણ કર્યું છે. રામ એ સનાતન શાંતિથી વંચિત થઈને એની પ્રાપ્તિને માટે પુરુષાર્થ કરે છે પરંતુ એ શાંતિ મળે કેવી રીતે ? રામને અહીં જીવતત્વના પ્રતિનિધિ તરીકે લઈએ તો સમજાય છે કે જીવને પોતાની સનાતન સંગિની સમી શાંતિ ફરીથી સાપડી શકે તે માટે તેણે અવિદ્યાના સાગરને તરી જવા માટે સદ્‌ગુરુની સહાયતાથી જ્ઞાન અથવા પ્રેમનો પવિત્ર સેતુ બાંધવાનો છે. જીવનાં જો એવા સેતુની રચના થાય અને હનુમાન જેવા સાચા હિતેચ્છુ, માર્ગદર્શકની મદદ મળી જાય તો અહંકારરૂપી રાવણનો નાશ થાય ને શાંતિરૂપી સીતા પાછી આવી જાય. જીવ એને મેળવીને કૃતાર્થ બની જાય ને પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપરૂપી અયોધ્યાનગરમાં સ્વાનુભવના સિંહાસન પર આસીન થાય. જીવ જ્યાં સુધી સચ્ચિદાનંદ સ્વરૂપમાં સ્થિત ન થાય ત્યાં સુધી મંગલમય ના બને ને બીજાનું પણ મંગલ ના કરી શકે.

રામકથાનો એટલો પાયાનો સંદેશ યાદ રાખીએ તો કેટલો બધો લાભ થાય ! એના આટલા ઉપલક રહસ્યનું સ્મરણ કરીએ અને એને અનુસરતું જીવન જીવીએ તો એ કથા આધ્યાત્મિક રીતે પણ કેટલી બધી ઉપકારક પુરવાર થાય ને કેટલી ઉપયોગી બની જાય ?

* * * * *



## ૮. ભક્તિના નવ પ્રકાર

તુલસીકૃત રામાયણના અરણ્યકાંડમાં રામ અને શબરીના મેળાપ તથા વાર્તાલાપનો પ્રેરક પ્રસંગ છે. એ પ્રસંગ ઉપયોગી હોવાથી એના પર દ્રષ્ટિપાત કરી જઈએ.

રાવણે પંચવટીમાંથી સીતાનું હરણ કર્યું તે પછી રામ અને લક્ષ્મણ સીતાની શોધ કરવા માટે વનમાં નીકળ્યા. વનમાં વિહાર કરતાં આખરે એ શબરીના આશ્રમમાં આવી પહોંચ્યા.

કમળનયન, વિશાળ બાહુ, મસ્તક પર જટાના મુકુટવાળા તથા માળા પહેરેલા રામને જોઈને શબરી હરખઘેલી બની ગઈ અને એમના પગમાં પડીને વારંવાર પ્રણામ કરવા લાગી. પ્રેમમગ્ન બનીને એ કશું બોલી ન શકી. રામના ચરણનું પ્રક્ષાલન કરીને એણે એમને બેસવા માટે સુંદર આસન આપ્યું, અને એમના આગળ કંદમૂળ તથા સરસ ફળ મૂક્યાં. રામ એમને પ્રેમ તથા પ્રસન્નતાપૂર્વક પ્રશંસા કરી કરીને ખાવા લાગ્યા.

શબરીને અસાધારણ આનંદ થયો. એના જીવનમાં મંગલ-ઉત્સવ થયો. જીવનની ધન્યતાની વીણા એના અંતરમાં વાગી ઉઠી.

રામને નિહાળીને વધારે ને વધારે ભાવવિભોર બનતી શબરી બે હાથ જોડીને ભક્તિભાવે એમની આગળ ઊભી રહી ને કહેવા લાગી કે હે પ્રભુ હું તમારી સ્તુતિ કેવી રીતે કરું? હું તો અધમ અને મંદમતિ છું. અધમાધમ કહેવાતી સ્ત્રીઓમાં પણ હું સૌથી વધારે અધમ અને અપરાધિણી છું.

ત્યારે શ્રીરામ બોલ્યા કે શબરી, હું તો એક ભક્તિના સંબંધને જ મહત્વનો માનું છું. માણસ ઉત્તમ વર્ણનો, કુળનો કે ધર્મનો હોય, ધનવાન, બલવાન, ગુણવાન તથા ચતુર હોય, તેમજ સ્વજન સેવકોથી યુક્ત હોય, છતાં પણ જો ભક્તિથી રહિત હોય તે તેને વારિ વિનાના વાદળ જેવો જાણી લેવો. તેના જીવનની કિંમત કશી જ નથી. એવું જીવન તેને તથા બીજાને કામ નહિ લાગે, ને કોઈનું કલ્યાણ નહિ કરે. માટે જીવનને ભક્તિથી સુશોભિત કરવાની જરૂર છે. એ ભક્તિ જ જીવનનું શ્રેય સાધી શકે છે, અને એ જ મારે મન મહત્વની છે. એ ભક્તિના નવ પ્રકાર છે. એ નવ પ્રકારની ભક્તિમાંથી એક પ્રકારની ભક્તિ પણ જેનામાં પૂરેપૂરા પ્રમાણમાં હોય છે તેને હું અતિશય પ્રિય માનું છું. તો તારી અંદર તો એ ભક્તિ પોતાના સઘળા પ્રકારો સાથે પરિપૂર્ણતાએ પહોંચેલી છે. એટલે જ મોટામોટા યોગી અને મુનીઓને માટે પણ દુર્લભ ગણાતી મારી કૃપા તને પ્રાપ્ત થઈ છે. મારા દર્શનનું સર્વોત્તમ ફળ એ ભક્તિના પ્રભાવથી જ પામી શકાય છે. ભક્તિ જ એને માટેનું સર્વશ્રેષ્ઠ સાધન છે.

શબરી સાથેના એ સુખદ વાર્તાલાપ દરમિયાન તુલસીદાસે રામના શ્રીમુખમાં નવધા ભક્તિના રહસ્યની જે રસપ્રદ રજૂઆત કરી છે તે ભક્તિમાં માનનાર અને રસ લેનાર પ્રત્યેક સ્ત્રી-પુરુષે યાદ રાખવા જેવી છે. આ રહી એ રસમય રજૂઆત:

प्रथम भगति संतन्ह कर संगा । दूसरि रति मम कथा प्रसंगा ॥४॥
गुर पद पंकज सेवा तीसरि भगति अमान ।
चौथि भगति मम गुन गन करइ कपट तजि गान ॥३५॥

मंत्र जाप मम दृढ़ बिस्वासा । पंचम भजन सो बेद प्रकासा ॥
छठ दम सील बिरति बहु करमा । निरत निरंतर सज्जन धरमा ॥१॥
सातवँ सम मोहि मय जग देखा । मोतें संत अधिक करि लेखा ॥
आठवँ जथालाभ संतोषा । सपनेहुँ नहिं देखइ परदोषा ॥२॥
नवम सरल सब सन छलहीना । मम भरोस हियँ हरष न दीना ॥

ભક્તિનો પહેલો પ્રકાર સંતપુરુષોનો સમાગમ કરવો તે છે. એટલે કે જીવનમાં જ્યારે ભક્તિનો અરુણોદય થવાનો હોય છે ત્યારે મન સંતપુરુષો તરફ વળે છે ને પવિત્ર જીવન-વ્યવહારવાળા નિષ્કપટ ઈશ્વરપ્રેમી સંતપુરુષોના સાન્નિધ્યમાં સ્વર્ગસુખ સાંપડે છે.

ઈશ્વરની લીલાના કથા-પ્રસંગોમાં તથા જીવનના સુધાર અને વિકાસની વાતોમાં પ્રીતિ થવી એ ભક્તિનો બીજો પ્રકાર છે. સંતોનો સમાગમ એવી પ્રીતિને કેળવવા માટે જ હોવો જોઈએ તો જ તે લાભકારક થઈ શકે.

ત્રીજી ભક્તિ નમ્રતાને ધારણ કરવી તથા ગુરુની શ્રદ્ધાસહિત સેવા કરવી તે. અને ચોથી ભક્તિ સરળ હૃદયથી ઈશ્વરના ગુણાનુવાદ ગાવા તે છે.

અખંડ વિશ્વાસ સાથે ગુરુએ આપેલા કે પોતે પસંદ કરેલા મંત્રનો નિરંતર જપ કરવો તે પાંચમા પ્રકારની ભક્તિ છે, ને છઠ્ઠી ભક્તિ જુદાં જુદાં વ્યાવહારિક કર્મોમાંથી મનને ઉપરામ કરી, સજ્જનને છાજે તેવી રીતે આચરણ કરતાં, મન તથા ઈન્દ્રિયોનો સંયમ કરવો તે છે.

જગતમાં જડ અને ચેતનમાં બધે જ ઈશ્વરનું દર્શન કરવું તથા સંતપુરુષોને ઈશ્વર કરતાં અધિક માનીને મળવું, એ સાતમી ભક્તિ. સંતોષી બનવું ને બીજાના દોષને સ્વપ્ને પણ જોવા નહિ એ આઠમી ભક્તિ. અને નવમી ભક્તિ સરળ તથા છળકપટથી રહિત બનીને હર્ષશોકનો ત્યાગ કરીને એક ઈશ્વરનો ભરોસો રાખવો તે છે.

શ્રીમદ્ ભાગવતમાં પ્રહ્લાદે વર્ણવેલી નવધા ભક્તિ કરતાં આ નવ પ્રકારની ભક્તિ જરા જુદી પડે છે. છતાં પણ રામાયણમાં વર્ણવેલી એ ભક્તિ ઘણી ઉપયોગી હોવાથી ભક્તે તેને જીવનમાં સાકર કરવા માટે તૈયાર થવું જોઈએ. ભક્તિની સફળતા એમાં જ સમાયેલી છે, એના આચરણમાં થનારા અનુવાદમાં. ભક્તિના એ પ્રકારોનો વિચાર કરતાં સહેજે સમજી શકાય છે કે ભક્તિ કેવળ ભાવજગતમાં જીવવાનું સાધન નથી. પરંતુ સમસ્ત જીવનમાં ક્રાંતિ કરનારું, જીવનની વિશુદ્ધિ કરનારું અને જીવનમાં નવો પ્રાણ રેડી જીવનને ઈશ્વરપરાયણ બનાવનારું મહાન બળ છે. સાધક અથવા પરમાર્થના પથિકે એ દ્રષ્ટિએ જ એનો આધાર લેવાનો છે. ભક્તિના એ પ્રકારો પોતાના જીવનમાં પ્રત્યક્ષ થાય છે કે નહિ તેનું ધ્યાન જો ભક્ત નહિ રાખે; ને જો તે જપ, વ્રત, સ્વાધ્યાય તથા તીર્થાટન જેવાં બાહ્ય સાધનોનો જ આધાર લેશે તો તે સાધનો શુષ્ક બનીને તેને ભક્તિ તથા તેના દ્વારા મળનારા ઈશ્વરાનુગ્રહનો સાચો ને સંપૂર્ણ સ્વાદ નહિ આપી શકે.

* * * * *

## ૯. પ્રભુકૃપાની યોગ્યતા

વનવાસ દરમિયાન રામ લક્ષ્મણ અને સીતા સાથે, વાલ્મીકિ મુનિના આશ્રમમાં આવ્યા ત્યારે મુનિ વાલ્મીકિ એમને જોઈ અત્યંત પ્રસન્ન થયા. મુનિનો આશ્રમ શાંત તથા સુંદર પર્વતીય પ્રદેશમાં વન વિસ્તારમાં હતો. રામચંદ્રજીને એ આશ્રમના દર્શનથી આનંદ થયો.

રામચંદ્રજી મુનિને પગે લાગ્યા. મુનિ એમને આશીર્વાદ આપી પોતાના આશ્રમમાં લઈ આવ્યા.

આશ્રમની વિદાય લેતા પહેલાં રામે વાલ્મીકિને પૂછ્યું : 'હવે હું ક્યાં રહું ? મારે માટે કોઈ રહેવાનું અનુકૂળ સ્થળ બતાવો.'

એ પ્રશ્નના ઉત્તરરૂપે મુનિ વાલ્મીકિએ જે વિચારો પ્રદર્શિત કર્યા તે ખાસ જાણવા અને મનન કરવા જેવા છે. પ્રશ્ન ઉપલક રીતે જોતાં ઘણો સામાન્ય હતો, પરંતુ મુનિએ એને અસામાન્ય બનાવી દીધો અને એનો ઉત્તર પણ અમર બનાવ્યો. સંત તુલસીદાસે એ ઉત્તરની પોતાની આગવી કળાત્મક રીતે રજૂઆત કરતાં રામાયણના અયોધ્યાકાંડમાં લખ્યું છે - જેનો અનુવાદ અહીં આપ્યો છે :

"જેમના સમુદ્ર જેવા કાન તમારી કથા-વાર્તારૂપી નદીના નીરથી ભરાયા કરે છે, છતાં સંપૂર્ણપણે નથી ભરાતા, તેમના હૃદયમાં તમે ઘર કરી લો. જેમની ચાતક જેવી આંખ તમારાં દર્શનરૂપી વાદળની આકાંક્ષાથી આતુર બની છે, અને સંસારના વિષયોમાં તૃપ્તિ માનવાને બદલે જે તમારા સ્વરૂપ-દર્શનની તૃષાથી ભરપૂર છે, તેમના હૃદયના સુખદાયક નિવાસસ્થાનમાં સીતા તથા લક્ષ્મણ સાથે હે રામ, તમે વાસ કરો. તમારા નિર્મળ યશ તથા ગુણરૂપી મોતીને જેમની જીભ હંસિની બની આરોગે છે તેમના દિલમાં વાસ કરો."

એ વચનોથી કહી બતાવાયું છે કે ઈશ્વરના નામસ્મરણ, સંકીર્તન અને કથાશ્રવણનો રસ ભક્તે વધારે ને વધારે પ્રમાણમાં કેળવવો જોઈએ, ઈશ્વર સિવાયની બીજી કોઈ સાંસારિક વસ્તુનો સ્વાદ હૃદયમાં નહિ રહેવો જોઈએ. ઈશ્વરના દર્શન માટે જ એનું અંતર આતુર હોય. એ જ એના જીવનનું એક માત્ર વ્રત તથા સુખ હોય. એ ઉપરાંત, આગળ કહેવામાં આવે છે :

"સુંદર દેવસ્થળોમાં જઈને જે એમની સુવાસ લે છે, તેમને અર્પણ કરી જે ભોજન કરે છે, તમારી પ્રસાદી રૂપે વસ્ત્રો તથા આભૂષણો ધારણ કરે છે, દેવ, ગુરૂ તથા બ્રાહ્મણને જોઈને પ્રેમ તથા નમ્રતાપૂર્વક મસ્તક નમાવે છે, જેમના હાથ ઈશ્વરની સેવા પૂજા કરે છે અને ઈશ્વર વિના જેના દિલમાં બીજા કોઈનો ભરોસો નથી; જે તીર્થનો આનંદ લે છે, તમને પૂજે છે, તમારા મહામંત્રનો જપ કરે છે, દાન દે છે, તમારા કરતાં ગુરુને અધિક માનીને સેવે છે અને સૌની પાસેથી ઈશ્વરના પરમ પ્રેમની માગણી કરે છે, તેમના મનરૂપી મંદિરમાં તમે વાસ કરો."

એ વચનોમાં પેલો સનાતન સંદેશ વહેતો કરવામાં આવ્યો છે કે ભક્તની પ્રત્યેક ક્રિયા-પ્રક્રિયા અથવા તો એનો સમગ્ર વ્યવહાર ઈશ્વરમય બની જવો જોઈએ, ઈશ્વરીય ભાવથી ભરપૂર થઈ જવો જોઈએ, અથવા ટૂંકમાં કહીએ તો ઈશ્વરની સાથે એના મનની વૃત્તિનું સતત, એકધારું, અખંડ અનુસંધાન બન્યુ રહેવું જોઈએ. ત્યારે એના પર ઈશ્વરની સંપૂર્ણ કૃપા થઈ શકે.

ઈશ્વરની કૃપાની આશા રાખનાર ભક્તનું જીવન નિર્મળતાના કેવા મોટા નમૂનારૂપ હોવું જોઈએ એનો ઉલ્લેખ કરતાં મુનિએ કહી બતાવ્યું છે :

"જે કામ, ક્રોધ, મદ, અભિમાન, લોભ, મોહ, ક્ષોભ, રાગ અને દ્વેષથી મુક્ત છે, તથા દંભ, કપટ ને છળથી રહિત છે, એના હૃદયમાં હે રામ, તમે વાસ કરો. જે સૌના પર સ્નેહ રાખે છે, સૌનું સારું કરે છે, સુખમાં દુઃખમાં, નિંદા ને સ્તુતિમાં મનને સરખુ રાખે છે, જે વિચાર કરીને સત્ય વચન બોલે છે, સૂતાં, જાગતા જેને તમારું શરણ છે અને તમારા વિના જેને બીજી ગતિ નથી, જે પરસ્ત્રીને માતા જેવી તથા પરધનને વિષ જેવું માને છે, બીજાની સંપત્તિ જોઈને જે ચલિત થતા નથી, જે તમને માતાપિતા, સ્વામીસખા અને જીવનનું સર્વસ્વ માને છે, એના મનરૂપી મંદિરમાં હે રામ, તમે સીતા અને લક્ષ્મણ સાથે વાસ કરો."

"વળી, જે દુર્ગુણને બદલે સૌની અંદર ગુણનું દર્શન કરે છે, બ્રાહ્મણ તથા ગાયનું રક્ષણ કરે છે, જે નીતિમાં નિપુણ છે, પોતાના દોષ જુએ છે, સર્વપ્રકારે તમારો જ વિશ્વાસ રાખે છે, જેમને તમારા ભક્તો પર વધારે પ્રેમ છે, તેના અંતરમાં વાસ કરો. જાતિ, ધન, સ્વજન, સંબંધી અને ઘરનો ઘમંડ ને મોહ મૂકીને જે તમને જ હૃદયમાં ધારણ કરે છે, સ્વર્ગ નરક ને મોક્ષને સમાન સમજે છે, બધે તમારું દર્શન કરે છે, અને મન, વચન તથા કર્મથી તમને અનુસરે છે, તમારા વિના બીજી કોઈ વસ્તુની ચાહના નથી, અને તમારી જ સાથે જેને સ્નેહ છે, તેના મનમાં સદાને માટે વાસ કરો અને તેના મનને જ તમારું ઘર કરો."

આમ વાલ્મીકિએ રહેવા માટે જુદાંજુદાં સ્થાન બતાવ્યા. એમનાં વચનો સાંભળી રામ હસવા માંડ્યા, એટલે વાલ્મીકિએ પોતાના વક્તવ્યની પૂર્ણાહુતિ કરતાં કહ્યું : "તમારા નિવાસને માટે ચિત્રકુટ સૌથી સરસ સ્થળ છે, માટે ત્યાં જઈને તમે વાસ કરો."

મુનિ વાલ્મીકિના એ શબ્દો કેટલા બધા સારગર્ભિત છે ? રામ સૌના હૃદયમાં રમનારા અથવા ચરાચરમાં વસનારા ઈશ્વરનું પ્રતિક છે. એમની પધરામણીથી પોતાનું જીવન પાવન થાય છે એવી ઈચ્છા કેટલાયને હોય છે. એ ઈચ્છાની પૂર્તિ ક્યારે થાય? એને માટે કેવી અસાધારણ યોગ્યતા હોવી જોઈએ; અથવા તો પોતાના જીવનને કેવો આકાર આપવો જોઈએ, એનો સંકેત મુનિના એ શબ્દો ઉપરથી સહેલાઈથી મળી રહે છે. એ શબ્દોનો સંક્ષિપ્ત સાર એ જ છે કે ઈશ્વરના સાક્ષાત્કારની ઈચ્છાવાળા માનવે પોતાનું સમગ્ર જીવન ઈશ્વરમય બનાવી દેવું જોઈએ. એ ઉપરાંત, તેણે પવિત્રતા તથા ઈશ્વરપ્રેમની મૂર્તિ બનવું જોઈએ.

ઈશ્વરને પોતાના કરવા ને સ્વયં ઈશ્વરના થવા કેવા પ્રકારની ઉત્તમોત્તમ લાયકાતની આવશ્યકતા છે તેનો પડઘો પાડનારા એ શબ્દો કેટલા બધા રહસ્યમય છતાં પણ સાદા, સીધા ને સચોટ છે ? જીવનમાં એનો અનુવાદ ના કરાવાને પરિણામે જ ઈશ્વરની પાસે પહોંચી ને જીવનને સાર્થક, સફળ ને સુખમય કરવાની આકાંક્ષાની પૂર્તિ નથી થઈ શકતી, એ સહેજે સમજી શકાય તેવું છે.

* * * * *

## ૧૦. ધર્માનુષ્ઠાન ઉધાર નથી

ભારતમાં બધે ઠેકાણે એક જાતની સર્વસામાન્ય મનોવૃત્તિનું દર્શન થાય છે. લોકોને પૂછીએ છીએ કે જપ શા માટે કરો છો, ધ્યાન શા માટે ધરો છો, તીર્થયાત્રાએ કેમ નીકળો છો અને દાન, પુણ્ય કે ધર્મ કેમ કરો છો, તો લગભગ એક જ સરખો ઉત્તર મળ્યા કરે છે કે કેમ ? પુણ્યનો સંચય કરવા તથા પરલોકમાં સુખી થવા. શરીર છૂટ્યા પછી જીવની સદ્દગતિ થાય તથા સ્વર્ગાદિ લોકમાં રહેવાનું અને એશઆરામ કરવાનું મળે એ જ અમારું લક્ષ્ય છે. એ લક્ષ્યથી પ્રેરાઈને જ અમે ધાર્મિક ક્રિયાઓ કર્યા કરીએ છીએ. આ લોકમાં તો જેમતેમ કરીને જીવી રહ્યા છીએ, પરંતુ પરલોકને નથી બગાડવો. પરલોકમાં આ લોકને દુર્લભ ભોગ-પદાર્થોની પ્રાપ્તિ થશે ને સુખી થવાશે તો ઘણું છે. એવી રીતે ધર્મકર્મ કરનારા લોકોની વૃત્તિ વધારે ભાગે પરલોકવાદી બની ગઈ છે. ધર્માનુષ્ઠાન કે સત્કર્મને આ જીવન અને આ લોકની સાથે કોઈ સંબંધ જ ના હોય, અને પરલોકના અથવા તો વર્તમાન જીવન પછીના બીજા જીવનના સુખોપભોગ સાથે જ લેવાદેવા હોય, એવું મનાવા લાગ્યું છે. એટલે એના સ્વાભાવિક પરિણામ રૂપે, ધર્મનું અનુષ્ઠાન કરીને આ લોકમાં જ સુખશાંતિ પ્રાપ્ત કરવાની ને વર્તમાન જીવનને જ સત્વશીલ કે સમૃદ્ધિશાળી બનાવવાની વૃત્તિ ભાગ્યે જ સેવાય છે. એ તરફ લક્ષ પણ ઓછું રહે છે, અને એને માટેના પ્રયત્નો પણ ભાગ્યે જ કરવામાં આવે છે.

પ્રશ્ન એ થાય છે, અને કેટલાય લોકો તરફથી એવો પ્રશ્ન પૂછવામાં પણ આવે છે, કે ભારતનો ધર્મ શું આવો ઉધાર છે ? એને આ લોકની સાથે કશો જ સંબંધ નથી ? એનું અનુષ્ઠાન પરલોકને લક્ષ્ય કરીને જ, પરલોકના સુખોપભોગને માટે જ કરવામાં આવે છે, અને સાંપ્રત જીવનની એ સદાને માટે ઉપેક્ષા કરે છે ? એની મદદથી વર્તમાન જીવનની સમસ્યાઓનો ઉકેલ કરીને એને સુખી ને સમૃદ્ધ ના બનાવી શકાય ? એ ધર્માચરણનું ફળ આ જીવનમાં તો પ્રાપ્ત જ નહિ થવાનું: એનો અર્થ એ કે એને માટે પરલોકમાં જ પ્રતીક્ષા કરવાની એમ ને ? અને પરલોકમાં એ ફળ મળશે એની ખાતરી શી ? અરે પરલોકની પોતાની જ ક્યાં ખાતરી છે ? એના અસ્તિત્વમાં જ શંકા છે. અને ધારો કે શંકા ના હોય તો પણ, કેવળ પરલોકનો વિચાર કરીને જ ધર્માચરણ કરવું અને આ લોક તરફ બિલકુલ ઉદાસીન રહેવું એ શું બુદ્ધિસંગત છે ? એવા ધર્મચરણને અને એનો ઉપદેશ આપનારા ધર્મને આદર્શ કેવી રીતે કહી શકાય ?

આવી પ્રશ્નપરંપરા પેદા થાય એ તદ્દન સ્વાભાવિક છે. એ પ્રશ્નપરંપરાને અને એની પાછળ કામ કરનારા મનને સહાનુભૂતિથી સમજી શકાય તેમ છે. એટલા માટે તો એના ઉત્તરમાં આપણે કહીએ છીએ કે ભારતીય ધર્મ તથા ધર્માચરણ તમે જેમ માનો છો તેમ ઉધાર નથી, પરંતુ નગદ છે. પરલોકનો સ્વીકાર ને વિચાર એમાં કરવામાં આવ્યો છે તે સાચું છે, પરંતુ એકલા પરલોકને જ લક્ષ્ય કરીને ધર્માનુષ્ઠાન કરવું એવું નથી કહેવામાં આવ્યું. આ લોક તથા વર્તમાન જીવન એમાં મહત્વનો ભાગ ભજવે છે, કેન્દ્રસ્થાને છે, તથા તેને સુધારવા, શીલવાન કરવા, શક્તિશાળી બનાવવા તેમ જ સુખ-શાંતિથી સંપન્ન કરવા માટે જ એનો આશ્રય લેવાનો છે. માણસ તન, મન અને અંતરના અથવા તો અવિદ્યાના પરિણામે પેદા થયેલાં અહંતા, મમતા, આસક્તિ અને રાગદ્વેષના જે અનેકાનેક બંધનોથી બંધાયેલો છે તે બંધનોમાંથી મુક્ત કરીને આત્માના અપરોક્ષ અનુભવદ્વાર એને પરમ શાંતિ ને પૂર્ણતાની મૂર્તિ બનાવી દેવો એ ધર્મનું પ્રયોજન કે લક્ષ્ય છે, અને

એ લક્ષ્યની સિદ્ધિ આ વર્તમાન જીવનમાં તથા આ લોકમાં જ કરી લેવાની છેઃ બીજા જીવનમાં તથા બીજા લોકમાં નહિ. એ વાત ભારતના ધર્મગ્રંથોએ કેટલેય ઠેકાણે સ્પષ્ટ કરી છે. એના પ્રતિનિધિત્વરૂપે જ ઉપનિષદે પેલી વિચારધારા રજૂ કરી છે કે इह चेदवेदीदथ सत्यमस्ति, न चेदिहावेदीत् महती विनष्टिः જો આ જીવન દ્વારા આ લોકમાં જ આત્માને જાણી લીધો તો તો ઘણું સારું થયુંઃ કિન્તુ જો આ લોકમાં, આ જીવન દ્વારા આત્મદર્શન ના કર્યું તો મોટું નુકસાન થયું, અથવા તો સર્વનાશ થઈ ગયો. માટે उत्तिष्ठ ઊઠો. जाग्रत જાગો. प्राप्य वरान्निबोधत. મહાન પુરુષોની પાસે પહોંચીને આત્મા વિષે જાણી લો.

એટલે આ લોકનો અનાદર કરવાનો તથા પરલોકને જ સર્વ કાંઈ માનીને આગળ વધવાનો આદેશ ભારતીય ધર્મ કે તત્વજ્ઞાને નથી આપ્યો. પરલોકનો સ્વીકાર એણે અવશ્ય કર્યો છે, એનો વિચાર કરવાનું પણ કહ્યું છે; આ લોકમાં અને આ જીવનમાં પૂર્ણતાને માટેનો અપૂર્ણ રહેલો પુરુષાર્થ બીજા જીવનમાં આગળ ચાલે છે ને ફળે છે. જીવનમાં સાતત્યની સાંકળનો આ જીવન તો એક અંકોડોમાત્ર છેઃ એ બધું એણે શીખવ્યું છે ખરું, પરંતુ આ લોક તેમ જ વર્તમાન જીવનના ભોગે, એની ઉપેક્ષા કરીને ધર્માનુષ્ઠાન કરવાનો ઉપદેશ એણે નથી આપ્યો. સાથે સાથે જે લોકો ઈહલોકને તથા વર્તમાન જીવનને જ સર્વ કાંઈ સમજી બેઠા છે અને એમાં આંખ મીંચીને ગળાડૂબ ડૂબી રહ્યા છે, તેવા 'આ લોક મીઠો, પરલોક કોણે દીઠો'ની ફિલસૂફીવાળાની સામે તે લાલબત્તી ધરે છે ને કહે છે કે આ જીવનને અને આ લોકને જ સર્વ કાંઈ ના સમજી લેતા. તમારી બુદ્ધિ અને વિચારશક્તિ અથવા અનુભૂતિ કાચી હોય એટલે જન્માંતર નથી ને પરલોક પણ નથી એવું ના માની લેતા. આ લોકને જ સર્વસ્વ સમજી લેવાની ને પરલોકની જ સુખોપભોગ સામગ્રી તથા સદ્દગતિની આશા રાખીને આગળ વધનારી એ બંને પ્રકારની મનોવૃત્તિનાં ભયસ્થાનો કે જોખમો રજૂ કરીને એ સૌને સાવધ કરે છે. આ લોક ને પરલોક બંનેના સુધારનો એનો ઉપદેશ છે.

છતાં પણ, પરલોકની જ લાલસા રાખીને લોકો ધર્માચરણ કરે છે એ વિચિત્ર છે. એવા લોકોને આપણે કહીશું કે કેવળ પરલોકનો ને બીજા જીવનનો જ વિચાર કરીને બેસી ના રહો. એની મોહિનીમાં ના પડો. ધર્મનું આચરણ આ લોકને સુખી કરવા, શાંતિમય બનાવવા, ને વર્તમાન જીવનને પુષ્ટ કરવા માટે છે. માટે આ લોકને સુધારો, સુખી કરો ને શાંતિમય બનાવો. તમારે બીજા કયા સ્વર્ગલોકની લાલસા છે ? સ્વર્ગલોકની લાલસા રાખવા કરતાં આપણી આ પૃથ્વીને પ્રેમ કરતાં શીખો, ને પૃથ્વીને પવિત્ર, પ્રેમમય, મધુમય તથા સુંદર ને સ્વર્ગમય કરો. એને માટે સૌથી પહેલાં તો તમારા પોતાના જીવનને સુધારો ને સરસ બનાવો. એમાંથી નરકની નિશાનીઓનો નાશ કરીને એને સ્વર્ગની સૌરભથી ભરી દો. જે વર્તમાન છે કે તમારી સામે છે, તેને સાચા દિલથી ચાહતાં, સુધારતાં ને સમૃદ્ધ કરતાં શીખો. ધર્મ ને તત્વજ્ઞાનને સાચા અર્થમાં ના સમજવાથી, ધર્મ ને તત્વજ્ઞાનના નામે અત્યાર સુધી આપણે વર્તમાન જીવનની, સમાજની ને લોકની ભારે હાનિ કરી છે. એની વાડીને સુધાસિંચનથી રસમય કરવાને બદલે નીરસ કરી છે. હવે એ ભૂલને સુધારવી પડશે. જે જીવનનો લાભ આપણે લઈએ છીએ, ને જે ધરતી પર શ્વાસ લઈએ છીએ, એની અવજ્ઞા કરવાનો આદેશ આપણા ધર્મે કદી પણ નથી આપ્યો. એ વાતને સમજી લઈએ તો જીવનમાં નવો પ્રાણ પેદા થાય, સુખશાંતિ છવાઈ જાય અને આ મૃત્યુલોક આપણે માટે અમૃતલોક બની જાય. ધર્મનું આચરણ

આપણને અહીં પણ આત્મસંતોષ આપે, સુખી કરે અને આપણાં તથા બીજાનાં બંધન કાપી નાખે. ધર્મનું અનુષ્ઠાન આપણે માટે ઉધાર નહિ કિન્તુ ખરેખર નગદ થાય.

* * * * *

## ૧૧. વિજ્ઞાન અને આધ્યાત્મિકતા

આજના યુગને વિજ્ઞાન ને ટેકનોલોજીનો યુગ કહેવામાં આવે છે એ સહેતુક કે સાર્થક છે. એનો સ્વીકાર કોઈ પણ બુદ્ધિવાદી, તટસ્થ ચિંતકને કર્યા વિના ચાલે તેમ નથી. છેલ્લાં કેટલાંક વરસોમાં વિજ્ઞાને જે ઝડપી આગેકૂચ કરવા માંડી છે એ સર્વવિદિત છે. એને પરિણામે અવનવા આવિષ્કારો થયા છે, અને કેટલાંય હેરત પમાડે તેવાં સંશોધનો કરવામાં આવ્યાં છે. અવકાશનાં ક્ષેત્રોમાં પણ માનવ આગળ ને આગળ વધતો જાય છે. એટલે આ યુગ વિજ્ઞાનનો છે એમ કહેવામાં કોઈ જાતની અતિશયોક્તિ નથી થતી.

દરેક વસ્તુની જેમ વિજ્ઞાનનાં, અથવા તો વૈજ્ઞાનિક અન્વેષણોનાં પણ બે પાસાં છેઃ રચનાત્મક અને વિધ્વંસાત્મક. રચનાત્મક ક્ષેત્રે વિજ્ઞાનની મદદથી જેમ ભાતભાતની શોધખોળો કરવામાં આવી રહી છે, તેમ વિધ્વંસના હેતુ માટે પણ વિજ્ઞાનનો ઉઘાડેછોગ અને ભરચક પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે. માનવની કેટલી બધી બુદ્ધિ, ચિંતનશક્તિ, સંપત્તિ અને સર્જકવૃત્તિ એ કામમાં લાગી રહી છે. રચનાત્મક ક્ષેત્રે જેમ એની સિદ્ધિઓ અસાધારણ ને અપ્રિતમ છે તેમ વિધ્વંસાત્મક ક્ષેત્રે પણ એણે આશ્ચર્યચકિત કરી દે એવા અવનવા વિક્રમો કરવા માંડ્યા છે. એ વિક્રમો વધતા જ જાય છે, અને એમનો અંત નથી. વિજ્ઞાનના ઈતિહાસમાં નોંધપાત્ર હકીકત તો એ છે કે એ આજે રાજ્યાશ્રયી બન્યું છે. સત્તાધારી પક્ષો આજે એનો ઉપયોગ પોતપોતાની વૃત્તિ તથા પ્રવૃત્તિ માટે કરી રહ્યા છે. એટલા માટે તો કેવળ રચનાત્મક ક્ષેત્રે પ્રગતિ કરીને બેસી રહેવાને બદલે, એને વિધ્વંસાત્મક ક્ષેત્રે પણ વધારે ને વધારે પ્રયોગો કરતાં આગળ વધવું પડે છે. વિજ્ઞાનની આ કમનસીબી કહો કે દુર્ભાગ્ય ગણો, પરંતુ આ એક વાસ્તવિકતા છે એનો ઈન્કાર થઈ શકે તેમ નથી.

એ વાસ્તવિકતાને પરિણામે, જે વિજ્ઞાન પોતાની બધી જ શક્તિ, સંપત્તિ, શક્યતા ને શોધને લીધે માનવજાત માટે આશીર્વાદરૂપ બની શક્યું હોત, તે એક સમસ્યારૂપ બની ગયું છે. આ કાંઈ કેવળ પ્રજાની જ આશંકા નથી; રાજપુરુષો તથા નેતાઓની પણ પ્રતીતિ છે; એમના ઉદ્દગારો એનું સમર્થન કરાવી જાય છે. એ જ કહે છે કે સમસ્ત જગત એક સર્વસંહારક વિકરાળ જ્વાલામુખીની પાસે બેઠું છે. એ જ્વાલામુખી ક્યારે ફાટશે તે વિષે કશું જ ચોક્કસ ન કહી શકાય. પરંતુ જ્યારે પણ ફાટશે ત્યારે, ને જો ફાટશે તો, સર્વભક્ષી બનીને આધુનિક સભ્યતાની સઘળી સિદ્ધિઓને સ્વાહા કરી દેશે. વિનાશના એ મહાભયંકર વહ્નિમાં પ્રાચીન ને અર્વાચીન, ઉત્તમ ને અધમ, સુંદર ને અસુંદર, તેમ જ ઉપયોગી અને અનુપયોગી, બધું ખાખ થશે, નષ્ટભ્રષ્ટ બની જશે, ને કશાની કણિકા પણ નહિ લાધે. હવેનું યુદ્ધ વિજ્ઞાનની પ્રચંડ વિધ્વંસાત્મક શક્તિના વિનિયોગને લીધે, ભારે પ્રલયંકર સાબિત થશે. એમાં માનવ, માનવનું જે તે બધું તથા સમસ્ત જીવસૃષ્ટિનો નાશ થઈ જશે. રાજકીય પુરુષોની નીતિની એક જ નાનીસરખી ભૂલ, એક જ ઉતાવળિયું, ખોટું, ગણતરી વિનાનું પગલું સૃષ્ટિને સર્વનાશને આરે લઈ જઈને ઊભી રાખશે. એ કથન કાંઈ સાવ અવજ્ઞા કરવા જેવું નથી જ.

ભય અને આશંકાના આવા સમયમાં આધ્યાત્મિકતા શું ભાગ ભજવી શકે ? સંસારને ભયમુક્ત કરવા તથા વિધ્વંસમાંથી બચાવી લેવા માટે તે કાંઈ ફાળો આપી શકે ખરી ? બુદ્ધિમાન પુરુષો તરફથી એવા પ્રશ્નો વારંવાર પૂછવામાં આવે છે. એનો ઉત્તર બે રીતે આપી શકાય છે. એક તો એ કે વિજ્ઞાનની સર્વભક્ષી, સર્વસંહારક શક્તિની સામે, એ શક્તિથી જરા પણ પ્રભાવિત ન થાય, પરંતુ એ શક્તિને પ્રભાવિત કરે અને

એના પર શાસન કરે, એવી ઉત્તમોત્તમ આધ્યાત્મિક શક્તિનું નિર્માણ કરવું. એવી સર્વોચ્ચ શક્તિના નિર્માણને માટે પ્રખરમાં પ્રખર તપ જોઈએ, સાધના જોઈએ, આત્મસમર્પણ જોઈએ, અડગ ધૈર્ય, હિંમત, ઉત્સાહ ને મનોબળ જોઈએ. એ સૌની સાથે છતાં સૌના મૂળમાં, ઈશ્વરની અપાર અનુકંપા ને ઈચ્છા જોઈએ. તો એ કામ સરળ બની શકે. અલબત્ત, સાધના તેમજ તેની મારફત સિદ્ધ થતા સર્વતોમુખી વિકાસનો આ કાર્યક્રમ સમષ્ટિને માટે નહિ, પરંતુ વ્યક્તિને માટે છે, અને એનું આલંબન એકાદ અસામાન્ય યોગ્યતાસંપન્ન વ્યક્તિ જ લઈ શકે. એવી વ્યક્તિ ઈશ્વર તરફથી આવા વિશેષ કાર્યને માટે નિશ્ચિત અથવા તો પસંદગી પામેલી હોવી જોઈએ. પોતાની વિરાટ આત્મિક શક્તિથી એવી અસાધારણ વ્યક્તિ વિજ્ઞાનની વિધ્વંસાત્મક દોટને અટકાવી શકે અને એવી દોટમાં લાગેલા માનવમનમાં પણ ક્રાંતિ કરી શકે.

બીજો ઉત્તર જરા જુદી જાતનો છે. વિજ્ઞાનની આગેકૂચની સાથે સાથે મનુષ્યના મનની પણ આગેકૂચ થવી જોઈએ. વિજ્ઞાને માનવને અનંત શક્તિ, સંપત્તિ, સાધન કે સુખોપભોગનો સ્વામી બનાવ્યો છે. અન્વેષણની અનેકાનેક શક્યતાઓ એની આગળ છતી કરી છે; અને એ રીતે એના જીવનમાં શકવર્તી ભાગ ભજવવા માંડ્યો છે. દેશ ને કાળને ટૂંકા કરી એમના પર શાસન કરી બતાવવાની કરામતો એણે પૂરી પાડી છે. ઐશ્વર્યની અભિવૃદ્ધિ કરવા માંડી છે. આ બધું હોવા છતાં જીવનમાં સુખ, શાંતિ, સલામતી ને નિર્ભયતા કેમ નથી? પારસ્પરિક ધિક્કાર ને કડવાશ હજુ પણ કેમ ચાલુ રહ્યાં છે? ભેદભાવ તેમ જ ચડસાચડસી ને રાગદ્વેષની દીવાલો હજુ પણ કેમ તૂટી નથી પડી? અત્યાચાર, અનાચાર, હિંસા, જોહુકમી ને તૃષ્ણા કેમ ચાલુ છે? દાનવતાને દફનાવી દેવાને બદલે ખુદ માનવતાનો જ મૃત્યુઘંટ કેમ વાગી રહ્યો છે? વસુધૈવ કુટુંબકમની ભાવના પુસ્તકના પઠનપાઠનની જ ભાવના કેમ રહી ગઈ છે, ને તેનો આચારમાં અનુવાદ કેમ નથી થતો? ભોગોની આટલી બધી અદમ્ય લાલસા, તેની પૂર્તિ માટેની થોકબંધ સામગ્રી, એનો પ્રચુર માત્રામાં ઉપયોગ છતાં ઉત્તરોત્તર અતૃપ્તિ અને અશાંતિ કેમ વધતી જ જાય છે? માનવજાતને મદદરૂપ થાય તેવાં સંશોધનોમાં રસ લેવાને બદલે, સંસ્કૃતિનો સર્વનાશ કરનારી જીવલેણ શોધોમાં રસ શા માટે લેવામાં આવે છે? એનો ઉત્તર માનસિક છે. માનવનું મન જ્યાં સુધી ઉદાત્ત નથી બન્યું, નિર્મળ નથી થયું, અથવા તો એની વૃત્તિ કે ભાવનાનું ઊર્ધ્વીકરણ નથી થયું ત્યાં સુધી આ પરિસ્થિતિ કાયમ જ રહેવાની. એનો અંત નહિ જ આવવાનો. માણસ જ્યાં સુધી માનવસહજ સદ્દગુણોથી સંપન્ન થઈને સાચા અર્થમાં માનવ નહિ બને, ત્યાં સુધી શક્તિ કે સામગ્રીનો સદુપયોગ કરીને શાંતિ નહિ જ મેળવી શકવાનો.

એટલા માટે જ, આધ્યાત્મિકતાને અનુસરવાની, ધર્મના મૂળ તત્વોને જીવનમાં ઉતારવાની આજે અનિવાર્ય આવશ્યકતા છે. જો ધર્મ અથવા આધ્યાત્મિકતાનું આચરણ સમ્યક્ રીતે કરવામાં આવે તો વ્યક્તિનું તથા તેની દ્વારા સમષ્ટિનું પરિત્રાણ જરૂર થઈ શકે. આ વાતને યાદ રાખીશું તો લાભ થશે. જગતને સમૃધ્ધ કરવા માટે જેમ વિજ્ઞાનની જરૂર છે, તેમ તેને શાંતિમય, સુખમય ને જીવવા જેવું કરવા માટે ધર્મ અથવા તો આધ્યાત્મિકતાની આવશ્યકતા છે. બંનેનો સમન્વય કરવો પડશે તો જ સર્વનાશના ભયમાંથી બચી શકાશે. આધુનિક યુગે એ મહાન સંદેશ પૂરો પાડ્યો છે. તેને સમજવાથી પોતાનું ને બીજાનું શ્રેય કરી શકાશે એ ચોક્કસ છે.

* * * * *

## ૧૨. આધ્યાત્મિકતા અપ્રિય કેમ છે?

જૂની પેઢીના માણસોની વારંવાર ફરિયાદ છે કે નવી પેઢીમાંથી ધર્મ અથવા તો આધ્યાત્મિકતાની શ્રદ્ધા ઓસરતી જાય છે. ધર્મ અથવા આધ્યાત્મિકતા પ્રત્યેનો પ્રેમ નવી પેઢીમાં ઘટતો જાય છે અને મરી પરવાર્યો છે એમ કહીએ તો ચાલે. તે ધર્મની, ઈશ્વરની કે ધાર્મિક વિધિવિધાનો તથા ક્રિયાકાંડોની ઠેકડી ઉડાવે છે, તેમને જુનવાણીમાં ખપાવે છે, અને જીવનને માટે બિલકુલ અનાવશ્યક સમજે છે. એમની દ્રષ્ટિએ ધર્મનું જીવનમાં કોઈ મહત્વ જ નથી. સ્થાન પણ નથી, તથા મૂલ્ય જ નથી. ઊલટું, એને લીધે કેટલાક વહેમો વધે છે, પામરતા પોષાય છે, ને પરાવલંબન, ભય, ભ્રષ્ટાચાર ને ભેદભાવ ઊભા થાય છે. ખાસ કરીને યુનિવર્સિટીઓમાંથી ડિગ્રી લઈને બહાર આવનારો કે ડિગ્રીની તૈયારી કરનારો શિક્ષિતવર્ગ એ માન્યતાનો વિશેષ ભોગ બન્યો છે, અને એ વર્ગ ધર્મ અથવા તો આધ્યાત્મિકતાની સાથે સંબંધ વિચ્છેદ કરવામાં પોતાનું ગૌરવ ને શ્રેય સમજે છે. આ પરિસ્થિતિનો અંત કેવી રીતે લાવવો? જો આમ ને આમ ચાલ્યા કરશે તો થોડા વખત પછી પ્રજામાંથી ધર્મ અને આધ્યાત્મિકતાનો સમૂળગો લોપ થઈ જશે. ધર્મ અથવા તો આધ્યાત્મિકતાનું જે ઉપરછલ્લું સ્વરૂપ આજે દેખાય છે તે સાધારણ સ્વરૂપ પણ પછીથી નહિ રહે. ધર્મ અને આધ્યાત્મિકતાના શબ્દો શબ્દકોશમાં રહે તો ભલે, પરંતુ વ્યવહારમાં કે જીવનમાં તો નહિ જ રહે.

જૂની પેઢીના માણસોની એ ફરિયાદ કાંઈ એકદમ કાઢી નાખવા જેવી કે નિરાધાર નથી. ફરિયાદ કેટલેક અંશે સાચી છે અથવા એમાં તથ્ય છે. પરંતુ એને અનુલક્ષીને બધો જ દોષ નવી કે ઊછરતી પેઢીનો કાઢીએ એ પણ બરાબર નથી. ધર્મ અથવા આધ્યાત્મિકતા અત્યંત આશીર્વાદરૂપ વસ્તુ છે, તેમ જ ફરિયાદ પણ એને લગતી છે, એટલે એનો સહાનુભૂતિથી સમગ્રતયા વિચાર કરવાની જરૂર છે.

નવી પેઢી વૈજ્ઞાનિક જમાનામાં ઉછરેલી ને ઉછરતી હોવાથી બુદ્ધિવાદી, તર્કપ્રધાન અને શંકાશીલ છે. તે કુતૂહલપ્રધાન પણ છે. એટલે દરેક વસ્તુને ચકાસવામાં, મૂલવવામાં કે પારખવામાં માને છે. પ્રત્યેક પદાર્થ, પ્રથા, પદ્ધતિ કે રીતરિવાજને કસોટીના ગજ પર ચઢાવવાની એની વૃત્તિ છે. ધર્મ કે આધ્યાત્મિકતા પણ એમાં અપવાદરૂપ નથી. એના સંબંધમાં પણ એ એ જ સર્વસામાન્ય ગજનો ઉપયોગ કરે છે અને પૂછે છે કે ધર્મ કે આધ્યાત્મિકતા શું છે. એથી જીવનમાં લાભ શો છે, એની ઉપેક્ષા કરવાથી કે એનાથી વંચિત રહેવાથી નુકસાન શું થાય છે, અને એનો ઉદ્દેશ શો છે? એ ઉપરાંત ધાર્મિક વિધિવિધાનો, પ્રથાઓ, રીતરિવાજો તથા સાધનાઓ અને ધર્મગ્રંથો, સંતપુરુષો તેમ જ ઈશ્વર વિષે પણ કેટલાક પ્રશ્ન પૂછે છે. એ પ્રશ્નો કેટલીક વાર પૂછવાને ખાતર અથવા તો કેવળ વિનોદને માટે જ પુછાતા હોય છે, તો કેટલીક વાર સાચી જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને ગંભીરતા તથા પ્રામાણિકતાથી પણ પુછાતા હોય છે. એવે વખતે, એ જિજ્ઞાસાવૃત્તિને શાંતિપૂર્વક સાંભળવાની, સમજવાની ને સંતોષવાની જરૂર રહે છે. એ જીજ્ઞાસાવૃત્તિને તિરસ્કારવાની કે અપમાનિત કરવાની ભૂલ ના થાય તેનું ખાસ ધ્યાન રાખવાનું હોય છે. એવી રીતે માણસની સ્વાભાવિક કુતૂહલવૃત્તિ કે જિજ્ઞાસાનો અનાદર કર્યા સિવાય જો એને સંતોષકારક રીતે સમજાવવામાં આવે તો ધર્મ અથવા આધ્યાત્મિકતાની વાતો એને ગળે અવશ્ય ઉતરી શકે: ધર્મ અથવા આધ્યાત્મિકતાની આવશ્યકતા એ સમજે, સ્વીકારે અને એના સિદ્ધાંતોને જીવનમાં ઉતારવાની કોશિશ પણ

શરૂ કરે. શિક્ષિત, બુદ્ધિવાદી, તર્કપ્રધાન કે શંકાશીલ વર્ગને ધર્મમાં રસ લેતો કરવાની આ જ પદ્ધતિ છે. એ વર્ગ કાંઈ સાવ જડ કે વિવેક વગરનો નથી. પરંતુ વૈજ્ઞાનિક જમાનાનો વારસદાર હોવાથી એની દૃષ્ટિ પણ વૈજ્ઞાનિક છે. એને વૈજ્ઞાનિક રીતે શક્ય હોય તેટલે અંશે, સંતોષી શકાય છે. પરંતુ તમે એને સમજાવટની સહાયતાથી સંતોષવાની ના જ પાડી દો તો એ ધર્મમાં રસ લેતો કેવી રીતે થઈ શકવાનો છે?

આજની આપણી પદ્ધતિ વધારે ભાગે એવી જ છે. કોઈ આપણને ધર્મ, આધ્યાત્મિકતા, સાધના કે ઈશ્વર વિષે કશુંક પૂછે છે તો તેને સહાનુભૂતિથી સમજાવવાને બદલે ‘તું શું સમજે? હજુ તો તારે વાર છે. અમારી વાતમાં વિશ્વાસ રાખ. તું તો શ્રદ્ધા વગરનો નાસ્તિક છે. ધર્મની બાબતમાં શંકા ના હોય.’ એમ કહીને તેની વાતને ઉડાવી દેવાય છે. બધી વાતો બધા માણસો ના સમજી શકે તે બરાબર છે. એ હકીકતનો સ્વીકાર કરીએ તોપણ, જેટલા પ્રમાણમાં સમજી શકે અને સમજાવી શકાય તેટલા પ્રમાણમાં સમજાવવાનો પ્રયાસ પણ નથી કરાતો. તર્કશક્તિનો પ્રયોગ કરવાની તસ્દી જ નથી લેવાતી. એ તો ઠીક, પરંતુ એથી આગળ વધીને ‘શંકા કરીશ તો નરકમાં પડીશ.’ ‘પાપ લાગશે’. ‘શાસ્ત્રમાં કહ્યું છે અને અમારા બાપદાદા વખતથી અમે કરતા આવ્યા છીએ, માટે તારે પણ કરવું જ પડશે, નહિં તો તારું અમંગલ થશે; અને કરીશ તો તારા સઘળા મનોરથો પૂરા થશે તેમ જ તારી સદ્ગતિ થશે.’ એવી રીતે ધાકધમકી, ભય ને પ્રલોભનોની રજૂઆત કરાય છે. એવી રીતે શું ધર્મ જીવતો રહી શકે તેમ છે ? આધ્યાત્મિકતાને એવી રીતે અકબંધ અને અમર રાખી શકાશે ? એવી રીતે એને લોકપ્રિય બનાવવાની આશા છે ? શિક્ષિત વર્ગ શું એવી પદ્ધતિથી એમાં રસ લેતો થઈ શકશે ? એવી પદ્ધતિથી તો ધર્મ અથવા આધ્યાત્મિકતાને વધારે અપ્રિય બનાવી દેવાશે. શિક્ષિત વર્ગ એથી વધારે વિમુખ થઈ રહ્યો છે અને થતો રહેશે. એવી પદ્ધતિ લેશમાત્ર પણ સહાયક નહિ થઈ શકે, અને આ વૈજ્ઞાનિક યુગમાં નહિ ટકે. બધી જ વસ્તુઓનો સ્વીકાર જ્યાં બુદ્ધિના આધાર પર કસીને કરવામાં આવે છે ત્યાં ધર્મ, સાધના કે આધ્યાત્મિકતા પણ એમાંથી બાકાત કેવી રીતે રહી શકશે ?

અને બાકાત રહે એવું ઈચ્છીએ પણ શા માટે ? આપણને ખબર હોય કે ના હોય, પણ આપણો આખોય ધર્મ, તમારી સમસ્ત સાધના અને આધ્યાત્મિકતા વૈજ્ઞાનિક છે. એ કોઈ માની લીધેલી કે ઊપજાવી કાઢેલી વસ્તુ નથી, પરંતુ એની પાછળ ચોક્કસ ને પરિપક્વ વિચારોનું પીઠબળ છે. એ કોઈ વહેમ નથી પરંતુ, વાસ્તવિકતા છે, અનુભૂતિ છે. વૈજ્ઞાનિક અથવા તો પદ્ધતિસરની વ્યવસ્થિત વિચારધારા સાથે એણે છૂટાછેડા નથી લીધા. એ વિચારધારાને સંપૂર્ણપણે સમજીને સમજાવવા તૈયાર રહીએ એટલું જ આવશ્યક છે. તો શિક્ષિતવર્ગને સંતોષીને તેનામાં ધર્મ કે આધ્યાત્મિકતાની રુચિ તેમ જ રસવૃત્તિ કેળવી શકાશે. એટલે નવી પેઢી જો ધર્માનુષ્ઠાન અથવા આધ્યાત્મિકતાથી રહિત થતી જતી હોય તો તેમાં બધો દોષ એનો જ છે એવું નથી. એના દોષી આપણે પણ છીએ. આપણી પદ્ધતિમાં પરિવર્તન કરીશું તો એ ધર્મથી વિમુખ થતી બચી શકશે. ધર્મ તથા ધર્માનુષ્ઠાનના સાચા રહસ્યને સમજવાથી એ એમાં રસ લેતી થઈ શકશે.

ભારતનો આખોય ધર્મ વૈજ્ઞાનિક છે. એ ધર્મે કદી જિજ્ઞાસાવૃત્તિની અવહેલના નથી કરી. એનો આરંભ જ જિજ્ઞાસાવૃત્તિથી થયો છે, ને જિજ્ઞાસાને એમાં છેવટ સુધી પોષણ મળ્યું છે. એ જિજ્ઞાસાવૃત્તિ પ્રામાણિક હતી એ સાચું છે, પરંતુ ક્યાંય એની ઉપેક્ષા નથી થઈ. ઉપનિષદ ને ગીતા જેવા ગ્રંથો એના ઉદાહરણરૂપ છે. ગીતામાં જ્યાં જ્યાં અર્જુને જિજ્ઞાસાપૂર્વક પ્રશ્નો પૂછ્યા છે ત્યાં ત્યાં ભગવાન શ્રીકૃષ્ણે એમના શાંતિપૂર્વક ઉત્તરો

આપ્યા છે. અને આખરે અઢારમાં અધ્યાયમાં પણ અર્જુનને પૂછ્યું છે કે મારી વાતો તને સમજાઈ ગઈ અને તારી શંકા દૂર થઈ? મતલબ કે હજુ પણ કાંઈ પૂછવા જેવું હોય તો પૂછ, હું તને સમજાવવા તૈયાર છું, એવો એમણે સંકેત કર્યો છે. આપણે પણ એવી પદ્ધતિસરની વ્યવસ્થિત વિચારશક્તિનો આધાર લઈ શકીએ. જરૂર પડ્યે યથાશક્તિ એવો આધાર લેવો જ જોઈએ. તો ધર્મ અથવા આધ્યાત્મિકતાને પ્રિય બનાવી શકાશે, અથવા પ્રિય બનાવવાના કીમતી કામમાં મહત્વનો ફાળો તો અવશ્ય આપી શકાશે.

ધર્મ અથવા તો આધ્યાત્મિકતાની રુચિ પ્રજામાંથી એકદમ ઓસરી ગઈ છે એવું નથી. એને માટેની રસવૃત્તિ હજુ જીવે છે. એના અંકુરો તદ્દન નિર્મૂળ નથી થયા. પ્રજામાં એને માટેની સદ્દભાવના છે, અને એના સંબંધમાં વિશેષ ને વિશેષ માહિતી મેળવવાની ઈચ્છા પણ છે. એ સદ્દભાવના અને ઈચ્છાને સંતોષવામાં આવે તો ધર્મ અથવા તો આધ્યાત્મિકતાને માટેનો એનો પ્રેમ પ્રબળ બને એ દેખીતું છે.

એને માટે જેમની પાસે લખવાની, બોલવાની, પ્રચાર કરવાની ને બીજાને મદદરૂપ થવાની વૃત્તિ તથા શક્તિ છે તે ઘણું મહત્વનું  કે મૂલ્યવાન કામ કરી શકે છે. લખનાર તથા બોલનાર એટલે કે લેખક અને ઉપદેશક અથવા તો વક્તાની શક્તિ જેમ લોકોત્તર છે, તેમ તેમની જવાબદારી પણ ઘણી મોટી છે. પ્રજામાં ધાર્મિક સંસ્કારોનો પ્રસાર કરવાનું અને ધર્મ અથવા તો આધ્યાત્મિકતા માટેની સાચી દૃષ્ટિની રજૂઆત કરવાનું કીમતી કામ તેમના હાથમાં પડેલું છે. તે કામ જો તેમના દ્વારા સમજપૂર્વક ને સારી રીતે થાય તો પ્રજાને ઘણો લાભ મળી શકે. ને ધર્મની સાચી સેવા પણ થઈ શકે. એ હેતુ કે દૃષ્ટિબિંદુને લક્ષમાં રાખીને લેખકે અને ઉપદેશકે બને તેટલી સરળ ભાષામાં લખવાની જરૂર છે, જેથી તેમના વિચારો સૌને સહેલાઈથી સમજાઈ શકે, અને સૌ તેમનું અનુસરણ કરી શકે.

આપણે ત્યાં લેખકો અને ઉપદેશકોનો એક વર્ગ એવો છે જે હજુ જુની ઘરેડમાંથી બહાર નથી આવતો. ધર્મ, સાધના, ઈશ્વર કે આધ્યાત્મિકતાની વાતોને સરળ અને લોકભોગ્ય ભાષામાં રજૂ કરી જ ના શકાય એવું એમનું માનવું છે. એટલે એ વાતોની રજૂઆતને માટે જ્યારે તે કલમ ઉપાડે છે કે મુખ ખોલે છે ત્યારે એવું અટપટું અર્થઘટન કરે છે, ગહન તથા કર્કશ બોલે છે ને લખે છે કે વધારે ભાગે તે જ વક્તા ને શ્રોતા બની જાય છે. મતલબ કે તેમની વાતોને તેમના જેવા થોડાક માણસોને બાદ કરતાં કોઈ સમજી જ નથી શકતું. એવી વાતોથી ધર્મની સેવા શી રીતે થઈ શકશે ને ધર્મને લોકપ્રિય પણ કેવી રીતે બનાવી શકાશે? કેટલાક વિદ્વાનો કે વિચારકો લખવા કે બેલવાને ખાતર જ કઠિન ભાષામાં લખતા કે બોલતા હોય છે: તેમાં તેમને એક પ્રકારનું ગૌરવ લાગે છે: તો કેટલાકને એવી રીતે લખવા તથા બોલવાની ટેવ જ પડી હોય છે. એવી ટેવ અથવા તો એવું ગૌરવ બીજાને માટે હાનિકારક છે એ વાતનો કદાચ તેમને ખ્યાલ નહિ હોય. પરંતુ આપણી યુવાન પેઢીમાંથી ધર્મ અથવા તો આધ્યાત્મિકતાની શ્રદ્ધા ધીરે ધીરે ઓસરતી જાય છે તેનું એક કારણ એ પણ છે. યુવાન પેઢી જિજ્ઞાસુ જરૂર છે. પરંતુ તેની જિજ્ઞાસાવૃત્તિને સમ્યક જવાબ આપીને સંતોષે એવું સાહિત્ય-વાચન, મનન ને પ્રવચન એને બહુ ઓછું મળે છે. આ સ્થિતિનો અંત આણવાનું આવશ્યક છે. યુવાન પેઢીને એથી લાભ થશે એ નક્કી છે. એટલા માટે જ પંડિતો, લેખકો, વિચારકો ને ઉપદેશકોને આપણે કહીશું કે તમારા ભાવો, વિચારો ને સિદ્ધાંતોને બને તેટલી સીધી ને સરળ ભાષામાં રજૂ કરવાનો આગ્રહ રાખો.

એ ઉપરાંત એક બીજો મુદ્દો પણ વિચારવા જેવો છે. નવા જમાનામાં બધી વસ્તુઓનાં મૂલ્યો બદલાયાં છે ને બદલાતા જાય છે. આ યુગના પ્રશ્નો જુદા છે ને જુદી જ રીતે જુદાં જ કારણોસર સતાવી રહ્યા છે. માણસ આજે મોટે ભાગે ભૌતિક બન્યો છે ને બનતો જાય છે. ગમે તેમ કરીને ધન પ્રાપ્ત કરવું ને સુખ ભોગવવું એ એનો મુદ્રાલેખ છે. રોજી ને રોટીની સમસ્યામાં એ એવો તો અટવાઈ ગયો છે કે વાત નહિ. તે એમ પૂછે છે કે આધુનિક યુગમાં અને આ બદલાયેલા સંજોગોમાં ધર્મ અને પ્રાચીન ધર્મના સિદ્ધાંતો કેવી રીતે સહાયક થઈ શકે એમ છે? આધ્યાત્મિકતાનું સ્થાન આજે શું છે? આજની બદલાયેલી પરિસ્થિતિમાં ધર્મ અથવા આધ્યાત્મિકતા કેવી રીતે કામ લાગી શકે તેમ છે? જીવન ને જગતના પ્રાણપ્રશ્નોને હલ કરવામાં તે કયો કે કેવોક ફાળો આપી શકે તેમ છે? એને જીવન તથા જગતની સાથે કાંઈ સંબંધ છે કે નહિ? આવા પ્રશ્નો વર્તમાન પ્રજાને સ્વાભાવિક રીતે જ ઊઠતા હોય છે. એ એક સારું અથવા તો આવકારદાયક ચિહ્ન છે ને ધર્મ અથવા આધ્યાત્મિકતાના અસ્તિત્વને માટે લાભકારક છે. જે ધર્મ જમાનાની જરૂરતને નથી જાણતો, જમાનાની સાથે નથી ચાલતો, જમાનાના પરિબળોને નથી પોષતો, તથા જમાનાના પ્રાણપ્રશ્નોને પોતાની રીતે પૃથક્કરણ કરીને નથી ઉકેલતો, કે ઉકેલવાની વૃત્તિ પણ નથી રાખતો, તે ધર્મ સનાતન નથી રહી શકતો, પુરાતન બની જાય છે, તથા કાયમને માટે ટકી નથી શકતો. તે ધર્મ પુસ્તકોમાં રહે છે, પંડિતો ને વિચારકોની વાણીમાં ફરી વળે છે, પરંતુ પ્રજાના પ્રાણમાં તેમ જ અસ્તિત્વના અણુ-પરમાણુમાં નથી પ્રસરી શકતો. તે શોખ, વિલાસ, રૂઢિ કે મનોરંજનનું સાધન બની રહે તે ભલે, પરંતુ આવશ્યકતા, ભૂખ, બળ કે પ્રેરણા નથી બની શકતો.

એટલે પ્રજાની સામે ઊભા થનારા એ પ્રશ્નોની અવગણના કરવાને બદલે, તેમને સહાનુભૂતિથી સમજવાની તથા સમજાવવાની જરૂર છે. ધર્મ સનાતન હોવાથી તેમાં સર્વ કાળની પ્રજાને માટે સંદેશ સમાયેલો છે. એ સંદેશની રજૂઆત કરવાની શક્તિ કેળવવી પડશે. ધર્મ અથવા આધ્યાત્મિકતાની મૂલવણી આધુનિક સમસ્યાઓના આધાર પર, આધુનિક દૃષ્ટિએ કરવી પડશે, અને વર્તમાન જીવન તથા જગતમાં એની ઉપયોગિતા પર પ્રકાશ ફેંકવો રહેશે. ધર્મ વિનાનું જીવન ને જગત કેટલું બધું પંગુ ને નીરસ બની શકે એમ છે ને ધર્મને લીધે કેટલું બધું સુખદ, શાંતિમય અને સ્વર્ગીય થઈ શકે તેમ છે તે અત્યંત અસરકારક રીતે રજૂ કરવું પડશે. એવું નહિ થાય તો ધર્મની રહીસહી રુચિ તથા શ્રદ્ધા પણ જતી રહેશે, ને તેનો દોષ એકલી પ્રજાને જ નહિ દેવાય.

લોકોમાં ક્યાંક ક્યાંક એવી ભ્રાંત ધારણા પણ પ્રચલિત છે કે ધર્મ, સાધના, ઈશ્વરભક્તિ કે આધ્યાત્મિકતા તો વૃદ્ધાવસ્થામાં કરવાની વસ્તુઓ છે અને એમનું અનુષ્ઠાન એકાંત પ્રદેશમાં કે અરણ્યમાં રહીએ તો જ થઈ શકે. એમને માટે વર્તમાન જીવનપદ્ધતિનો, સગાંસંબંધીનો ને ઘરબહારનો ત્યાગ કરવો પડે. એટલે એમનું નામ આપણે નથી લેવા જેવું. એવી ભ્રાંત ધારણા ઉપરાંત એક માન્યતા એવી પણ છે કે એમના અનુષ્ઠાનથી જીવનના રસકસ સુકાઈ જાય છે અને આનંદ જેવું કાંઈ નથી રહેતું. એવી ધારણા ને માન્યતા નિરાધાર છે એ સમજાવવું રહેશે. એને લીધે પણ વર્તમાન પ્રજા ધર્માનુષ્ઠાનથી વિમુખ થતી જાય છે. એને કહેવું પડશે કે ધર્મ, સાધના, ઈશ્વરભક્તિ અથવા આધ્યાત્મિકતાનું અનુષ્ઠાન એ ત્યાગ, સંન્યાસ, અરણ્યવાસ કે જીવન ને જગતથી છૂટાછેડા નથી. એને માટે એ આવશ્યક જ છે એવું નથી સમજવાનું. એવા

અનુષ્ઠાનથી જીવનનો રસ સુકાઈ જશે કે આનંદ લુપ્ત થઈ જશે એમ પણ નથી. એથી તો ઊલટું, અભૂતપૂર્વ અખૂટ રસની અને પરમાનંદની પ્રાપ્તિ થશે. એક વાર એનો આસ્વાદ તો લઈ જુઓ ! એક વાર એના પ્રામાણિક ઉમેદવાર તો બની જુઓ ! પછી ખાતરી થશે. ધર્મ અથવા આધ્યાત્મિકતા જીવનને નીરસ કરવાની પ્રવૃત્તિ નથી, પરંતુ રસમય બનાવવાની કળા છે. એથી જીવન ઉત્તરોત્તર રસમય બનતું જાય છે. એ વૃદ્ધાવસ્થાનો વિષય પણ નથી. એ તો સાચું કહીએ તો મૂળભૂત રીતે યૌવનની અને સમસ્ત જીવનની સાધના છે. નસેનસમાં જ્યારે લોહી ઉછળતું હોય, સ્વસ્થતા હોય, તરવરાટ થતો હોય, શક્તિના પ્રચંડ પૂર ઊઠતાં હોય, તથા પ્રાણમાં આશા, શ્રદ્ધા, લગન અને મહત્વકાંક્ષા ભરી હોય, ત્યારે જ મનને તેમાં લગાડવા જેવું છે. તો તે ચમત્કાર કરી શકે. ફૂલ જ્યારે તાજું, સુવાસિત કે કોમળ હોય ત્યારે જ તેને દેવતાના ચરણ પર ચઢાવવા જેવું કે દેવતાના મસ્તક પર મૂકવા જેવું હોય છે. તે સૌરભહીન બની જાય પછી શું ? પછી તેનો શો ઉપયોગ થઈ શકે ? પૂજાસેવાના કામમાં તો તે આવે જ કેવી રીતે ?

ધર્મ અથવા આધ્યાત્મિકતા વૃદ્ધાવસ્થાનો ઈજારો નથી પરંતુ યુવાવસ્થાની આવશ્યકતા અને સમસ્ત જીવનની જરૂરત છે એ વાતને યાદ રાખવાની જરૂર છે. યુવાનોને માટે એ અત્યંત ઉપયોગી છે, ને યુવાનો એના ઉત્તમોત્તમ ઉમેદવારો છે. યુવાનોને એમની અવસ્થાને લીધે કેટલાક લાભ સહજ રીતે જ મળી રહે છે. એમનામાં સ્ફૂર્તિ હોય છે, લગન હોય છે, જુસ્સો હોય છે, નવું નવું શોધવાની ને ભોગ આપવાની વૃત્તિ હોય છે, તથા પુરુષાર્થપરતા તેમ જ સહનશક્તિ હોય છે. એટલે જો ધારે તો એ આધ્યાત્મિક માર્ગે સત્વર અને સહેલાઈથી આગળ વધી શકે છે. ધર્મ અથવા તો આધ્યાત્મિકતાના ક્ષેત્રમાં એટલા માટે જ યુવાનો વધારે ને વધારે પ્રમાણમાં પ્રવેશ કરે ને રસ લે એ જરૂરી છે. છતાં પણ પરિસ્થિતિ આજે કેવીક દેખાય છે ? ધર્માનુષ્ઠાન કે સત્સંગ જાણે વૃદ્ધાવસ્થાનો જ ઈજારો હોય અને વૃદ્ધાવસ્થાને સારુ જ સુરક્ષિત હોય તેમ વૃદ્ધો જ એમાં વધારે રસ લેતા દેખાય છે. યુવાનોને એની સાથે કાંઈ લાગતુંવળગતું જ ના હોય એવી અસર ઊભી થયા વિના રહેતી નથી. આ પરિસ્થિતિ બહુ સારી અને આવકારદાયક નથી. એને બદલે ધર્માનુષ્ઠાન, સત્સંગ, સાધના અથવા આધ્યાત્મિકતામાં યુવાનોની સંખ્યા વધારે હોવી જોઈએ.

પરંતુ એવી પરિસ્થિતિનું નિર્માણ કેવી રીતે થઈ શકે ? ઘરમાં, કુટુંબમાં તથા સ્કૂલમાં ધર્મનો સાચો પરિચય થાય એવું વાતાવરણ ભાગ્યે જ મળે છે. શિક્ષણની સંસ્થાઓ એ બાબત ઘણું ઘણું કરી શકે. પરંતુ એ સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણની જોગવાઈ જ ક્યાં છે ? રાજ્ય તરફથી ધાર્મિક શિક્ષણની વ્યવસ્થા નથી, એના કારણમાં એમ કહેવામાં આવે છે કે બિનસાંપ્રદાયકતાના આદર્શને સ્વીકારેલો હોવાથી રાજ્ય ધર્મની બાબતમાં સક્રિય રસ ના લે કે હસ્તક્ષેપ પણ ના કરે. રાજ્યે બિનસાંપ્રદાયકતાનો આદર્શ અપનાવ્યો છે એ બરાબર છે, પરંતુ ધર્મ અને ધાર્મિક શિક્ષણ સાથે તેણે છૂટાછેડા લીધા છે એવું થોડું છે ? કોઈ એક વિશેષ ધર્મ પ્રત્યે તે પક્ષપાત તથા તિરસ્કારનો ભાવ ના રાખે એ સમજી શકાય તેવું છે. પરંતુ તે સર્વધર્મસમભાવ નીતિમાં તો માને જ છે, એટલે સર્વધર્મભાવના સિદ્ધાંતને પોષક ધર્મશિક્ષણ પ્રત્યે ઉદાસીન કે ગાફેલ ના રહી શકે. જો ગાફેલ રહે તો તે ઉચિત કે ઉપકારક ના ઠરે. બધા જ ધર્મોમાં નીતિ, સદાચાર તથા તત્વજ્ઞાનની અમુક સામગ્રી સરખી છે. ધર્મનું બાહ્ય કલેવર ભલે જુદું હોય, પણ એનો આત્મા અલગ છે એવું નહિ કહી શકાય ધર્મની એ અંતરંગ સામગ્રી સૌને માટે ઉપયોગી છે. એ સામગ્રીથી યુવાન પેઢીને પરિચિત કરાવવામાં આવે

તો એ પેઢીને લાભ થાય. એને ધર્મનો આછોપાતળો ખ્યાલ આવી શકે. ધર્મના સર્વસામાન્ય સિદ્ધાંતો ને એવા શિક્ષણનો પ્રબંધ રાજ્ય તરફથી કરવામાં આવે તો તેના આદર્શને કશી હરકત ના આવે, અને યુવાન પેઢી ધાર્મિક શિક્ષણથી વંચિત પણ ના રહી જાય. ધાર્મિક શિક્ષણની વ્યવસ્થા રાજ્ય તરફથી કરવામાં આવે એ એટલા માટે પણ સારૂં લેખાશે કે અંગત હિત ધરાવનારા લોકોને ધર્મને નામે પોતાના મનગમતા સંપ્રદાયના પ્રચાર માટેની તક નહિં મળે, ને બધે એક સરખું ધાર્મિક શિક્ષણ સુલભ બનશે.

ધર્મગ્રંથોમાં-ખાસ કરીને કથાવાર્તાઓમાં ક્યાંક ક્યાંક એવી વાતો આવે છે કે જે કેટલીક વાર અતિશયોક્તિ જેવી લાગે છે. યુવાન વર્ગ પર એમની અસર એટલી સારી નથી થતી. એમનું રહસ્ય એમને માટે રહસ્યરૂપ જ રહી જાય છે. એવી અત્યુક્તિ જેવી વાતોને લીધે કેટલીક વાર એમની શ્રદ્ધા પણ હાલવા માંડે છે. એવી વાતોની પસંદગી અથવા તો રજૂઆત વખતે ખાસ ધ્યાન આપવાની આવશ્યકતા છે. વિવેકશક્તિને કામે લગાડવાની જરૂર છે.

ધર્મ અથવા આધ્યાત્મિકતા પ્રત્યે લોકોને અભિરુચિ અવશ્ય છે. લોકો તે વિષે માહિતી મેળવવાની ઈચ્છા પણ રાખે છે. અનુભવી પુરુષોના સ્વાનુભવોને જાણવાની વૃત્તિ પણ એમનામાં નથી એમ નહિ. પરંતુ એવી વૃત્તિને પોષણ પણ ભાગ્યે જ મળે છે. અનુભવી પુરુષો પોતાની અનુભવ-વાતોને અપ્રકટ કરવામાં કે ગુપ્ત રાખવામાં જ માને છે. બધી જ અનુભવ-વાતો બધાની આગળ પ્રગટ કરવા જેવી ના હોય એ સમજી શકાય તેમ છે; પરંતુ એનો અર્થ એવો થોડો છે કે કોઈ વાત પ્રકટ જ ના કરવી ? પ્રકટ કરવા જેવી કોઈ વાતોને જો પ્રકટ કરવામાં આવે તો તેથી ડગમગતી શ્રદ્ધાવાળા લોકોને મદદ મળે, પ્રેરણા ને પ્રકાશની પ્રાપ્તિ થાય, અને સાધનાની સચ્ચાઈનો ખ્યાલ આવે. પરંતુ એવા સાધનાત્મક સ્વાનુભવ-ઈતિહાસો આપણે ત્યાં ઘણાં ઓછા છે. એવા ઈતિહાસો લખવાની જ્યાં ઈચ્છા જ ના હોય,અને ભૂલેચૂકે કોઈ લખે પણ તો તેની લેખનપ્રવૃત્તિ અને અનુભૂતિને અહંકારજન્ય કહીને તથા કીર્તિ કમાવાનું સાધન માની-મનાવીને તેની હાંસી ઉડાવવામાં આવતી હોય, તથા તેની વાતોને અનુભવ કરવાની લેશમાત્ર પણ પરવા કર્યા વિના વહેમમાં, પોકળ વાતોના પ્રચારમાં કે વ્યક્તિગત ડિમડિમમાં ખપાવવામાં આવતી હોય, ત્યાં એવા ઈતિહાસો લખવાની પહેલ પણ કોણ કરે, અથવા એવી લેખનપ્રવૃત્તિમાં રસ પણ કોણ લે? પરિણામે અનુભવ વગરના કે અધકચરા અનુભવવાળા માણસોની વાતોને જ મહત્વની માનવાની રહે, એ વાતોથી દોરાવાનું રહે, અને એમના આધાર પર જ ધર્મ, સાધના, ઈશ્વરભક્તિ કે આધ્યાત્મિકતા સંબંધી અભિપ્રાયો બાંધવાના રહે. એવી રીતે ધર્મની સેવા ક્યાંથી થઈ શકે ? એટલે થોડીઘણી કપોળકલ્પિત વાતો ને ટીકાનિંદાને વહોરી લઈને પણ, અનુભવી પુરુષોએ એનાથી ડર્યા કે ડગ્યા વિના, પોતાની સ્વાનુભવાત્મક સાધના-સામગ્રીને સાધનાની સેવા માટે પ્રામાણિકપણે રજૂ કરવી જોઈએ. એથી એકંદરે લાભ જ થશે.

ધર્મ અથવા આધ્યાત્મિકતાને લોકપ્રિય બનાવવા માટે એક બીજી વાતનું વિસ્મરણ પણ નથી કરવા જેવું. યુવાન પ્રજામાં ધર્મની રુચિ વધારવા માટે ધર્મના બહારના રીતરિવાજો અને ક્રિયાકાંડોને વધારે અગત્ય આપવાને બદલે, ધર્મના નીતિનિયમો, સદાચાર-સિદ્ધાંતો, સેવાભાવના, ભાતૃભાવના અથવા તો એકતાના આદર્શો તરફ વધારે લક્ષ ખેંચવા જેવું છે. એ ધર્મનો આત્મા છે. એની આપણને અધિક આવશ્યકતા છે. એના પ્રત્યે દુર્લક્ષ કરીને ધર્મને કેવળ બાહ્ય વિધિવિધાનો અને ક્રિયાકાંડોમાં જ કેદ કરી દેવાથી એ ધર્મ આધુનિક

પ્રજાને પ્રિય નહિં બની શકે. ધર્મના અંતરંગ સનાતન સિદ્ધાંતોને સ્વીકાર તો સૌ કોઈ કરશે, ને સૌને માટે તે ઉપયોગી સાબિત થશે. એ દૃષ્ટિએ જોઈએ તો હૃદયની શુદ્ધિ, મન-ઈન્દ્રિયોનો સંયમ, સેવાભાવ અને સૌમાં એકરૂપ થઈને રહેલા પરમાત્માના પ્રકાશની ઝાંખી દ્વારા સૌ પ્રત્યે પ્રેમભાવની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ અત્યંત હિતકારક અને આશીર્વાદરૂપ થશે. એમના તરફ લોકોનું જેટલું ધ્યાન દોરવામાં આવે એટલું ઓછું છે. સાથે સાથે ધર્મોપદેશકો, ધર્માચાર્યો, ધર્મસ્થાનો અને ધાર્મિક જનતાએ પોતાની જાતને નિર્મળ રાખવાની ને ધર્મના સાચા રહસ્યને સાકાર કરવાની જરૂર છે, જેથી પ્રજાને એમનામાંથી પ્રેરણા મળી શકે. પ્રજાના ધર્મવિશ્વાસને વધારવામાં ને સુદૃઢ કરવામાં એ પણ ઘણો મહત્વનો ભાગ ભજવશે એમાં સંદેહ નથી.

ધર્મ અથવા આધ્યાત્મિકતાને પ્રિય બનાવવાનું કામ એવી રીતે સહેલું થઈ શકે તેમ છે. આપણી અને ભવિષ્યની યુવાન પેઢી એથી વંચિત ના રહી જાય એ ખાસ જોવાનું છે. ધર્મથી વંચિત રહેવામાં કોઈને લાભ તો નથી જ, હાનિ વિશેષ છે.

* * * * *

## ૧૩. જીવનની કળા

આજના વૈજ્ઞાનિક યુગમાં માનવની બુદ્ધિ દિનપ્રતિદિન વધારે વિકાસ કરતી જાય છે. એને પરિણામે અવનવાં અથવા તો આશ્ચર્યમાં ગરકાવ કરી દે એવાં સંશોધનો થતાં જાય છે. એ સંશોધનોમાંનાં કેટલાક માનવસમાજને માટે હિતકારક પણ છે તો કેટલાક સર્વનાશની શક્યતા પણ ધરાવે છે. માણસની એક જ ભૂલ, ખોટી ગણતરી અથવા એક જ ખોટું પગલું સંસારનો સર્વનાશ કરી શકે તેમ છે. આપણે ઈચ્છીશું કે એવું ના થાય. પરંતુ કેવળ ઈચ્છવાથી કશું નહિ વળે. મૂળ મુદ્દો માનવના વિકાસનો, હૃદયપલટાનો અથવા તો દૃષ્ટિબિંદુના પરિવર્તનનો છે. મૂળ વાત એ છે કે માનવે સાચા અર્થમાં માનવ થવું પડશે, ને માનવે ચાહતાં શીખવું પડશે. આજે બુદ્ધિ વધતી જાય છે, પરંતુ હૃદયનો વિકાસ નથી થતો. હૃદયમાં તો એવી જ લાલસાઓ, તૃષ્ણાઓ, સ્પર્ધાઓ, સંકુચિતતા, વૈમનસ્ય ને સ્વાર્થ ભરેલા છે. બુદ્ધિ અને હૃદય બંનેનો વિકાસ ના થાય ત્યાં સુધી માનવ આદર્શ-માનવ ના બની શકે ને બીજાને સહાયક કે શાંતિદાયક પણ ના થઈ શકે. આપણે એવી સંસ્કૃતિની આવશ્યકતા છે જેમાં મન, બુદ્ધિ ને હૃદય તથા આત્મા સૌને સ્થાન હોય, તેમ જ સૌના વિકાસની શક્યતા હોય. તો જ સૃષ્ટિમાં શાંતિની સ્થાપના થઈ શકે.

માણસ એવી શક્તિ મેળવે કે જેથી આકાશમાં ઊડે, પૃથ્વીની પરિકમ્મા કરે, ગ્રહ કે નક્ષત્રોમાં પહોંચે ને ભૂગર્ભમાં પણ પ્રવેશે, પરંતુ એક મનુષ્ય તરીકે પૃથ્વી પર મનુષ્યની સાથે સ્નેહ, સંપ ને શાંતિથી શ્વાસ લેતાં ના શીખે તો ? પોતાના જીવન દ્વારા બીજાને આતંકરૂપ બનવાને બદલે આશીર્વાદરૂપ બનતાં ના શીખે તો ? તો એવી શક્તિ એને અને બીજાને માટે ભાગ્યે જ મંગલમય બની શકે. સામાન્ય માણસ પણ ગમે તેટલો ધનવાન, વિદ્વાન કે શક્તિશાળી હોય તો પણ જો પોતાના જ ઘરના સભ્યો, પાડોશીઓ તથા સમાજની વ્યક્તિઓ સાથે શાંતિપૂર્વક ના જીવી શકે તો ? તો એવી શક્તિ, શ્રી, સત્તા કે બુદ્ધિમત્તા ભાગ્યે જ કોઈનું કલ્યાણ કરી શકે. એટલે બીજી બધી વસ્તુઓની સિદ્ધિની સાથેસાથે પોતાનાં ઘર, સમાજ કે સંસારને સુખી કરવા માટે, માણસે ઉત્તમ માનવ થવાની અથવા તો જીવનને ઉત્તમ રીતે જીવવાની કળા સિદ્ધ કરવી જોઈએ. એ કળાની કીંમત ઘણી મોટી છે.

જીવનના કલાકારે સમજી લેવું જોઈએ કે સંસાર પરિવર્તનશીલ છે ને સ્થાયી નથી. એનાં બધાં જ નામ ને રૂપ અસ્થાયી છે. ભારતમાં એવી દીક્ષા છેક કિશોરાવસ્થામાંથી જ આપવામાં આવતી. એને એને માટે સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંધ્યાની શરૂઆતમાં જ કહેવામાં આવતું કે 'ૐ અગ્નિરિતિ ભસ્મ. વાયુરિતિ ભસ્મ.' હાથમાં ભસ્મ લઈને સંધ્યા કરનાર એ મંત્ર બોલતાંબોલતાં ભાવના કરતો કે અગ્નિ, વાયુ, જળ, સ્થળ ને વ્યોમમાં વસનારા બધા જ જીવો ક્ષણભંગુર છે, પંચમહાભૂતના બધા જ પદાર્થો ક્ષણભંગુર છે, મન તથા લોચન પણ છેવટે ભસ્મિભૂત થઈ જશે, ભસ્મ સૌનું છેવટનું પરિણામ છે, માટે હે મન, સંસારના બાહ્ય પદાર્થોમાં આસક્તિ ના કર. એ આસક્તિ દુઃખ તથા શોકનું કારણ છે. એવી રીતે વિચારવાથી દુન્વયી પદાર્થો પ્રત્યેની આનાસક્તિ તથા નિર્મમતામાં મદદ મળે છે, અને કર્મ કરવા છતાં પણ, ચિત્ત અલિપ્ત ને ઉપરામ રહે છે. એથી જીવનનો રસ સુકાઈ નથી જતો. આપણે જીવનરસના અથવા તો આનંદના વિરોધી નથી. જીવનનો આનંદ જરૂર ચાખો. એનો રસાસ્વાદ લો. સ્નેહના સંબંધો બાંધો. પરંતુ

બંધાવ કશામાં નહિ. આસક્ત કશામાં ના થાવ. ભાન ના ભૂલો. અંધ અવિવેકી ના બનો. તમારા ધ્યેયના ના ભૂલો. જગતને ઈશ્વરની વિશાળ લીલારૂપે જુઓ. જીવનને એક મહાન નાટકરૂપે માનો. અને તમને જે અભિનય મળ્યો છે તેને તટસ્થ રીતે પૂરો કરો. એમાં ડૂબી ના જાવ. વૈરાગ્યના ભાવને જાગ્રત રાખીને, તમારે ફાળે આવેલાં કર્મો, તમારે માટે નક્કી થયેલી ફરજો ને જવાબદારીઓને કોઈ પણ પ્રકારના બડબડાટ વિના, સ્મિતપૂર્વક પૂરી કરો. તમારા જીવનનો ઉપયોગ સમાજના બીજા સભ્યો માટે પણ કરો. કેવળ એકલપેટા ના બનો. બીજાની સેવાને જીવનનું વ્રત બનાવો. એથી નિઃસ્વાર્થતા પેદા થશે અને અનાસક્તિ આપોઆપ આવી જશે.

યાદ રાખો કે કેટલાક માણસો માને છે તેમ કોઈને દગો દેવામાં, છલકપટ કરવામાં કે કોઈની સાથે છેતરપીંડી કરવામાં કળા નથી સમાયેલી. એમાં કોઈ ચતુરાઈ માનતું હોય તો એવી ચતુરાઈ નકામી છે. છેવટે તો તે પોતાને પણ પીડારૂપ થાય છે. જે સાંસારિક સુખસંપત્તિને એકઠી કરવામાં ને તેમાં મહાલવામાં જ જીવનનું શ્રેય સમજે છે, તે પણ સમજી લે કે સાંસારિક સુખસંપત્તિ આવશ્યક હોવા છતાં જીવનનું સારસર્વસ્વ નથી, મિથ્યા છે. તે સંપૂર્ણ શાંતિ નથી આપી શકતી, અને એક દિવસ એને છોડીને ચાલવાનું છે. જીવનની કળા તો બીજાને મદદરૂપ થવામાં છે. સાદાઈ, સંયમ, સંપ, સ્નેહ ને મીઠાશથી જીવવામાં છે. સૌની સાથે પ્રામાણિકતાથી વ્યવહાર કરવામાં છે અને જ્યાં હોઈએ ત્યાં ઉત્તમ ચારિત્ર્ય કે કર્મોની ફોરમ ફેલાવવામાં છે. આત્મિક શાંતિની પ્રાપ્તિ એવી રીતે જીવવાથી આપોઆપ થઈ જાય છે, અને જીવનની સફળતાનો સંતોષ પણ મળી રહે છે.

તમારા પોતાના નિયમો ને સિદ્ધાંતોને બધા સંજોગોમાં વળગી રહેતાં શીખો. એમાં જ્યારે ત્યારે ને જેમ ફાવે તેમ બાંધછોડ કરવાની ટેવ ના પાડો. વ્રતો, નિયમો ને સિદ્ધાંતોના પાલનથી એક પ્રકારની શાંતિ મળશે, આત્મવિશ્વાસમાં વધારો થશે, ને મન મજબૂત બનશે. પ્રલોભનો ને ભયસ્થાનો સામે ટકી રહેવાની શક્તિ પણ સાંપડી રહેશે. કોઈપણ જાતના દબાણ, સ્વાર્થ કે પ્રલોભનોને વશ થઈને તમારા સન્માર્ગનો ત્યાગ ના કરો. એ અત્યંત આવશ્યક છે. એ ઉપરાંત, તમારા સિદ્ધાંતોનું પાલન કરતાં કરતાં દુઃખ આવે, વિરોધ થાય, નિંદાનો સામનો કરવો પડે, અને મોટામાં મોટો ભોગ આપવો પડે, તોપણ તેથી ડર્યા કે ડગ્યા વિના, તમારા માર્ગ પર આગળ ને આગળ ચાલ્યે જ રાખો. કોઈ કારણે નિરાશ કે નાહિંમત તો ના જ બનો.

એવી રીતે જીવન જીવવાની કળાનો આનંદ લૂંટી શકશો. અને જેમ જીવન જીવવાની કળા છે તેમ મરણની પણ કળા છે ને? ઈશુ, સુકરાત, દયાનંદ ને ગાંધીજી જેવા મહાપુરુષોએ એ કળાનું દિગ્દર્શન કરાવ્યું છે. જેનું જીવન નિષ્પાપ ને નિર્મલ છે તેનું મરણ પણ મંગલ હોય છે. તે શાંતિથી ને સ્મિત સાથે શરીર છોડી શકે છે. એનું મન ઈશ્વરમાં જ જોડાયેલું રહે છે. મરણ એને માટે દુઃખદ, આઘાતજનક કે વિષાદનું કારણ નથી થતું. એ વખતે એ બીજી લૌકિક લિપ્સા કે ભ્રમણામાં નથી પડતો. એ કળાને જે સાધી શકે છે તેને માટે જીવન ને મરણ બંને મહોત્સવ જેવા મંગલ થઈ પડે છે. મરણ પણ આખરે તો નવજીવનનું એક પ્રવેશદ્વાર જ છે ને? પછી શેનો શોક ? તેનો ભય પણ શા માટે? તેને શાંતિ તથા સ્મિત સાથે સત્કારવામાં જ જીવનની કળા છે: સાર્થકતા કે ધન્યતા છે.

* * * * *

## ૧૪. ઈશ્વરસ્મરણનો આધાર

દુનિયામાં દુઃખનો પાર નથી. દુનિયા દુઃખથી ભરેલી છે એમ કહીએ તો ચાલે. કેટલાય લોકો દુઃખી છે. એ લોકો દુઃખમાંથી મુક્તિ મેળવવાની ઈચ્છા રાખે છે, અને એને માટે બનતા પ્રયાસ પણ કરે છે. કોઈના પ્રયાસ ફળે છે તો કોઈના નથી ફળતા, અથવા તો ઓછી માત્રામાં ફળે છે એ વાત જુદી છે; પરંતુ દુઃખમુક્તિના મનોરથ તો બધા સેવતા જ હોય છે. દુઃખી લોકો રાહત અને આશ્વાસન માગતા હોય છે. એને માટેની અભિલાષાથી પ્રેરાઈને એ આપણી પાસે આવીને કેટલીક વાર પોતાનું દિલ ખુલ્લું કરવાની કોશિશ કરતા હોય છે. એવે વખતે આપણું શું કર્તવ્ય છે?

એવા દુઃખી લોકોના શારીરિક, માનસિક કે આત્મિક દુઃખને ઈચ્છા હશે તો પણ, તમે લઈ શકો તેમ નથી. તે દુઃખ તો તેમણે ભોગવવાનું જ છે. છતાં પણ તેમને મળવાનો અવસર આવે ત્યારે તેમને શાંતિથી મળજો તથા સાંભળજો. તેમનો તિરસ્કાર ના કરશો, તેમને જોઈને મોં પણ ના મચકોડશો, કે તેમની હાંસી પણ ના ઉડાવશો. તેમની જગ્યાએ જો તમે હો તો કેવા વર્તનની આશા રાખો તેનો વિચાર કરીને તેમની સાથે સહાનુભૂતિભરેલો વ્યવહાર કરજો. કોઈનું દુઃખ કોઈ લઈ લેતું નથી એ વાત સાચી છે છતાં પણ એ હકીકત પણ એટલી જ સાચી છે કે આપણો પ્રેમમય અથવા તો માનવતાભરેલો વ્યવહાર બીજાના દુઃખદર્દને માટે મલમપટ્ટાનું કામ કરે છે: આપણી મીઠી નેહભરી નજર કોઈકના અંતરને આશ્વાસન આપવામાં મોટો ભાગ ભજવે છે, અને આપણી ભાવથી ભરેલી ભાષા કેટલીક વાર માનવના સંતપ્ત હૃદયને સુધાસિંચન કરીને શાંત કરવામાં અનેરો સહયોગ આપતી હોય છે. આપણે ધારીએ છીએ તેના કરતાં તેની અંદર ઘણી ભારે શક્તિ સમાયેલી છે. એ શક્તિથી બીજાને માટે રાહતરૂપ થઈ શકાય છે. એટલે વિચાર, વાણી ને વર્તન દ્વારા એવી રીતે બીજાને આશ્વાસન આપવાનો પ્રયાસ કરી શકીએ, અને ભલે ઘડી-બે ઘડીને માટે અથવા તો કામચલાઉ વખતને માટે પણ, કોઈકના ક્લેશમય કાળજાને ટાઢક પહોંચાડી શકીએ, તો પણ ઘણું કામ કર્યું કહેવાશે. એટલી સેવા પણ ઓછી નથી. દુઃખી માનવોને સહાનુભૂતિ સાથે સાંભળીને બને તો તેમને દુઃખમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ બતાવીએ, અને મુક્તિ મેળવવામાં શક્ય એટલી સહાયતા કરીએ, તો તો એથી વિશેષ રૂડું બીજું શું હોઈ શકે ? પરંતુ ધારો કે એ શક્ય ના હોય તોપણ એમને શાંતિ, સ્નેહ તેમજ સમભાવથી સાંભળીએ તો ખરા જ. દુઃખી માનવો દુઃખને હળવું કરવા માટે અથવા તો પોતાના અંતરની વેદનાવરાળને બહાર કાઢવા માટે, કેટલીક વાર દ્વાર કે વાતાયનની આશા રાખતા હોય છે, અને એવી આશાથી જ આપણો સંસર્ગ સાધતા હોય છે. આપણે એમને નિરાશ કરીને વધારે વ્યથા ના પહોંચાડીએ, અને આપણી વાણી ને આપણા વર્તન દ્વારા કોઈ પણ કારણે વિશેષ દુઃખી તો ના જ કરીએ, એ માટે ખાસ તકેદારી રાખવાની છે.

દુઃખી લોકોએ પણ થોડીક વાતો યાદ રાખવાની છે. ભર્તુહરિનો પેલો પ્રખ્યાત શ્લોક તો સાંભળ્યો છે ને ? તે શ્લોકમાં તે કહે છે કે, 'હે ચાતક, મિત્રના શબ્દોને સાવધાન થઈને સાંભળી લે. આકાશમાં અનેકવિધ વાદળો વસે છે ને વિહાર કરે છે. પરંતુ તે સર્વે કાંઈ એકસરખાં થોડાં જ હોય છે ? કેટલાંક વાદળ વૃષ્ટિ કરીને ધરતીને ભીંજવી દે છે, તો બીજાં કેટલાંક વ્યર્થ ગર્જના કર્યા કરતાં હોય છે. તારી ઈચ્છાને તૃપ્ત

કરનારું વાદળ તો તને કોઈક જ મળશે. માટે મહેરબાની કરીને જે જે વાદળને વિલોકે તેની તેની આગળ દીનતાભરેલાં આર્ત વચનો ના બોલીશ.'

દુઃખી જીવન વ્યતીત કરનારા, સુખની કામનાવાળા લોકોને પણ આપણે કહીશું કે જેની-તેની આગળ બેસીને તમારા દુઃખદર્દનું ગાણું ગાવાનો કશો જ અર્થ નથી. હજારોમાંથી કોઈક જ તમારા દુઃખને શાંતિથી સાંભળશે, અને તેમાંથી પણ ભાગ્યે જ કોઈ શક્તિ તથા શક્યતા હોવા છતાં પણ, તમને મદદરૂપ થવાની કોશિશ કરશે. માટે ચૌટે ને ચકલે, જેની-તેની આગળ, દુઃખના આરોહ-અવરોહ કરવાની આદત છોડી દો. એના કરતાં તો તમારી પાસેમાં પાસે, તમારા અંતરના અંતરતમમાં બેઠેલા, તમારા પ્રિયમાં પ્રિય, સૌથી શ્રેષ્ઠ અને સાચા સ્વજન જેવા પરમાત્માની પાસે તમારા દિલને ખુલ્લું કરી દો. તેની આગળ તમારા દુઃખનું નિવેદન કરતાં, તમારી જીવન સમસ્યાઓને રજૂ કરતાં, અને તેની સાથે વાર્તાલાપ કરતાં તથા તેની મદદ માગતાં શીખો. પરમાત્માના રૂપમાં તમારી પાસે તમારો પરમ પ્રિય પ્રામાણિક પથપ્રદર્શક ને મિત્ર બેઠેલો છે. ફક્ત તમે એને ઓળખતા નથી અને એનો સંપર્ક નથી સાધતા એટલું જ. એટલે જ એના મહિમાવંતા પાવનકારી પ્રકાશને નથી પામી શકતા, અને એની પ્રેરણા તેમજ સહાયતાથી વંચિત રહી જાવ છો. તમારાં દુઃખદર્દને ઘડીના છઠ્ઠા ભાગમાં દૂર કરીને જે તમને ઊંડી ને સનાતન શાંતિ આપી શકે તેમ છે, તેનું શરણ લેવાને બદલે, બીજાની પાસે તમે તમારાં દુઃખદર્દને ગાયા કરો છો, તેથી દુઃખનો સાચો ઈલાજ નથી થતો. ઈશ્વરની શરણાગતિ દુઃખોની એકમાત્ર અકસીર ઔષધિ છે. એ ઔષધિનું સેવન કરવાની જરૂર છે.

દુઃખ આવે છે ત્યારે તેની નિવૃત્તિ માટે માણસ મહેનત કરે છે. સંતમહાત્મા, દેવતા ને જ્યોતિષી પણ ત્યારે જ વધારે યાદ આવે છે. ઈશ્વરસ્મરણ કરવાનું ને દેવદર્શન તથા તપવ્રતનો આધાર લેવાનું પણ ત્યારે જ વધારે ગમે છે. ગમે તેમ કરીને દુઃખ દૂર કરવાનો માણસનો મનોરથ હોય છે. એ મનોરથ સારો છે એમાં સંદેહ નથી. પરંતુ દુઃખના દિવસો દરમિયાન જ તપવ્રત કે સત્કર્મ કરવાં ને સુખના દિવસોમાં ના કરવાં એવું નથી સમજવાનું. ઈશ્વરની ભક્તિ તથા સત્મકર્મોનું અનુષ્ઠાન સુખ અને દુઃખ ઉભયમાં એકસરખું અમુલખ અથવા આવશ્યક છે. માણસનું મન ચંચલ તેમજ વિષયપરાયણ છે. સુખના દિવસોમાં તે છકી જાય છે, સન્માર્ગને તે ભૂલી પણ જાય છે, અને તેથી પોતાનાં જ દુષ્કૃત્યોના પરિણામરૂપે હાથે કરીને દુઃખને વહોરી લે છે. પછીથી એથી બેચેન બને છે. ઈશ્વરસ્મરણ તરફ પણ વળે છે. થોડું જ દુઃખ એવી રીતે કેટલીક વાર, જો માણસ સમજુ હોય તો, જીવનના ઉત્કર્ષ કે કલ્યાણની સહાયક સામગ્રી બની રહે છે. છતાં પણ, સુખના સોનેરી સમય દરમિયાન માણસે ચેતવાની, સાવધાન રહેવાની, સન્માર્ગગામી થવાની ને ઈશ્વરપરાયણ બનવાની જરૂર છે. જો સુખના સમય દરમિયાન સમજીને ચાલીએ અને ઈશ્વરસ્મરણ કરીએ તો દુઃખને આવવાનો અવસર જ ના આવે.

એટલે સુખના સમયમાં ખાસ સંભાળવાનું છે. છતાં પણ, મેં ઉપર કહ્યું તેમ, દુઃખના દિવસોનું ઈશ્વરશરણ તથા ઈશ્વરસ્મરણ પણ મિથ્યા નહિ થાય. દુઃખને સસ્મિત શાંતિપૂર્વક સહન કરવામાં અને એના ભારને હળવો બનાવવામાં એ ખાસ ભાગ ભજવશે, શાંતિ આપશે અને સઘળા સંજોગોમાં સહાયક તથા પ્રેરક થશે. માણસને ભાંગી પડતો બચાવવામાં તેમજ ટટ્ટાર રાખવામાં એ મહત્વનો, મહામૂલ્યવાન ફાળો આપશે.

તમારા જીવનમાં દુઃખ હોય તો તે દુઃખના નિરંતર જાપ કરી તથા તેને વધારે માની, તેથી હતપ્રભ ને હતાશ થયા વિના, તમારા કરતાં બીજા વધારે દુઃખી લોકોનો વિચાર કરો. દુનિયામાં તમારા કરતાં વધારે દુઃખી લોકો બીજા ઘણા છે. તેમનાં દુઃખો પણ અનેક છે. કોઈ શરીરના અસાધ્ય વ્યાધિથી પીડાય છે, કોઈ ધન વિના પરેશાન થાય છે, કોઈ ઘર કે કુટુંબજીવનના ક્લેશકલહને પરિણામે અશાંતિરૂપી અસહ્ય અગ્નિમાં તપી રહ્યાં છે, તો કોઈ માનસિક દર્દોથી પીડાય છે, કોઈ ઘર વિનાનાં થઈને ફૂટપાથ પર જીવન વિતાવી રહ્યાં છે, કોઈને પૂરતું ખાવાનું નથી મળતું, તો કોઈ બીજી ઉપાધિ, ચિંતા, વેદના અને અછતનો શિકાર બની રહ્યાં છે. એવી રીતે ચારે તરફ દુઃખનો દાવાનળ સળગી રહ્યો છે. તેની સાથે સરખાવતાં તમારું દુઃખ તમને ઘણું ઓછું લાગશે, અને બીજા કરતાં તમારું ભાગ્ય કાંઈક વધારે સારું છે એવું તમને લાગ્યા વિના નહિ રહે. એવી રીતે વિચારતાં શીખશો તો તમારા આર્ત અંતરને આશ્વાસન મળશે.

એની સાથે સાથે જે થોડી કે વધારે અનુકૂળતા અને જે થોડું કે વધારે સુખ તમારા વર્તમાન જીવનમાં હયાતિ ધરાવે છે, તેનો વિચાર કરો, તેને ઓળખો, તેનો રસાસ્વાદ લો, અથવા તો તેની દ્વારા જીવનને હર્યું ભર્યું બનાવતાં શીખો, તો તમને બધી રીતે લાભ જ થશે. તેને માટે ઈશ્વરનો ઉપકાર માનો. કેટલીય વાર એવું પણ બને છે કે માણસ પોતાના જીવનનાં વાસ્તવિક રસ તથા સુખ અને આનંદને નથી ઓળખી શકતો, તેનો લાભ નથી ઉઠાવી શકતો, અને દૂરના અદૃશ્ય અથવા અશક્ય સુખની કલ્પના કરીને હાથે કરીને દુઃખી થયા કરે છે. જીવનમાં જે સ્વલ્પ પણ સુખ છે તે સુખનો સંપૂર્ણ સ્વાદ લેતાં ના આવડવાને લીધે જ વધારે ભાગના લોકો દુઃખી થતા હોય છે. સુખનો સ્વાદ લેતાં શીખવું એ પણ એક કળા છે, અને એ કળાથી ઘણા લોકો અનભિજ્ઞ હોય છે.

મોટામોટા ભક્તો, સંતો, જ્ઞાનીઓ અને મહાન પુરુષોના જીવન પર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે તેમાંના મોટા ભાગના પુરુષો એક યા બીજી રીતે દુઃખી જ હતા. તેમને પ્રતિકૂળતા, કષ્ટ કે મુસીબતોનો સામનો કરવો પડ્યો હતો. તેમની જીવનયાત્રાનો માર્ગ સીધો કે સરળ ન હતો. તેમાં આકરા ચઢાવઉતાર, પથ્થર અને કંટક હતા. પીડાના પારાવારથી તે છવાયેલો હતો. રામ, કૃષ્ણ, ઈશુ, પ્રહ્લાદ, શંકર, તુકારામ, નરસી, તુલસી તથા મીરાંબાઈનાં નામ એ બાબત સવિશેષ ઉલ્લેખનીય છે. છતાં પણ એ દુઃખથી ડર્યા કે ડગ્યા નહિ. મુસીબતોથી મહાત ના થયા. પીડાથી પીડિત ના બન્યા. નિરાશા એમને નાસીપાસ ના કરી શકી. વેદના વલોવી ના શકી. પ્રતિકૂળતાથી એમનો પ્રાણ પામર ના બન્યો. ચિંતા એમને ચકરાવે ના ચઢાવી શકી. મુશ્કેલી, મુસીબત તથા મંથનમાં એ વધારે મજબૂત બન્યા, તેમ જ ઈશ્વરપરાયણ થયા. સંસારની અસારતા ને દુઃખમયતાને વધારે સારી રીતે સમજીને એ એનાથી વિશેષ ને વિશેષ ઉપરામ બન્યા. વૈરાગ્યના ભાવને વધારીને એ પોતાના જીવનનું શ્રેય સાધી ગયા. દુઃખ એમને સત્યના અપનાવેલા માર્ગમાંથી વિચલિત કરીને કે સિદ્ધાંતભ્રષ્ટ બનાવીને કુમાર્ગે ના લઈ ગયું. દુઃખને ઈશ્વરનો આશીર્વાદ માનીને એ એમાં પણ સુખનો સ્વાદ લેતા રહ્યા.

એમના જીવનમાંથી બોધપાઠ લઈને તમે પણ જીવનને સુખમય કરી શકો છો. જે દુઃખ પડવાનું છે તે તો પડવાનું જ છે. તો પછી તેને રડીને, કકળીને, કલ્પાંત કરીને કે બડબડાટ કરીને ભોગવવું એના કરતાં હસીને, શાંતિ રાખીને, મનની સ્થિરતા સાચવી રાખીને, એક વીરને છાજે એવી રીતે છાતીને લોખંડી કરીને

ભોગવવું શું ખોટું છે? એને ભોગવ્યા સિવાય તો છૂટકો જ નથી. તો પછી કાળજાને કઠણ કરીને બનતી શાંતિપૂર્વક ભોગવવું એ જ સારું છે. એમાં જ બહાદુરી છે. માતા કુંતી એ કહે છે કે ભગવાન શ્રીકૃષ્ણ પાસે વરદાન માંગવાનું કહ્યું ત્યારે દુઃખ માંગ્યું. તેવી રીતે આપણે ઈશ્વરની પાસે દુઃખ નથી માંગવું. પરંતુ દુઃખ આવી જ પડે તો શું કરવું ? કુંતીએ કહેલું કે દુઃખમાં તમારું સ્મરણ વધારે થાય છે, અને સુખમાં તો વિષયાસક્ત થઈને જીવ તમને ભૂલી જાય છે, માટે જીવનમાં થોડુંક દુઃખ રહે એવી મારી માગણી છે. તે તો માતા કુંતીનું અને મહાભારતકાળનું દૃષ્ટિબિંદુ હતું. અત્યારે આપણે જુદા કાળમાં જીવીએ છીએ. એટલે દુઃખની માગણી નહિ કરીએ. ના, ઈશ્વરનું સ્મરણ કરવા માટે પણ નહિં. આપણે તો સુખની ને સંપૂર્ણ સુખની જ માગણી કરીશું. ફક્ત તે સુખ આપણા અંતરને મોહાંધ ના બનાવે, કુમાર્ગગામી ના કરે, અને આપણને માનવતારહિત કરી દઈને ઈશ્વરની વિસ્મૃતિ ના કરાવે, એનું જ ધ્યાન રાખવાનું છે, અને એવું ધ્યાન આપણે રાખીશું. છતાં પણ, જીવનમાં બધું આપણી ઈચ્છા, પસંદગી કે માગણી પ્રમાણે નહિ થાય. તેમાં સુખની સાથે દુઃખ અને અનુકૂળતાની સાથે પ્રતિકૂળતા પણ આવશે જ. છાયાની સાથે તાપની, શાંતિની સાથે અશાંતિની, નિશ્ચિંતતાની સાથે ચિંતાની, અને આનંદની સાથે શોક કે સંતાપની ક્ષણો પણ તેમાં આવવાની જ. તેવી ક્ષણો જીવનની કપરી કસોટી કરનારી સાબિત થાય છે. તે આપણા જીવનને બરબાદ ના બનાવે, હતાશ ના કરી દે, નિરર્થક જેવું ના લાગવા દે, નીરસ કે બોજારૂપ તેમજ ગરલાના ઘુંટડા જેવું કરાળ ના કરી દે, તે જોવાનું છે. જીવન પ્રત્યેની આપણી શ્રદ્ધાને આપણે ખોઈ ના બેસીએ અથવા તો જીવન, જગત અને આપણી શ્રદ્ધાને આપણે ખોઈ ના બેસીએ, એના પ્રત્યે વૈરાગી ના બની જઈએ તેમજ કેવળ નિરાશાવાદી દૃષ્ટિકોણ ના કેળવીએ તેનું ધ્યાન રાખવાનું છે.

પ્રતિકૂળતા, વિરોધ કે વિપત્તિથી કંટાળીને તથા હતાશ થઈને આપઘાત કરવાનો કે શરીરને શાંત કરી દેવાનો વિચાર કદાપિ ના કરો. સમજો કે પ્રતિકૂળતા, વિરોધ, વિપત્તિ કે દુઃખ સ્થાયી નથી. તે આવે છે તેમ ચાલ્યુ પણ જશે. તેથી ગભરાઈને, ડરીને કે નાસીપાસ થઈને, આટલા બધા કીમતી ને મહામહિમાવાળા જીવનનો અંત આણવાનો વિચાર કરવાનું કામ લેશ પણ પ્રશસ્ય અથવા આવકારદાયક નથી. એવા આપઘાતથી કોઈ જ હેતુ નહિ સરે. તે તો નબળા મનની નિશાની છે, નિર્માલ્યતા છે, ભૂલ છે, અપરાધ છે. માટે કાયર કે ડરપોક બનવાને બદલે હિંમત રાખો, તિતિક્ષા કેળવો, વજ્ર જેવા મજબૂત બનો, લોખંડી મનોબળ પેદા કરો. જીવનનો જંગ જટિલ છે. તે બહાદુર આત્માઓને માટે છે. તેમાં નામર્દ હોય છે તે સફળ નથી થઈ શકતા.

દુઃખને દૂર કરવાનો ઉપાય પણ નથી એવું થોડું છે ? ઈશ્વરના શરણ તથા સ્મરણથી તે દૂર થઈ શકે છે. ઈશ્વરની કૃપાથી કોઈયે દુઃખ અસાધ્ય નથી રહેતું. દુઃખમાત્રનો ઈલાજ છે. પરંતુ પ્રામાણિક પ્રયાસો કરવા છતાં પણ દુઃખ દૂર ના થાય તો તેનો બનતી શાંતિ અને સ્વસ્થતાથી ભોગ કરો. તેની નિવૃત્તિ માટે ખંતપૂર્વકના વારંવારના પ્રયાસ કરો. એની સાથે સાથે એક બીજી વાત છે. સુખ અને દુઃખ એ આપણાં પોતાનાં જ જ્ઞાત અથવા તો અજ્ઞાત કર્મોની સૃષ્ટિ છે. એ આપણાં પોતાની જ પ્રવૃત્તિઓનો પરિપાક છે. એ સાચું હોય કે ના હોય તોપણ ભવિષ્યમાં દુઃખ ના આવે તેને માટે વર્તમાન કાળમાં સત્કર્મોનું સુંદર બીજ વાવી દો. સારા વિચારો, ભાવો તેમજ સંસ્કારોથી સંપન્ન બનો. જેવું કરશો તેવું પામશો અને વાવશો તેવું

લણશો. જે કાળ વહી ગયો છે તે તો તમારા હાથમાં નથી રહ્યો. તે તો ખરેખર ભૂતકાળ બની ગયો છે, પરંતુ જે કાળ વહી રહ્યો છે તે તમારા હાથમાં છે. તમે તેના માલિક છો. હવે પછી જે કાળ આવવાનો છે તેના પણ તમે અધીશ્વર છો. માટે અત્યારે જે કાળ વહી રહ્યો છે તેનો સમ્યક મદુપયોગ કરી લો તો ભવિષ્યકાળ અથવા આવતી કાલ તમારે માટે નિરાપદ બની જશે. ભવિષ્યને એમ અનુકૂળ કરવાનું આપણા હાથમાં છે.

કેટલીય વ્યક્તિઓ એવી છે જેમને ઘર અને કુટુંબમાં સુખશાંતિનો અનુભવ ભાગ્યે જ થતો હોય છે. તેમને પ્રતિકૂળ પરિસ્થિતિમાં રહેવું પડે છે તથા પ્રતિકૂળતાનો સામનો કરવો પડે છે. વિપરીત વાતાવરણમાં એ શ્વાસ લે છે. પુરુષ હોય છે તો તેને સ્ત્રી સાથે નથી બનતું. અને સ્ત્રી હોય છે તો તેને પુરુષની સાથે મેળ નથી ખાતો. સ્વભાવોના, વિચારોના, વૃત્તિઓના અને આદતોના ભેદ અને ઘર્ષણને લીધે પરસ્પર ખટરાગ ચાલ્યા કરે છે, મન ઊંચા રહે છે. અશાંતિ વધતી જાય છે, ને કેટલીક વાર તો વાત એટલી બધી હદે આગળ વધે છે કે બોલવાનો સંબંધ પણ નથી રહેતો. જીવન કટુ બની જાય છે, દુઃખદ થાય છે, ને ઝેરના કટોરા જેવું થઈ પડે છે. સામાન્ય સાંસારિક વ્યક્તિઓના જીવનમાં જ નહિ, પરંતુ આત્મિક વિકાસના માર્ગે આગળ વધનારી કે આગળ વધવા માગનારી વ્યક્તિઓના જીવનમાં પણ એવી પ્રતિકૂળ પરિસ્થિતિ પેદા થાય છે, અને કેટલાંય સ્ત્રીપુરુષો એનો હિંમતપૂર્વક સામનો કરે છે, ઉપાય શોધે છે,તથા આગળ વધે છે, તો બીજાં કેટલાંક એથી હતાશ થાય છે, નાસીપાસ બની જાય છે, ભગ્નહૃદય થાય છે, ને કેટલીક વાર તો વાત એટલી બધી વણસી જાય છે તે આપઘાત પણ કરી બેસે તો કોઈ કોઈ વાર વિવેકને તિલાંજલિ આપીને વિપથગામી પણ બની બેસે છે.

આ સંસારમાં બધું માણસની મરજી મુજબ નથી બનતું અથવા નથી મળતું. કાંઈક ને કાંઈક કચાશ રહી જાય છે. સર્વ પ્રકારે સુખદ, આનંદમય અને અનુકૂળ વાતાવરણ તો કોઈકને જ મળે છે. બીજા બધાએ તો આવી મળેલા વાતાવરણને અનુકૂળ થવાનું જ રહે છે. માણસ કેટલા પ્રમાણમાં વાતાવરણને અનુકૂળ થઈ શકે છે કે અનુકૂળ કરી શકે છે એ જુદી વાત છે, કિન્તુ એ કળામાં એણે કુશળ થવાની જરૂર રહે છે. જીવનના ધારણપોષણમાં એ કળા બહુ જ મોટો ને મહત્વનો ભાગ ભજવતી હોય છે. એમાં ધાર્યા કરતાં ઘણી વધારે ધીરજની જરૂર પડે છેઃ હિંમત, ખંત, શ્રદ્ધા ને સહનશક્તિ જોઈએ છે, શાંતિ જોઈએ છે, બીજાને સહાનુભૂતિથી સમજવાની વૃત્તિ તથા શક્તિ જોઈએ છે, તેમજ એ બધા ઉપરાંત, બાંધછોડની વૃત્તિ જોઈએ છે. કેટલીક વાર એવાં બધાં ઉપકરણોને લીધે વાતાવરણમાં થોડોઘણો સુધારો થઈ જાય છે, તો કેટલીકવાર પ્રયત્નો કરવા છતાં પણ, વાતાવરણ એવું ને એવું જ રહી જાય છે. એ વિકૃત વાતાવરણ યાવચ્ચંદ્રદિવાકરૌ એવું જ રહેવા માટે સરજાયું હોય એવો ભાસ થયા કરે છે. ગમે તેમ, પણ માણસે આશા અને શ્રદ્ધા રાખીને સાચા દિલથી પુરુષાર્થ કરવાનો તો રહે જ છે. ફળ આપવું ના આપવું ઈશ્વરના હાથમાં છે.

છતાં પણ, કોઈ પણ કારણે ને કોઈએ સંજોગોમાં માણસે હતોત્સાહ બનવાની જરૂર નથી. તમારી પરિસ્થિતિ એવી હોય તો તમે પણ હતોત્સાહ ના બનતા કે ભગ્નહૃદય ના થતાં. પ્રતિકૂળતા, પીડા, દુઃખ કે અંદરઅંદરની અશાંતિ એક રીતે જોતાં ઈશ્વરના અમુલખ આશીર્વાદરૂપ છે. જો આપણી દૃષ્ટિમાં ફેરફાર કરીએ તો એનો લાભ લઈને આપણે પીછેહટ કરવાને બદલે આગળ વધી શકીએ તેમ છીએ. દુઃખ, વિષાદ, ઘર્ષણ, અશાંતિ, પીડા કે પ્રતિકૂળતાના પ્રસંગો કેટલીક વાર આપણા હૈયાને હલાવી નાખે છે, અને આપણી

અંદર દ્વન્વયી વ્યક્તિ કે વિષયો પ્રત્યેની જે રાગવૃત્તિ, મમતા, અહંતા કે આસક્તિ હોય છે તેને ઓગાળી નાખે છે. એ આપણને અત્યંત અસરકારક રીતે છતાં પણ છેક જ સહેલાઈથી પદાર્થપાઠ પૂરો પાડે છે કે આ સંસારમાં સાચી રીતે જોઈએ તો આપણું કોઈ જ નથી. એક ઈશ્વર વિના બીજું કોઈ જ આપણને વફાદાર નથી રહી શકે તેમ, સુખશાંતિ નથી આપી શકે તેમ, અને જીવનના શ્રેયમાં સહાયક પણ નથી થઈ શકે તેમ. માટે આ સંસારમાં વર્તમાન શરીરમાં શ્વાસ લેવાનો સમય મળ્યો છે તે દરમિયાન, કશાનો મોહ રાખવાને બદલે, અને કશામાં બંધાઈને ભાન ભૂલવાને બદલે, એક ઈશ્વરમાં જ આસક્ત થવું જોઈએ, અને જીવનમાં તટસ્થ રહીને બનતી તટસ્થ રીતે વ્યવહાર કરતાં કરતાં, બંધનમુક્ત થવાની તથા શાંતિ મેળવવાની કોશિશ કરવી જોઈએ. એવી રીતે કરીએ તો પ્રતિકૂળ પરિસ્થિતિ આપણને ભગ્નહૃદય, ભ્રાંત બનવાને બદલે ઉત્તરોઉત્તર આગળ વધારે, અને આપણા આત્મવિકાસમાં સહાયક ઠરે. દુઃખ, પ્રતિકૂળતા, વિષાદ કે પીડા આપણા જીવનમાં કર્મના ગમે તે નિયમને લીધે આવતી હોય, પરંતુ આપણે એને એવી રીતે ઉપયોગી બનાવી શકીએ છીએ. એને એવી રીતે ઉપયોગી બનાવતાં શીખવું જ પડશે. તો તે આપણને હરાવી કે ડરાવી નહિ શકે.

જેમણે જીવનને ઉજ્જવળ બનાવ્યું છે, અથવા જેમણે આત્મિક વિકાસની સિદ્ધિ કરી છે, તે એવો ઉપયોગ કરવામાં કુશળ હતા. તેમનાં જીવન પર દૃષ્ટિપાત કરશો તો જણાશે કે તેમનામાંના મોટા ભાગના માણસોનાં જીવન સલામત કે સરળ ન હતાં. તેમના જીવનમાં મુસીબતો હતી, પીડા હતી, પ્રતિકૂળતા તથા ચિંતા હતી, અને ઘરના, કુટુંબના તથા સમાજના વિરોધનો પણ પાર ન હતો. તેમને અનેક પ્રકારની યંત્રણા ને વેદનામાંથી પસાર થવું પડ્યું હતું. તો પણ તે નાહિંમત કે નિરાશ ના થયા. કેટલાકને પતિ તરફથી, પત્ની તરફથી, માતાપિતા તરફથી કે પુત્રો તરફથી કે બીજી વ્યક્તિઓ તરફથી કષ્ટ હતું. કેટલાક સાંસારિક રીતે જોતાં અછતમાં જ જનમ્યાં ને અછતમાં જ જીવ્યા હતા. કોઈ કોઈની સમાજે નિંદા કરી હતી, કોઈને પીડા પહોંચાડી હતી, તો કોઈને સામાજિક રીતે બહિષ્કૃત કરવામાં પણ આવ્યા હતા. છતાં પણ તેમનું મનોબળ મજબૂત હતું એટલે તેમણે પોતાના પસંદ કરેલા માર્ગને મૂક્યો નહિ. જેમ જેમ પ્રતિકૂળતાઓ આવતી ગઈ, વિરોધો થતા ગયા, અને સંકટોનો સામનો કરવો પડ્યો, તેમ તેમ તેમનો વૈરાગ્ય વધારે ને વધારે મજબૂત બનતો ગયો, તેમનું મન સંસારના પદાર્થો પરથી ઉપરામ બનતું ગયું, અને તે વધારે ને વધારે પ્રમાણમાં ઈશ્વરપરાયણ થતા ગયા. પ્રતિકૂળ પરિસ્થિતિ ના આવી હોત તો તે કદાચ એટલી બધી સહેલાઈથી આગળ ના વધી શક્યા હોત. આગળ વધવાને માટે પ્રતિકૂળ પરિસ્થિતિની આવશ્યકતા છે જ એવું નથી સમજવાનું; અનુકૂળ પરિસ્થિતિમાં રહીને પણ આગળ વધતાં શીખવું જ જોઈએ છતાં પણ, પ્રતિકૂળ પરિસ્થિતિથી ડરવાને બદલે તેને વિકાસનું સાધન બનાવવી જોઈએ અને બનાવી શકાય છે, એ જ મારા કહેવાનું તાત્પર્ય છે.

એટલે આપત્તિ, અવહેલના, ચિંતા કે પ્રતિકૂળતાથી ડગો કે ડરો નહિ, પરંતુ તમારા આત્મબળને વધારે ને વધારે દૃઢ બનાવો. એ બધાનો લાભ લઈને તમે જે જે વસ્તુમાં મમતા અથવા આસક્તિ કરી છે, તે તે વસ્તુની મમતા તથા આસક્તિને ઓછી કરો, એનો અંત આણો, અને ઈશ્વરમાં તમારી શ્રદ્ધાભક્તિને

વધારતા જાવ, તો તમારા જીવનનું શ્રેય સહેજે સાધી શકશો. નહિ તો દુઃખ, પ્રતિકૂળતા કે વિરોધને દૂર તો નહિ કરી શકો, પરંતુ એથી હતપ્રભ થઈને વધારે દુઃખી, દીન અને અશાંત બની જશો.

પ્રતિકૂળતા કે દુઃખ તમારા જીવનરસ કે ઉત્સાહને મારી ના નાખે પરંતુ તમને વધારે સારા અને આદર્શ માણસ બનાવે તેનું ખાસ ધ્યાન રાખજો. એવી રીતે એને એક પ્રકારની અલૌકિક ઔષધિ સમજી લેજો, અને આત્મવિકાસને માટે આશીર્વાદરૂપ ઔષધિમાં પલટાવી દેજો. મક્કમ સંકલ્પ અને પ્રબળ પ્રયાસથી ઘણાએ એ કામમાં સફળતા મેળવી છે તેવી રીતે તમે પણ જો ધારશો તો અવશ્ય મેળવી શકશો.

* * * * *

## ૧૫. એકાદશીવ્રતથી વૈકુંઠ

એકાદશીને માટે જનસમાજમાં પેલી પ્રસિદ્ધ પંક્તિ વારંવાર ગાવામાં આવે છેઃ 'એકાદશી કરીએ તો વૈકુંઠ પામીએ'. એ ગીત-વચનમાં વિશ્વાસ રાખીને કેટલાક લોકો મરણ પછી વૈકુંઠ પામવાની અભિલાષાથી પ્રેરાઈને એકાદશીનું વ્રત કરતા હોય છે. એકાદશી-વ્રતના મહિમાની કથાઓ પણ પ્રસિદ્ધ થઈ છે. એ કથાઓનું પારાયણ એકાદશીને દિવસે કરવાની પરિપાટી છે. એકાદશીના વ્રતપાલનથી અમુક માણસને અમુક ફળ મળ્યું, અને અમુક સ્ત્રી કે પુરુષની અમુક ભાવનાની પૂર્તિ થઈ, એવાં એવાં વિધાનોથી ભરપૂર વાર્તાઓ વાંચીને, એમાં કહેલી ફળશ્રુતિથી આકર્ષાઈને બીજા ભાવિક લોકો પણ વ્રત કરવા પ્રેરાતા હોય છે. સામાન્ય રીતે મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે વ્રત કે તપને ખાતર વ્રત કે તપ કરવાની પ્રેરણા એને ભાગ્યે જ થવાની. એ વધારે ભાગે ગણતરીબાજ હોય છે. દુન્વયી વસ્તુ અને વિષયોનું આકર્ષણ એને સદાયે થયા કરવાનું. એ ઉપરાંત, મરણોત્તર સુખશાંતિ ને સદ્દગતિની ચાહ્ના પણ એને રહ્યા કરવાની. એટલે વ્રત ને તપ દ્વારા જો એ વસ્તુઓની પ્રાપ્તિની સંભાવના હોય તો એમના અનુષ્ઠાન માટેનો રસ એનામાં અવશ્ય ઉત્પન્ન થવાનો. મનુષ્યસ્વભાવની એ વિશેષતાને ઓળખીને એને સત્કર્મમાં પ્રેરવા માટે જુદી જુદી ધર્મક્રિયાઓની ફળશ્રુતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. એ ફળશ્રુતિઓ ઈહ લોક તથા પરલોક બંનેની સાથે સંબંધ ધરાવનારી છે એ ખાસ યાદ રાખવાનું છે. એકાદશીની ફળશ્રુતિ પણ એ સંદર્ભમાં જ સમજી લેવાની છે.

જનસમાજમાં એવી રીતે એકાદશીનું પરંપરાગત વ્રત ચાલ્યું આવે છે, પરંતુ તેની પાછળ જે આધ્યાત્મિક મર્મ છે તેને વ્રત કરનારા ભાગ્યે જ સમજે છે. તે મર્મ ખરેખર સમજવા તેમજ યાદ રાખવા જેવો છે. ઉપનિષદમાં શરીરને દસ બારણાંવાળા નગરની સાથે સરખાવવામાં આવ્યું છે. ગીતામાં नवद्वारे पुरे કહીને શરીરને નવ દ્વારવાળું નગર કહ્યું છે. તો ઉપનિષદમાં બીજે એક ઠેકાણે पुरं एकादशं द्वारम् એવો ઉલ્લેખ કરીને શરીરને અગિયાર બારણાંવાળું નગર કહેવામાં આવ્યું છે. શરીરરૂપી નગરનાં એ નવ, દસ કે અગિયાર દ્વાર કયા છે ? ઈન્દ્રિયો. મનનો પણ એ ઈન્દ્રિયો અથવા તો દ્વારમાં જ સમાવેશ થઈ જાય છે. એ ઈન્દ્રિયો અથવા તો બારણાંની મદદથી જીવાત્મા બાહ્ય જગતનો અનુભવ કરે છે, એના વિવિધ વિષયો ને પદાર્થોને ભોગવે છે અને એની પ્રતિક્રિયારૂપે સુખી અથવા દુઃખી થાય છે. શરીરનાં એ કુદરતી બારીબારણાંને બંધ કરીને જે શાંતિપૂર્વક સ્થિરતાથી એક આસન પર એકાંતમાં બેસે છે, તેને એવા એકધારા લાંબા અભ્યાસના ફળરૂપે, પોતાની અંદર રહેલી પરમાત્માની પરમ જ્યોતિની ઝાંખી થાય છે, અને પરમ શાંતિ તથા મુક્તિ મળી જાય છે. તેના હૃદયની ગાંઠો તૂટી જાય છે, અને સંશયો છેદાઈ જાય છે. આ છે સાચું એકાદશીવ્રત અને સાચા એકાદશીવ્રતનો મહિમા. એકાદશીના જ દિવસે નહિ પરંતુ પ્રત્યેક દિવસે આવું સંયમશીલ આત્મશાંતિ આપનારું સાધનાવ્રત કરવું જોઈએ. તો જ તેનો ધારેલો લાભ મળી શકે. અને પ્રત્યેક દિવસે કોઈ કારણથી નિયમિત રીતે એવું વ્રત ના કરાય તો એકાદશીને દિવસે તો ગમે તેમ કરીને પણ વખત કાઢીને કરવું જ જોઈએ. એવું વ્રત કરવાથી શાંતિ, મુક્તિ ને પરમાત્મદર્શનરૂપી વૈકુંઠ જરૂર મળે. અલબત્ત, એ વૈકુંઠની પ્રાપ્તિ શરીર છોડ્યા પછી નહિ પરંતુ શરીર છોડ્યા પહેલાં જ થઈ જાય.

શરીરનાં અગિયાર બારણાંને બિલકુલ બંધ કરીને અંદર રહેલા પરમાત્માના પરમ પ્રકાશનું દર્શન કરવાનું કામ કાંઈ ધાર્યા જેટલું સહેલું નથી. તેમાં મદદ મળે તે માટે, સૌથી પહેલાં તો ઈન્દ્રિયોનાં એ બારણાંમાં વિશુદ્ધ પવનનો પ્રવેશ થાય તેવું કરવું જોઈએ. એટલે કે આંખ દ્વારા સારું જ જોવાય, કાન દ્વારા સારું જ સંભળાય, મન દ્વારા સારું ચિંતનમનન કે સારા સંકલ્પવિકલ્પ થાય, અને એવી રીતે બીજી બધી ઈન્દ્રિયો શુભમાં જ પ્રવૃત્ત થાય તથા અશુભ તરફ ભૂલેચૂકે પણ ના જાય, એવી કોશિશ કરવી પડશે. એવી કોશિશ પણ જો કે હમેશાંને માટે કરવાની રહેશે, પરંતુ અગિયારસને દિવસે તો એને માટે ખૂબ જ જાગ્રત રહેવું પડશે. લોકો અગિયારસનું વ્રત કરે છે અને બીજાં બધાં વ્રત પણ કરે છે, પરંતુ એવી જાગૃતિ ભાગ્યે જ રાખે છે. એને લીધે વ્રતનો સાચો આનંદ નથી મળતો, તથા તેની મદદથી જેવો આત્મવિકાસ થવો જોઈએ તેવો વિકાસ પણ નથી થતો. આજે તો એકાદશીવ્રત છે અથવા બીજું વ્રત છે, માટે બીજા દિવસે ગમેતેમ થતું હોય પણ આજે તો જૂઠું ના જ બોલાય કે ક્રોધ ના જ કરાય: આજે તો શારીરિક સંયમ કે પવિત્રતાનું પાલન કરવું જ જોઈએ અને કટુ વચન ના બોલાય: આજે તો કોઈની સાથે છેતરપીંડી ના જ થાય, દગો ના જ રમાય, ખોટું જોખાય-તોલાય કે લખાય નહિ, તેમ જ વ્યસન પણ ના થાય: આજે તો કોઈને મદદરૂપ થવું જ જોઈએ અને કોઈક સારું કામ પણ કરવું જોઈએ: એવો આગ્રહ જો ખરેખર રાખવામાં આવે ને તે પ્રમાણે ચાલવામાં આવે, તો તમને નથી લાગતું કે વ્રત કરનારના જીવનમાં-તન મન અને અંતરમાં, વિશુદ્ધિનું વૈકુંઠ ઊતરી જાય ? અને સંસારમાં બધે જ જો એવું વ્રતપાલન થાય તો સમસ્ત સંસાર વૈકુંઠરૂપ થાય એમ પણ નથી લાગતું ? વ્રતની યોજના એટલા માટે જ હતી, પરંતુ એવું વ્રતપાલન અત્યારે ક્યાં થાય છે ને કેટલાક કરે છે ?

અત્યારે તો વ્રત કે ઉપવાસની પાછળ જે આરોગ્યની ભાવના છે તે પણ ભાગ્યે જ સચવાય છે. ભારતના સમાજશાસ્ત્રીઓ થોડાક વધારે ઉદાર હતા. તેથી તેમણે વ્રત કે ઉપવાસના દિવસોમાં ફળાહાર કરવાની અનુજ્ઞા આપી. એ ફળાહાર પણ અત્યંત સૂક્ષ્મ, અલ્પ અને એકવાર. પરંતુ ફળાહારના નામ પ્રમાણે પ્રજાએ ફળાહારમાં કેવળ ફળનો જ સમાવેશ કરવાને બદલે, બટાટા, શક્કરિયાં, રબડી, શીખંડ ને મીઠાઈથી માંડીને રાજગરાનો શિરો, પૂરી, ફરાળી ભજીયાં, હલવો, કઢી ને સામાનો ભાત - સૌનો સમાવેશ કર્યો. એવી રીતે ફળાહાર સૂક્ષ્મને બદલે ભગવાનના વિશ્વરૂપ જેવો અતિસ્થૂળ અને વિશાળ બની ગયો. આજે એની એ જ દશા છે. પરિણામે કેટલાંક ઘરોમાં તો ઉપવાસને દિવસે સ્ત્રીઓને ભારે માઠું લાગે છે. તેમની પ્રવૃત્તિ વધી પડે છે ને તેમની સ્થિતિ કફોડી બને છે. ફરાળ બનાવવામાંથી તે ઊંચી જ નથી આવતી અને એવું ફરાળ કાંઈ એક વાર ઓછું થાય છે ? એનું નામ જ ફરાળ એટલે એનો કોઈ નિયમ જ નહિં. એ તો ગમે તેટલી વાર કરી શકાય. બે કે ત્રણ વાર તો ખરું જ. આમાં આરોગ્યનો મહિમા ક્યાં સચવાયો ? આરોગ્યનો મહિમા સાચવવો છે જ કોને ? સ્વાદનો મહિમા ના સાચવે ! અને આવા આકર્ષક સુંદર ફરાળવાળા વ્રતની આગળ પાછળનો ઈતિહાસ જાણો છો ? વ્રતની આગલી રાતે જરાક મોડું જમવા બેસે ત્યારે ઘરવાળાં પણ આગ્રહ કરીને બે રોટલી વધારે ખવડાને ને કહે કે કાલે તો ઉપવાસ છે માટે શાંતિથી જમો. શી ઉતાવળ છે ? બીજે દિવસે ઉપર કહ્યું તેવું ભરપેટ ફરાળ થાય, ને રાતે સૂતા પહેલાં જ કહી દેવામાં આવે કે આજે મારે ઉપવાસ છે માટે કાલે રસોઈ જરા વહેલી બનાવજો. આવા ઉપવાસ આરોગ્યરૂપી વૈકુંઠમાં કેવી રીતે પહોંચાડે ? અનારોગ્યના

નરકમાં પહોંચાડે તો ભલે. એ દિવસે ઘરની સ્ત્રીઓને આરામ તો મળે જ ક્યાંથી ? ભારે ખાવાથી આળસ આવે, ઊંઘ આવે ને ભગવાનના ભજનને બદલે સ્વપ્નાંની પરંપરા ચાલે તે નફામાં. વ્રત કે ઉપવાસનો આખો ઉદ્દેશ માર્યો જાય છે.

વ્રતને દિવસે કેવળ દૂધ લેવાય તો સારૂ. તે શક્ય ના હોય તો ફળ લઈ શકાય. નહિં તો એકવારનું સાધારણ ફરાળ લઈ શકાય. એ દિવસે સદ્દવિચાર, સદ્દવાચન ને સત્કર્મ કરવાનો આગ્રહ રખાય તે મહત્વનું છે. તો વ્રત લાભકારક થઈ શકે. હું તો એકાદશીને દિવસે ફક્ત દૂધ જ લઉં છું. એટલે બારસને દિવસે જ ચમત્કાર થાય છે. પેટ સાફ થઈ જાય છે. મળ તંદુરસ્ત શરીરને છાજે તેવો નીકળે છે. એટલે કોઈ મને પૂછે છે કે એકાદશી કરવાથી વૈકુંઠ મળે છે? તો હું તો તરત જ ઉત્તર આપું છું કે દર બારસે આરોગ્યરૂપી વૈકુંઠ મળે છે. એટલુ બધું વહેલું. તેમાં વિલંબ નથી લાગતો.

વ્રતની પાછળની ભાવના એવી રીતે ત્રિવિધ છે: સ્વાસ્થ્યની ભાવના, જીવનની સુધારણા ને પ્રભુપરાયણતાની ભાવના તથા પરમાત્માની પ્રાપ્તિ કરીને પરમ શાંતિ મેળવવાની ભાવના. એ ભાવનાને સાર્થક કરીએ તો જીવન સફળ થાય.

* * * * *

## ૧૬. સેવા અને આધ્યાત્મિકતા

પોતાને સમાજસેવક તરીકે ઓળખાવનારા પુરુષો તરફથી અવારનવાર પૂછવામાં આવે છે કે આજના યુગમાં સમાજસેવાનું મહત્વ વધારે છે કે આધ્યાત્મિકતા અથવા તો ઈશ્વરભક્તિનું ? સમાજની સેવામાં જ શું સાચી આધ્યાત્મિકતા અથવા તો ઈશ્વરભક્તિ નથી સમાઈ ? સમાજની યથાશક્તિ સેવા કરતા રહીએ તે શું જીવનના સાફલ્યને માટે પર્યાપ્ત નથી કે આધ્યાત્મિકતા અથવા તો ઈશ્વરભક્તિનો આશ્રય લેવાનો ઉપદેશ આપો છો ? તમારો ઉપદેશ શું આ ભૌતિક વિકાસના પ્રવૃત્તપરાયણ જમાનામાં લેશ પણ અસર પહોંચાડી કે સફળ થઈ શકે તેમ છે ? આધ્યાત્મિકતા કે ઈશ્વરભક્તિને માટે માણસને અવકાશ જ ક્યાં છે ? અને આજના જમાનામાં એને માટે સ્થાન જ ક્યાં છે ?

બીજા કેટલાક પુરુષોના મનમાં પણ એવા પ્રશ્નો ઉત્પન્ન થતા હોય છે. એવા પ્રશ્નો ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. મહત્વ કોનું વધારે છે, સમાજસેવાનું, આધ્યાત્મિકતા અથવા તો ઈશ્વરભક્તિનું ? એ પ્રશ્નના પ્રત્યુત્તર રૂપે તો એટલું જ કહી શકાય કે મહત્વ સમાજસેવા, આધ્યાત્મિકતા અથવા તો ઈશ્વરભક્તિ બંનેનું છે. વ્યક્તિ અને સમષ્ટિને માટે બંને આવશ્યક છે, આવકારદાયક છે, આશીર્વાદ રૂપ છે, અને બંનેમાંથી એકેની ઉપેક્ષા નથી કરી શકાય તેમ. વ્યક્તિ તથા સમષ્ટિના સમ્યક્ ધારણ-પોષણમાં બંને કીમતી ભાગ ભજવે છે. એ બંને વ્યક્તિ કે સમષ્ટિ બે આંખ જેવાં છે. બંને આંખમાંથી કોઈ એક આંખનું મહત્વ વધારે છે એમ ના કહી શકાય, તેવી રીતે એ બંનેનું મહત્વ સરખું છે. સમાજની સેવામાં જ સાચી આધ્યાત્મિકતા કે ઈશ્વરભક્તિ સમાઈ જાય છે એવું તો કેવી રીતે કહી શકાય ? એમ માનવું અને કહેવું ભૂલભરેલું છે. સમાજસેવા અને આધ્યાત્મિકતા બંને એક વસ્તુ નથી. બંનેના બંધારણ, બંનેના કર્તવ્યક્ષેત્ર અને બંનેના આદર્શ જુદા છે. એ બંનેનો સમન્વય થઈ શકે, અથવા તો એ બંનેની વચ્ચે એકરૂપતા સાધી શકાય એ સાચું છે, પરંતુ એ બંનેમાં કેટલોક મહત્વનો મૂળભૂત તફાવત તો છે જ. સાચી આધ્યાત્મિકતા કે ઈશ્વરભક્તિ સૌમાં ઈશ્વરની ઝાંખી કરવાનો તથા સૌની યથાશક્તિ સેવા કરવાનો સંદેશ તો આપે જ છે, પરંતુ એની સાથે સાથે. એથી આગળ વધીને, મનુષ્ય-સ્વભાવની સુધારણા કરવાનું પણ શીખવે છે. માણસને સદાચારી અને નીતિમાન બનવાની પ્રેરણા પૂરી પાડી, પોતાની અંદર રહેલા પરમાત્માના પરમ પ્રકાશનો પ્રત્યક્ષ પરિચય કરવાની આજ્ઞા કરે છે. એવી રીતે પરમ શાંતિની પ્રાપ્તિ કરાવીને એ જીવનને ધન્ય કે ઉત્સવમય કરી દે છે. સમાજસેવામાં રસ લેનાર માણસનું બધું જ ધ્યાન બહારની દુનિયામાં રહેતું હોય છે, ત્યારે આધ્યાત્મિકતાનો અનુરાગી અંતર્મુખ બનવા તરફ વધારે ને વધારે ધ્યાન આપતો હોય છે. એનો આનંદ પણ એમાં જ હોય છે. એટલે સમાજસેવા અને આધ્યાત્મિકતા એક જ છે એમ માની લેવાની જરૂર નથી. જીવનના સાફલ્યને માટે સમાજસેવા કરતા રહીએ તે પર્યાપ્ત છે, અને સમાજસેવકે આધ્યાત્મિકતાનો આશ્રય લેવો આવશ્યક નથી, એમ માનવાની પણ જરૂર નથી. જીવનના સાફલ્યને માટે સમાજસેવા ઉપરાંત આધ્યાત્મિકતા કે ઈશ્વરભક્તિ અથવા તો આત્મવિકાસનો આશ્રય પણ લેવો પડશે. એકલી સમાજસેવાથી નહિ ચાલે.

માણસ જ્યારે સમાજસેવાને જ સર્વ કાંઈ સમજીને બહિર્મુખ બનતો જાય છે, અને આત્મિક સુધારણા કે વિકાસ તરફ ઉદાસીન બનીને આંખમીંચામણાં કરે છે, ત્યારે પરિણામ શું આવે છે તે જાણો છો ? સેવા ફક્ત

મેવાને માટે જ થવા માંડે છે, અહંતા ને મમતાથી પ્રેરાઈને થવા લાગે છે, એમાંથી રાગદ્વેષ તથા આસક્તિ જાગે છે, માણસ પક્ષાપક્ષી, પૂર્વગ્રહ, પ્રપંચ ને પ્રલોભનોનો શિકાર બને છે, લક્ષ્મી, પદવી તથા સત્તાની અદમ્ય લાલસાથી લોલુપ થઈને પ્રવૃત્તિ કરે છે, માણસાઈને ગૌણ ગણે છે અને ગીરે મૂકે છે, તથા બીજાની નિ:સ્વાર્થ ને નમ્ર સેવાની ભાવનાનું જતન કરવાને બદલે સ્વાર્થ તથા ઘમંડ ને દંભનું પોષણ કરે છે. સમાજના ઉત્કર્ષના આદર્શને સેવવાને બદલે એ પોતાની વ્યક્તિગત સુખ-સમૃદ્ધિને માટે જીવવા માંડે છે. એવી સેવા વ્યક્તિ કે સમષ્ટિનો ઉદ્ધાર કેવી રીતે કરી શકે ? એને આદર્શ, અભિનંદનીય અથવા તો આશીર્વાદરૂપ પણ કોણ કહી શકે ?

આજે ચારે તરફ એવી સેવાની બોલબોલા છે, અને એવા સેવકોની ભરમાર છે, એવું તમને નથી લાગતું ? એવા સેવકો બિલાડીના ટોપની પેઠે ઉગી નીકળ્યા છે. સમાજમાં સેવકોનું સંખ્યાબળ વધે એ અત્યંત આવકારદાયક છે અને એક સારું ચિહ્ન છે. પરંતુ એ સેવકો સાચા બને, સત્વગુણી થાય, સદાચારપરાયણ બને, અને વધારે ને વધારે સેવાભાવી બને, એની આવશ્યકતા વધારે હોય છે. એનું ખાસ ધ્યાન રાખવું પડે છે. સમાજની સમૃદ્ધિ, સંખ્યાબળથી નથી વધતી, પરંતુ સત્વથી વધે છે. એ સત્વ, સદાચારપરાયણતા અને નિ:સ્વાર્થ સાચો સેવાભાવ ઈશ્વરભક્તિ અથવા તો આધ્યાત્મિકતાની સાચી નિષ્ઠામાંથી આવતો હોય છે. એમાંથી જ એનો આવિર્ભાવ થાય છે. પરંતુ એના તરફ ધ્યાન જ કોનું છે ? આધ્યાત્મિકતાની અગત્ય જ જ્યાં ને ત્યાં જણાતી હોય ત્યાં એની નિષ્ઠાને માટે તો મહેનત કરે જ કોણ ? પરિણામે સેવકોમાંથી સાચી સેવાભાવના અદૃશ્ય થઈ જાય. આજે બધે એવું જ ચિત્ર ઊપસી આવ્યું છે ને ? લોકો પદ અને પ્રતિષ્ઠાને માટે પડાપડી કરે છે ને પૈસાને માટે જ પ્રવૃત્તિમાં પડે છે. સેવકોમાં આત્મનિરીક્ષણ, આત્મશુદ્ધિ અને ચિંતનનો અભાવ છે. આધ્યાત્મિકતા પ્રત્યે દુર્લક્ષ કરવાથી અભાવ નહિ મટે; ઘટશે પણ નહિ, પરંતુ વધતો જશે. લોકસેવકો આધ્યાત્મિકતા, ઈશ્વરભક્તિ કે આત્મિક વિકાસના અનુરાગી બને તો તેમની હૃદયશુદ્ધિ સધાશે અને તેમને બળ મળશે. એ બળના પ્રભાવથી પ્રલોભનો ને ભયસ્થાનોની વચ્ચેથી એ સહીસલામત પાર નીકળી શકશે, અને સદાયે જાગ્રત રહેવાની યોગ્યતા મેળવશે. એવી રીતે એમના કામમાં પાર વગરની મદદ મળશે.

હવે તમે સહેલાઈથી સમજી શકશો કે ભૌતિક વિકાસના જમાનામાં પણ આધ્યાત્મિકતાની આવશ્યકતા તો છે જ, એટલું જ નહિ પણ ઘણી મોટી આવશ્યકતા છે. આધ્યાત્મિકતા કોઈ એક જ જમાનામાં આવશ્યક છે અને બીજા જમાનામાં આવશ્યક નથી એવું નથી સમજવાનું. આધ્યાત્મિકતાને કોઈ જમાનાનું, દેશનું કે કાળનું બંધન નથી નડતું. કારણ કે બધા જ દેશકાળ કે જમાનાઓમાં ચિત્તની શુધ્ધિ, જીવનની સુધારણા અને આત્મદર્શનની ઉપયોગીતા તો એકસરખી રહેવાની જ. આધ્યાત્મિકતાને માટે માણસને અવકાશ ના હોય તે કોઈ ગૌરવ લેવા જેવી કે અભિનંદન આપવા જેવી વસ્તુ નથી. એવો અવકાશ કાઢવો જોઈએ. જો ઈચ્છાની પ્રામાણિકતા ને ઉત્કટતા હશે તો અવકાશ તો એની મેળે આવી મળશે. અવકાશ તો માણસ શોધી કાઢશે. અને શોધી કાઢવો જ જોઈશે.

આધ્યાત્મિકતા, ઈશ્વરભક્તિ કે આત્મિક વિકાસને નામે લોકસેવાનો સદંતર ત્યાગ કરવો કે સેવાભાવની ઉપેક્ષા કરવી એ પદ્ધતિ પણ પ્રામાણિક છે એવું નહિ કહી શકાય. કેટલાક લોકો એવી પદ્ધતિને

પ્રામાણિક માને છે તે તેમની ભૂલ છે. આધ્યાત્મિકતાનો અનાદર કરનારી સમાજસેવા ને સમાજસેવાને નિરર્થક અથવા અસાર કહી બતાવનારી આધ્યાત્મિકતા બંને અપૂર્ણ છે એ યાદ રાખવાની જરૂર છે. એ બંનેનો સુમેળ જ વ્યક્તિ તથા સમષ્ટિને માટે મંગલકારક છે. સમષ્ટિને માટે તો ખાસ.

* * * * *

## ૧૭. સાચું ધર્માચરણ

સંસારમાં કાંઈ એક પ્રકારના માણસો છે ? એમાં જુદી જુદી જાતના માણસો મળી આવે છે. આ તો એક વિશાળ, વિવિધરંગી બગીચો છે, અને એમાં અનેક પ્રકારનાં વૃક્ષો, ફળ તથા ફૂલો છે. માણસોની પ્રકૃતિ ભિન્ન ભિન્ન છે. કોઈને ધર્મ, ઈશ્વર કે આધ્યાત્મિકતાની વાતો ગમે છે તો કોઈને તેની સૂગ ચઢે છે. તેવા બીજી શ્રેણીના માણસો વારંવાર પૂછે છે પણ ખરા કે અત્યારે આપણા દેશને શાની જરૂર છે ? સેવાની, સંપની, સહકારની, સ્વાર્થત્યાગની, શાંતિની, સમૃદ્ધિની કે ધર્મ અથવા આધ્યાત્મિકતાની ?

એવા માણસોને હું કહીશ કે બંનેની. આપણા દેશને બંનેની જરૂર છે. કોઈ પણ દેશ સેવા, સંપ, સહકાર, સ્વાર્થત્યાગ કે શાંતિ વિના આગળ નથી વધી શકતો, અને એ દેશની પ્રજા સમૃદ્ધિ, શક્તિશાળી કે સુખી પણ નથી થઈ શકતી. આપણા લોકનેતાઓએ આપણને એ ગુણો તથા વિશેષતાઓ કેળવવા માટે અવારનવાર સૂચનાઓ પૂરા પાડી છે, પરંતુ એ સૂચનાઓનો પૂરેપૂરો આમલ આપણે ત્યાં હજુ પૂરેપૂરો નથી થઈ શક્યો એ એક કટુ છતાં સાચી હકીકત છે. જેમની મારફત એ વિશેષતાઓના વ્યાપક પ્રસારની આશા રાખવાની આવતી હતી તે નેતાઓ જ સત્તા તથા શ્રી ને સંપત્તિની હોડમાં પડ્યા છે. પછી સામાન્ય પ્રજાજનનું તો કહેવું જ શું ? આવે વખતે ધર્મ અથવા તો આધ્યાત્મિકતાની સાચી સમજણ આપણને મદદરૂપ થઈ પડશે. એની મદદથી જીવન ઉત્તરોત્તર નિર્મળ બનશે, ને જે જડતા તથા ઝેરી તત્વો જીવનમાં જડ ઘાલીને બેસી ગયા હશે તે પણ ધીમે ધીમે ને તદ્દન નિર્મળ થશે. એટલે કે ધર્મ અથવા આધ્યાત્મિકતા છેવટે વિશાળતા, ઉદારતા, સેવા, સંપ, સહકાર, સ્વાર્થત્યાગ તથા શાંતિ તરફ લઈ જશે. એ દ્રષ્ટિએ જોતાં એની કિંમત વધી જાય છે, ને જીવનને માટે એ ઉપયોગી પૂરવાર થાય છે.

ધર્મ અથવા આધ્યાત્મિકતા માનવમનનું મેરુદંડ છે. એના સિવાયની સેવા તથા બીજી લૌકિક પ્રવૃત્તિઓ મોહ ઉત્પન્ન કરનારી, મમત્વ જગાડનારી, આસક્તિથી આવૃત્ત કરનારી, કે રાગદ્વેષવાળી થવાનો પૂરતો સંભવ રહે છે. આજે દેખાય છે પણ એવું. મૂક સેવકો તથા સામાન્ય માણસોના મોટા ભાગના વર્ગનું નિરીક્ષણ કરતાં એ વાતને પુષ્ટિ મળે છે. ધર્મ અથવા આધ્યાત્મિકતાની ભાવનાવાળો માણસ કર્મ કરવા છતાં એની બૂરાઈઓ કે બદીઓથી મુક્ત રહી શકશે, અને એવી રીતે એના કર્મો એને માટે તથા બીજાને સારુ આશીર્વાદરૂપ ઠરશે. એ હંમેશા ઈશ્વરથી ડરીને, નીતિ ને સદાચારની મર્યાદાને આવશ્યક ગણીને, કામ કરશે. અને એના પરિણામે સમાજને મોટી મદદ મળશે. આપણા જાહેર જીવનમાં જે નાની મોટી બદીઓ છે તે ધર્મના સાચા આચરણથી એવી રીતે દૂર થઈ શકે તેમ છે, અથવા ધર્મનું સાચું આચરણ આપણી આજુબાજુની અસમાનતા તથા દીનતા, નિરક્ષરતા, અછત, સ્પર્ધા, તૃષ્ણા તેમજ અશાંતિનો પણ અંત આણીને એક સુખી સંવાદી, શાંત સમાજની રચનામાં પોતાનો ફાળો આપી શકે તેમ છે. એનું કર્તવ્યક્ષેત્ર એવી રીતે ધાર્યા કરતાં ઘણું મોટું છે. એથી માનવમનની અને એ દ્વારા સમસ્ત સમાજની કાયાપલટ કરી શકાય તેમ છે.

અત્યારે આપણે ત્યાં જે ધર્મચરણ થાય છે એથી માનવની પોતાની તથા સમાજની કાયાપલટ થાય છે કે નહિ, અને થાય છે તો કેટલા પ્રમાણમાં થાય છે, એ પ્રશ્ન જુદો છે. જે ધર્મનું પાલન આપણે ત્યાં થાય છે

તે ધર્મ મોટેભાગે મંદિરો, મસ્જિદો, ગિરજાઘરો, સત્સંગો, કથાકીર્તનો; કે જપ તથા યજ્ઞ જેવી બાહ્ય ક્રિયાઓ પૂરતો જ મર્યાદિત રહેતો હોય, અને જો એનો આધાર લઈને માણસ સુધરવાની ને જીવનને શક્તિશાળી કે સાત્વિક કરવાની કોશિશ ના કરતો હોય તો એવા ધર્મપાલનથી ધારેલો હેતુ નહિ સરી શકે. એ ધર્મપાલન કેવળ ઉપર ઉપરનું, દેખાવ પૂરતું ને જડ રહેશે. એવા ધર્મપાલનને આપણે સાચું ધર્મપાલન નથી કહેતા. સાચું ધર્મપાલન તો એ છે જે માનવને પોતાનો માનવ તરીકેનો ધર્મ શીખવે છે, પોતાના ઘર તરફના, પાડોશી પ્રત્યેના, સમાજ પ્રત્યેના, દેશ પ્રત્યેના તથા છેવટે ઈશ્વર પ્રત્યેના કર્તવ્યનો સંદેશ પૂરો પાડે છે, અને એનો અમલ કરવાની તાકાત આપે છે. એવું ધર્માચરણ જ વ્યક્તિ તથા સમષ્ટિને માટે મંગલમય બની શકે. આપણે ત્યાં ધર્માચરણ થાય છે, પરંતુ એની દ્વારા વિવેકની પ્રાપ્તિ નથી થતી, માનવતા નથી જાગતી, કર્તવ્યની દીક્ષા તથા નિષ્ઠા નથી મળતી, અથવા મળે છે તો પણ અત્યંત ઓછા પ્રમાણમાં, એટલે એની મારફત ધારેલો લાભ નથી થતો, પરિણામે દોષનો ટોપલો ધર્મ અને ધર્મચારણ પર નાખી દેવાય છે. પરંતુ દોષ માનવની પદ્ધતિનો, વૃત્તિનો તથા ઓછી કે અધૂરી સમજનો છે. એ વૃત્તિ ને પદ્ધતિને પલટાવવામાં આવે તો ધર્મચરણ ઘણું ઉપયોગી બની શકે. તેની દ્વારા માનવ ને માનવસમાજની બધી જ બદીઓ દૂર થઈ શકે, એમાં લેશ માત્ર પણ સંદેહ નથી કરવા જેવો.

* * * * *



## ૧૮. સનાતન ધર્મનું રહસ્ય

વિખ્યાત વૈજ્ઞાનિક આઈઝેક ન્યૂટને ગુરુત્વાકર્ષણના મશહૂર સિદ્ધાંતની શોધ કરી અને એ શોધ સંસારના શિક્ષિત સમાજ સમક્ષ મૂકી તે પહેલાં શું ગુરુત્વાકર્ષણનો એ સિદ્ધાંત સંસારમાં કામ નહોતો કરતો ? ન્યૂટનની શોધ પહેલાં સંસારમાં શું એનું અસ્તિત્વ જ ન હતું ? કુદરત શું એ નિયમના આધારે નહોતી ચાલતી અને ન્યૂટને શોધેલા સિદ્ધાંત પછી જ ચાલતી થઈ ? એ સિદ્ધાંતની શોધ થઈ તે પહેલાં પણ વૃક્ષ પરથી છૂટાં પડેલાં ફળો પૃથ્વી પર જ પડતાં હતાં, એ કાંઈ અવકાશમાં અધ્ધર ને અધ્ધર નહોતાં રહેતાં. ચંદ્ર સૂર્યની આજુબાજુ ફરતો, પૃથ્વી ચંદ્રની આજુબાજુ ફરતી, ને તે ઉપરાંત, પોતાની ધરીની આસપાસ પણ ફર્યા કરતી. ન્યૂટને એના રહસ્યનું ઉદ્દઘાટન કર્યું એટલું જ.

સંસારના બીજા મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને સાપેક્ષવાદનો સિદ્ધાંત શોધી કાઢ્યો- 'થિયેરી ઓફ રિલેટીવીટી'. તે પ્રમાણે દેશ, કાળ, સમય જેવા વિભાગો કલ્પિત અથવા તો અનેક વૃત્તિને લીધે પેદા થાય છે, અનંત કાળ અને સ્થળમાં એવા વિભાગો ખરેખર અસ્તિત્વ નથી ધરાવતા.

પરંતુ આઈન્સ્ટાઈનની એ શોધ પહેલાં એનું રહસ્ય શું સંસારમાં કામ નહોતું કરતું ? કામ તો કરતું જ હતું, પરંતુ લોકો એનાથી અનભિજ્ઞ હતા એટલું જ. આઈન્સ્ટાઈને દિવસો, મહિના કે વરસો સુધી પ્રયોગ તથા સંશોધન કરીને એ રહસ્યને મૂર્તિમંત કર્યું એટલું જ. ભારતના મહાપુરુષોએ વરસો પહેલાં એને મળતા દ્દષ્ટિ-સૃષ્ટિવાદના સુંદર સિદ્ધાંતની રચના કરી હતી. વિદ્વાનો એ વાતને સારી પેઠે જાણે છે. આઈન્સ્ટાઈને એને આધુનિક વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા સિદ્ધ કરી બતાવ્યો તેથી લાગતાવળગતા લોકોનો વિશ્વાસ એમાં વધી પડ્યો.

ભારતના ત્રીજા મહાન વૈજ્ઞાનિક શ્રી જગદીશચંદ્ર બોઝે પ્રયોગ કરીને સંસારને ચકીત કરી નાખનારી એવી અવનવી વાતની શોધ કરી કે વનસ્પતિમાં પણ જીવ છે. એ અગાઉ મોટા ભાગના લોકો એમ માનતા કે વનસ્પતિ જડ અથવા નિર્જીવ છે. પરંતુ ભારતના એ સપૂતની શોધે વૈજ્ઞાનિક જગતમાં ક્રાંતિ કરી. હવે પ્રશ્ન એ થાય છે કે તે પહેલાં શું વનસ્પતિ નિર્જીવ હતી ? ના, બિલકુલ નહિ.

ભારતના વૈદિક કાળના ઋષિવરોએ તો સાફ શબ્દોમાં જાહેર કર્યું છે કે ચરાચરમાં પરમાત્માનો પરમ પ્રકાશ વિદ્યમાન હોવાથી બધું ચિન્મય જ છે, અને જડ તથા ચેતન જેવા ભેદો તો ઉપર ઉપરના, કામચલાઉ અથવા વ્યાવહારિક છે. પરમાત્મ તત્વ જડ કહેવાતા પદાર્થોમાં પણ છે, પરંતુ ગૂઢ, સૂક્ષ્મરૂપે, સુષુપ્ત અથવા અપ્રકટ છે એટલું જ. જગદીશચંદ્ર બોઝે એ પ્રાચીન વિચારધારા પર વૈજ્ઞાનિક સંશોધનની મહોર મારી એવું કહી શકાય. ગુરુત્વાકર્ષણ, સાપેક્ષવાદ તથા વનસ્પતિમાં જીવતત્વ હોવાના સિદ્ધાંતો તો સંસારમાં પહેલેથી જ કામ કરી રહ્યા હતા. ન્યૂટન, આઈન્સ્ટાઈન તથા જગદીશચન્દ્ર બોઝે એને નવેસરથી પેદા નથી કર્યા પરંતુ શોધી કાઢ્યા કે સિદ્ધ કર્યા છે.

અવનિમાં અમેરિકાનું અસ્તિત્વ તો લાંબા વખતથી હતું, પણ કોલંબસે એની શોધ કરી ત્યારથી જ લોકો તો એને જાણતા થયા. કોલંબસ અમેરિકાના એ અવનવા પ્રદેશનો સર્જક ન હતો પણ સંશોધક હતો,

અથવા કહો કે સૌથી પ્રથમ જોનારો હતો. તેવી જ રીતે પેલા વૈજ્ઞાનિકો પણ લાંબા વખતથી કામ કરનારા નૈસર્ગિક નિયમોના કે રહસ્યોના દ્રષ્ટા અથવા ઉદ્દગાતા હતા.

આટલી વાત જો સારી પેઠે સમજાઈ ગઈ હશે તો ઋષિઓને 'દ્રષ્ટા' શા માટે કહેવામાં આવે છે એ હકીકત પણ સહેલાઈથી સમજાઈ જશે. ઋષિઓની એવી મક્કમ માન્યતા હતી કે પરમાત્માની પેઠે તેમનું જ્ઞાન પણ સનાતન છે, અથવા તો અનંતકાળથી ચાલ્યું આવે છે. એ જ્ઞાનનો પાવન પ્રકાશ પરમાત્માની પેઠે શાશ્વત છે, હતો અને રહેશે. ઋષિઓએ તે તપ તથા પવિત્રતાનો આશ્રય લઈને પરમાત્માની કૃપાથી એ જ્ઞાનને ઝીલ્યું તેમજ પ્રગટ કર્યું છે એટલું જ. એ જ્ઞાનના એ સ્ત્રષ્ટા કે સ્વામી નથી પરંતુ દ્રષ્ટા છે. એ અનાદિ, શાશ્વત જ્ઞાનપ્રકાશને સંસારના હિત માટે પ્રકટ કરવામાં અને પ્રસરાવવામાં પોતે માત્ર નિમિત્ત બન્યા હોવાથી, એના પર એમણે માલિકીપણાની મહોર નથી મારી. એ જ્ઞાન પરમાત્માનું પોતાનું કે પરમાત્મામય છે એવું એમણે જાહેર કર્યું છે. એમાં એમની પ્રખર પરમાત્મપરાયણતા તથા નમ્રતા દેખાય છે. વેદ જેવા જ્ઞાનગ્રંથોને એવા વિશાળ ભાવાર્થમાં જ મનુષ્યરચિત નહિ પરંતુ ઈશ્વરપ્રણીત કહેવામાં આવે છે.

માનવજાતિના પરમ મંગલને માટે ધર્મનો જે સંદેશ એમણે આપ્યો એ ધર્મના પર પણ કોઈ વિશેષ વ્યક્તિની મહોર મારવાને બદલે, એ ધર્મને એમણે 'સનાતન ધર્મ'ના વિશાળ નામે ઓળખાવ્યો છે. એને 'વૈદિક ધર્મ' કે 'હિંદુ ધર્મ' પણ કહેવામાં આવે છે. દુનિયાના બીજા ધર્મો કોઈ ને કોઈ મહાન ધર્મસંસ્થાપકના નામ સાથે સંબંધ ધરાવે છે, અને એમના વિના એ ધર્મો ટકી નથી શકતા. જો એ ધર્મસ્થાપકોનાં નામોને કાઢી લઈએ તો એ ધર્મોનો સમગ્ર આત્મા ચાલ્યો જાય છે. પરંતુ સનાતન ધર્મનું તેવું નથી. તે તો સિદ્ધાંતો અને આદર્શોના આધાર પર ઊભો થયો છે, સુદ્રઢ બન્યો છે, ને એમને અગત્ય આપી આગળ વધ્યો છે.

બીજા ધર્મો પોતાના એકાદ ધર્મસ્થાપકના જીવન માટે ગૌરવ લે છે, પરંતુ ભારતના સનાતન ધર્મમાં તો એવા એકેકથી ચઢિયાતા, અનેક લોકોત્તર મહાપુરુષો પેદા થયા છે. છતાં પણ એ ધર્મનો આત્મા એવા પ્રતાપી પુરુષોમાં જ સીમિત નથી થયો. એના સિદ્ધાંતો શાશ્વત છે અને ભારતની જ નહિ પરંતુ સૃષ્ટિની સઘળી પ્રજાઓને માટે કામના છે. એટલા માટે જ એ સનાતન છે, સર્વોપયોગી છે અને સર્વમંગલ છે.

વ્યક્તિપૂજા ભારતમાં ચાલુ થઈ છે અને મહાન લોકોત્તર વ્યક્તિની પૂજાનો પ્રસાર થયો છે; પરંતુ વ્યક્તિને 'પરમાત્માની પ્રતિનિધિ' માનીને જ પૂજવામાં આવી છે. એ દ્રષ્ટિએ જોતાં વ્યક્તિને નહિ પણ પરમાત્માને જ પૂજ્ય તથા પ્રશસ્ય માનવામાં આવ્યા છે, અને એમનો જ આરાધ્ય અને આદર્શરૂપે અંગીકાર થયો છે. માટે તો ધર્મને કોઈ વ્યક્તિવિશેષના નામની સાથે સાંકળી લેવાને બદલે, એને સનાતન સિદ્ધાંતો તથા સનાતન પરમાત્માની પ્રાપ્તિનું સાધન, વાહન કે માધ્યમ માનીને, સનાતન ધર્મનું સારવાહી નામ આપવામાં આવ્યું છે. સનાતન ધર્મનું એ રહસ્ય શાંતિપૂર્વક સમજવા જેવું છે.

**(૨) જ્ઞાન અને વિજ્ઞાન**

આવા મહાન ધર્મ અથવા તો એની અભિવ્યક્તિ કરનારી સાંસ્કૃતિક પરંપરા માટે ખરેખર ગૌરવ લેવા જેવું છે. એ ધર્મ કે સંસ્કૃતિના વારસાને માટે કોઈપણ પ્રજા ગૌરવ અથવા આદરભાવની અધિકારિણી બની શકે છે. એની પરંપરામાં આપણને પણ શ્વાસ લેવાનું સદ્દભાગ્ય સાંપડ્યું છે એ કાંઈ જેવીતેવી વાત નથી. એનો પૂરેપૂરો લાભ લઈએ અને આપણા તથા બીજાના જીવનને ઉજ્જવળ કરવાનો પ્રયત્ન કરી

છૂટીએ એ આવશ્યક છે. એ ધાર્મિક કે સાંસ્કૃતિક પરંપરાને સારી પેઠે સમજીને વધારે પ્રતાપી ને પ્રકાશવાન બનાવવામાં જીવનનો વિનિયોગ કરીએ, અથવા એને અધિક સૌરભથી ભરીએ, એથી વિશેષ રૂડું બીજું શું હોઈ શકે ?

સનાતન ધર્મ વેદ, ઉપનિષદ કે ગીતા જેવા ગ્રંથોનો જ બનેલો છે એવું નથી સમજવાનું. એ ગ્રંથો ને એવા બીજા ગ્રંથો એના પ્રાણનું પ્રતિનિધિત્વ કરે છે અને એને સમજવામાં સહાય કરે છે એ સાચું, પરંતુ એ પણ એટલું જ સાચું છે કે એનો આત્મા એવા બધા ગ્રંથોમાં જ સીમિત કે કેદ નથી થયો. એ તો અનંત છે, એ કોઈ ગ્રંથોના માળખામાં પૂરેપૂરી રીતે પુરાઈ શકે તેમ નથી. માટે તો એ ધર્મના બે સ્વરૂપો માનવામાં આવ્યાં છે. એક તો એનું શાસ્ત્રોમાં સાકાર થતું સ્વરૂપ ને બીજું સ્વાનુભવના ક્ષેત્રમાં પ્રવેશ કરવાને પરિણામે પ્રાપ્ત થતું સ્વરૂપ. એના આત્માને અનુભવવા માટે માણસે શાસ્ત્રોમાં સીમિત બનીને, સંતુષ્ટ થઈને બેસી રહેવાને બદલે, અંતરંગ સાધનોનો આધાર લઈને અનુભૂતિની દુનિયામાં ઊંડા ઊતરવું જોઈએ. જે સિદ્ધાંતો બુદ્ધિ દ્વારા સમજાયા ને સાચા લાગ્યા છે તેને આચારમાં અનુવાદિત કરવા, જીવનમાં જીવવા, સંમિશ્રિત કે આત્મસાત્ કરવા કોશિશ કરવી જોઈએ. ત્યારે જ ધર્મનું સાચું સ્વરૂપ સમજાઈ શકે અને એના આત્માનો આનંદ પણ ત્યારે જ મળી શકે. એ વાતને સમજાવવા માટે જ શાસ્ત્રીય પરિભાષામાં 'શ્રોત્રિય' અને 'બ્રહ્મનિષ્ઠ' શબ્દોનો પ્રયોગ કરવામાં આવેલો છે. માણસે શ્રોત્રિય એટલે વિદ્વાન તો બનવાનું જ છે, પરંતુ બ્રહ્મનિષ્ઠ બનીને સાચા અર્થમાં વિદ્-વાન પણ થવાનું છે, મતલબ કે બ્રહ્મતત્વને પ્રત્યક્ષ રીતે અનુભવવાનું છે. ત્યારે જ તેનું જીવન કૃતાર્થ બની શકે. જ્ઞાન અને વિજ્ઞાન-અનુભવમાંથી ઉત્પન્ન થયેલું વિશેષ જ્ઞાન- બંનેનો એણે સમન્વય સાધવાનો છે. એના વિના એની દશા સહદેવ જેવી કરૂણ ને અસહાય થઈ પડવાની. જે જાણે તેને આચરણમાં ઉતારી ના શકવાથી, સ્વાનુભવના વિશેષ જ્ઞાનથી સંપન્ન ના કરવાથી, એનો અંતરાત્મા અહર્નિશ આક્રંદ કર્યા કરવાનો ને શાંતિ નહિ મેળવવાનો. એ જ્ઞાન એને માટે બોજારૂપ બની જવાનું પરંતુ મુક્તિ, પૂર્ણતા, કલ્યાણ કે જીવનની સમુન્નતિનું સાધન નહિ બનવાનું.

**(૩) વિશ્વધર્મની યોગ્યતા**

'જીવો અને જીવવા દો'માં સંપૂર્ણપણે માનનારી આ ધર્મની પ્રજા પોતાના જીવનના શૈશવકાળથી માંડીને છેક આજ સુધી પોતાની સીમાઓ છોડીને દુનિયાના કોઈપણ દેશને જીતવા કે પરાધીન બનાવવા બહાર નથી ગઈ. 'વસુધૈવ કુટુંબકમ્' અથવા 'આત્મવત્ સર્વભૂતેષુ'માં માનનારી એ પ્રજાએ પોતાને ત્યાં જે જે ઈતરધર્મી લોકો આવ્યા એમનું ઉછળતે હ્દયે સ્વાગત કર્યું છે, ને એમને આદરણીય આસન ધર્યું છે. 'માતૃવત્ પરદારેષુ, પરદ્રવ્યેષુ લોષ્ટવત્'નો સામાજિક જીવનનો મહામૂલો વ્યવહારમંત્ર પૂરો પાડનારા તેમજ યમ-નિયમ જેવી યોગસાધનાની પરંપરા પેદા કરનારા એ ધર્મે ધર્મને કેવળ વાદવિવાદ કે ચર્ચાવિચારણા ક્ષેત્રમાં જ જકડી નથી રાખ્યો, પરંતુ જીવનનો શ્વાસોચ્છવાસ, પ્રાણ કે ધડકાર બનાવ્યો છે. એણે શ્રેય અને પ્રેયનો સમન્વય સાધી, એની સમતુલા સાચવીને, જીવનને સર્વાંગી તથા પરિપૂર્ણ કરવાની સાધના પૂરી પાડી છે. એણે સૌનું શુભ ચાહ્યું છે, સૌનું મંગલ, ને સૌનું શ્રેય. નિંદાખોરી, દબાવ, ભય, પ્રલોભન, ધાકધમકી તથા પોતાના પ્રચારની બીજી છળકપટભરી તરકીબોથી એ દૂર રહ્યો છે. એનું મગજ આકાશમાં ઉડતું રહ્યું છે, અને એના પગ પૃથ્વી પર સ્થિર થયા છે. એની ઉદારતા, વિશાળતા તથા મહાનતા અપાર છે. અને એથી જ

ઉત્તમોત્તમ તત્વોને લીધે જ એ આજે પણ શ્વાસ લે છે ને શ્વાસ લેશે. સંસારની કેટલીય સંસ્કૃતિઓ અસ્ત થઈ, પરંતુ એનું જીવન અમર છે. સમસ્ત સંસારનો ધર્મ બનવાની એનામાં પૂરતી યોગ્યતા છે. એવો વિશ્વધર્મ બનશે કે કેમ અને બનવો જોઈએ કે કેમ, એ વાત જુદી છે, પરંતુ જો એની રચના થવાની જ હોય તો બીજા બધા ધર્મો કરતાં સનાતન ધર્મ એને માટે અધિક લાયકાતો ધરાવે છે એવું જાહેર કરવામાં કોઈ પણ પ્રકારના સંકોચને સ્થાન નથી રહેતું.

**(૪) વિશેષતા**

આ સનાતન હિંદુધર્મ કેવો છે તે જાણો છો ? એક વિશાળ વટ-વૃક્ષ જેવો, સંગ્રહસ્થાન જેવો કે જથ્થાબંધ માલની મોટી દુકાન જેવો. એની કેટલીય શાખા-પ્રશાખાઓ છે, અને એના પર કેટલાંય પંખીઓએ માળા બાંધ્યા છે. એમાં સામગ્રી પણ ભાતભાતની ને જાતજાતની છે. બીજા ધર્મો સાધન કે ઉપાસનાની એકાદ પદ્ધતિ જ પૂરી પાડે છે. પરંતુ આ ધર્મમાં એ માટેની અનેક પદ્ધતિઓનો સમાવેશ કરવામાં આવેલો છે. જેવી જેની પ્રકૃતિ તથા રુચિ તે પ્રમાણે તે તેવા સાધનનો આધાર લઈ શકે છે.

ખ્રિસ્તી ધર્મમાં જાવ તો તે તમને ઈશુ તથા મેરીની ઉપાસના કરવાનું તથા બાઈબલ વાંચવાનું શીખવશે. બુદ્ધ ધર્મમાં ભગવાન બુદ્ધ તથા અવલોકિતેશ્વર અને ધમ્મપદ કે ત્રિપિટકની રજૂઆત થશે. ઈસ્લામમાં મોહમદ સાહેબને પયગંબર તથા કુરાનને ધર્મગ્રંથ માનવાનું કહેવામાં આવશે. પરંતુ સનાતન ધર્મનું તેવું નથી. તેમાં નિર્ગુણ તથા સગુણ બંને પ્રકારની પૂજાપદ્ધતિઓનો સમાવેશ થયો છે.

સગુણ ઉપાસનાના પણ અનેક પ્રકાર છે. રામ, કૃષ્ણ, શંકર, દેવી, સૂર્ય અને મંત્રજપ પણ પ્રણવથી માંડીને બીજા કેટલાય છે. યોગ, ભક્તિ, કર્મ ને જ્ઞાનની ચતુર્વિધ સાધનામાંથી કોઈનોય આધાર લઈને આગળ વધી શકાય છે. ધર્મના ગ્રંથો પણ વેદ, ઉપનિષદ, દર્શનશાસ્ત્ર, સ્મૃતિ, ગીતા, ભાગવત, રામાયણ, મહાભારત જેવા વિવિધ છે. એમાંથી રુચિ પ્રમાણે લાભ લઈ શકાય છે. અને કોઈનોય આશ્રય યોગ્ય ના લાગે તો કોઈયે મંત્ર, ગ્રંથ, સંપ્રદાય કે વ્યક્તિવિશેષમાં મન લગાડ્યા વિના સ્વતંત્ર રીતે પણ વિકાસ કરી શકાય છે. ધર્માનુષ્ઠાનની આટલી બધી સ્વતંત્રતા, ઉદારતા, વિશાળતા તથા પસંદગીનો આટલો મોટો અવકાશ, સનાતન ધર્મ વિના બીજે ક્યાંય નહિ મળે. સનાતન ધર્મની એ આગવી વિશેષતા છે. એ એની વિશેષતા નથી. પરંતુ સબળતા છે; એનું દૂષણ નહિ, પરંતુ ભૂષણ છે; એની કુરૂપતા નહિ, પરંતુ શોભા છે. બધા ધર્મોને એ પોતાની અંદર સમાવી લેવાની ક્ષમતા ધરાવે છે. એમાં સાધનો અનેક છે, પરંતુ સાધ્ય એક. એક પરમાત્માના પરિચયનો જ એ સંદેશ આપે છે. જીવનનું ધ્યેય એ એક જ બતાવે છે- મુક્તિ, પૂર્ણતા કે પરમાત્માનો સાક્ષાત્કાર. એની વિવિધ સાધનપ્રણાલિમાં અંદરખાને એકતા છે અને સંવાદિતા છે એ નથી ભૂલવાનું.

**(૫) ધર્મના સંરક્ષણની જરૂર**

સનાતન ધર્મનું સાચું સ્વરૂપ આટલું બધું ઉત્તમ હોવા છતાં એના ભવ્ય ભૂતકાળ તેમજ એના ઉચ્ચતમ આદર્શોનાં ગુણગાન ગાવા માત્રથી જ કાંઈ નહિ વળે. કોઈ પણ ધર્મની ઉત્તમતા કે ભવ્યતાને ચિરંજીવ રાખવી કે ટકાવી રાખવી હોય તો તેના પ્રવાહને વહેતો રાખવો જોઈએ, એનો લાભ લેવો જોઈએ. કમનસીબે વર્તમાનકાળમાં પરિસ્થિતિ એથી ઊલટી જ દેખાય છે. ધર્મનો પ્રવાહ વહે છે ખરો, પરંતુ એનો

લાભ લેનારા બહુ થોડા છે. પ્રજાનો એક વર્ગ ગમે તે કારણથી પ્રેરાઈને પણ એમાંથી પોતાની શ્રદ્ધા ગુમાવી બેઠો છે ને ગુમાવતો જાય છે, તથા બીજો વર્ગ ત્રિશંકુની પેઠે અવિશ્વાસ અથવા આશંકામાં જ જીવ્યા કરે છે. એ વર્ગે ધર્મના સારતત્વને સમજવાની તથા પચાવવાની કોશિશ ભાગ્યે જ કરી છે. એને એની બહુ પડી હોય એમ પણ નથી લાગતું. તે ઉપરાંત, બીજા ધર્મપ્રચારકો અનેક ભળતા કે વિકૃત માર્ગોનો આધાર લઈને, યુક્તિપ્રયુક્તિ તથા છળકપટ અજમાવીને કે લોકોની લાચારીનો લાભ લઈને એમનું ધર્માંતર કરવાની પ્રખર પ્રવૃત્તિઓ કર્યા કરે છે. એને લીધે હજારો લોકો પોતાનો પરંપરાગત ધર્મ છોડી દે છે. હિંદુધર્મીઓ તો પોતાના ભૂતકાળના ભવ્ય વારસાના મિથ્યાભિમાનમાંથી જ ઊંચા નથી આવતા, એટલે એમને તો પોતાના પ્રચારની પડી છે જ ક્યાં ? સરકાર પણ એ પ્રત્યે ઉદાસીન છે. પરિણામે તાજેતરના વસ્તીગણતરીના આંકડાઓએ બતાવી આપ્યું છે કે હિંદુઓની સંખ્યા ઘટી છે, ઘટતી જાય છે ને ઈતર ધર્મી વધતા જાય છે. આ પરિસ્થિતિ ભારે કરુણ અને ખેદજનક છે. કહો કે જોખમકારક છે. અને વેળાસર ચેતીને એનો ઈલાજ નહિ કરવામાં આવે તો એક સમય કદાચ એવો પણ આવશે કે પોતાના ધર્મનું ગૌરવ લેનારી હિંદુ પ્રજા પોતાની જ નબળાઈનો ભોગ બનીને, પોતાના જ દેશમાં, પોતાનો ધર્મ આટલો બધો પ્રખર અને પ્રાણવાન હોવા છતાં, તદ્દન લઘુમતિમાં મુકાઈ જશે.

સૌથી પહેલાં તો હિંદુ ધર્મના નામે જે વાડાબંધી, સાંપ્રદાયિકતા, મતમતાંતર અને એમાંથી ઉત્પન્ન થયેલ વૈમનસ્ય ને ફાટફૂટ છે તેને દૂર કરી, પ્રત્યેક હિંદુ ધર્માવલંબી પોતાના ધર્મ ગૌરવ સાથે, ધાર્મિક જીવન જીવતાં, એક જ પ્લેટફોર્મ પર સંપ, સ્નેહ કે સહકારની ભાવના સાથે ઊભો રહે એવી પરિસ્થિતિ પેદા થવી જોઈએ. હિંદુધર્મના જે વિભિન્ન ડાળાંપાંખડાં છે એનાથી અલગતાવાદની ભાવના ના પોષાય, ને વિરોધ કે ભેદભાવની ખાઈ પેદા ના થાય એ અત્યંત આવશ્યક છે. એ બધી ધર્મપરાયણ પ્રજા પરસ્પર આક્ષેપ ના કરે, કાદવ ના ફેંકે, પરંતુ મદદરૂપ થઈને, મજબૂત બનીને ઊભી રહે એ જરૂરી છે.

બીજો માર્ગ શિક્ષિત વર્ગમાં ધર્મની સાચી સમજ પેદા કરવાનો, વધારવાનો અને અશિક્ષિત, પછાત કે ગરીબ વર્ગની સેવા કરવાનો છે. એની અસર પણ ઘણી સારી પડશે. શ્રીમંતોએ એને માટે છૂટે હાથે ધનની સહાયતા કરવાની રહેશે.

એની સાથે સાથે સરકારે પણ ભારતના મૂળ પુરાતન ધર્મ તરીકે વૈદિક ધર્મ કે હિંદુ ધર્મનું સંરક્ષણ કરવામાં રસ લેવો જોઈએ અને બનતી બધી જ રીતે મદદ કરવી જોઈએ. બીજા ધર્મીઓની વટાળપ્રવૃત્તિ તથા રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ પર અંકુશ મૂકવાની સરકારની ફરજ છે. સૌ ધર્મના અનુષ્ઠાન માટે દેશમાં અવકાશ હોય, સૌ ધર્મો અભય પણ હોય, પરંતુ એનો અર્થ એવો નથી જ કે દેશે પોતાના પરંપરાગત મૂળ ધર્મમાં અને પોતાની અસલ સંસ્કૃતિમાં અથવા એના સંવર્ધનમાં રસ ના લેવો. એવો રસ ધર્મનિરપેક્ષ રાજ્યની વચ્ચે નથી આવતો.

એવી રીતે જો પ્રયત્નો કરવામાં આવે તો સનાતન ધર્મના ગૌરવને જીવતું અથવા અક્ષય રાખી શકાશે. બાકી કાળની કૂચમાં એનાં પગલાં પાછળ પડતાં જશે. સંભવ છે કે એ પોતાનો મહિમા પણ કદાચ ખોઈ બેસશે.

* * * * *

## ૧૯. માનવતાની માવજત

સત્સંગનું પ્રમાણ દેશમાં સારી પેઠે વધ્યું છે. નાનાં મોટાં શહેર ને ગામડાંમાં ભજનમંડળો ચાલતાં હોય છે. ગીતાયજ્ઞો, ભાગવત સપ્તાહો ને રામાયણના પારાયણો થાય છે. નવરાત્રીમાં દુર્ગાસપ્તશતીના પાઠ ચાલે છે. અને વિશ્વશાંતિ તથા બીજા અનેકાનેક હેતુઓને લક્ષમાં લઈને જુદી જુદી જાતના યજ્ઞોનું અનુષ્ઠાન પણ થયા કરે છે. જાહેર વાર્તાલાપો કે પ્રવચનો પણ સારી સંખ્યામાં થાય છે. મહાપુરુષોની જયંતીઓ તેમ જ શતાબ્દીઓ પણ ઉજવાય છે. તીર્થપ્રવાસો પણ પર્યાપ્ત પ્રમાણમાં થઈ રહ્યા છે. ધર્મ ને તત્વજ્ઞાનના ખાસ સમારંભો પણ થતા રહે છે. ઉપરાંત, ધાર્મિક માસિકો કે લેખમાળાઓના વાચકો પણ વધ્યા છે. સંસ્કારી પ્રવૃત્તિઓ પણ વધતી જાય છે. આમ દેખીતી રીતે દેશમાં ધર્માનુષ્ઠાનનું પ્રમાણ સંતોષકારક લાગે એવું છે. ધર્મપ્રાણ કહેવાતા આ દેશને માટે એ એક સારું ચિહ્ન ગણાય.

છતાં પણ, આ બધી બાહ્ય પ્રવૃત્તિઓની પાછળ, ધર્મનું સાચું અનુષ્ઠાન કેટલું ? એ પ્રશ્ન પણ દેશનો પ્રવાસ કરનારને સ્વાભાવિક રીતે જ થયા કરે છે. દેશના ચારે ખૂણામાં ફરી વળીએ તો આજે શું દેખાય છે ? પ્રજાના નૈતિક જીવનનું સ્તર નીચે ઊતરતું જાય છે. અનૃતભાષણ, છળકપટ ને દગાખોરી વધી છે. અપ્રામાણિકતા વ્યાપક બનતી જાય છે. લાંચરુશ્વત અને ભેળસેળે વિરાટ રૂપ ધારણ કર્યું છે. અપહરણ, ખૂન, ચોરી તથા છેતરપીંડીના બનાવો પણ કંઈ ઓછા નથી બનતા. અમીરી વધતી જાય છે, ને ગરીબી પણ એટલી જ-બલ્કે એથી પણ વિશેષ પ્રમાણમાં, વધતી જાય છે. આ બધું ધર્મને માટે પ્રાણઘાતક પુરવાર થાય છે. ધર્મના મૂળભૂત પાયા જેવા જે મહત્વના ગુણધર્મો છે, અથવા તો આધ્યાત્મિક જીવનનાં જે મૂળ તત્વો છે, તે સત્ય, દયા, સેવાભાવ, શુદ્ધિ અને સમભાવનું દર્શન જાણે કે દુર્લભ થઈ ગયું છે. કૌટુંબિક જીવનની મીઠાશ બહુ ઓછે ઠેકાણે ને ઓછા પ્રમાણમાં દેખાય છે. ત્યારે આપણને થાય છે કે ધર્મની વાતો કરનારી તથા ધર્મને માટે ગૌરવ લેનારી ભારતની પ્રજા ધર્મના સાચા અનુષ્ઠાનની દ્રષ્ટિએ ક્યાં છે ને કયી દિશામાં જઈ રહી છે ? અલબત્ત, એ રેખાચિત્ર કાંઈ ઉત્સાહજનક તો નથી જ.

કોઈ પણ પ્રજા ધર્મ ને સંસ્કૃતિની ભૂતકાલીન ગૌરવવંતી સ્મૃતિથી મહાન નથી થઈ શકતી, પરંતુ એ વાતોને રોજિંદા જીવનમાં વણી લેવાથી મહાન બની શકે છે. એવી પ્રજા જ આદર્શ અને પ્રાણવાન થાય છે. એ દ્રષ્ટિએ જોતાં આજે આપણો ધર્મ શો છે ? મને લાગે છે કે ધર્મમાં માનનારી કે ન માનનારી પ્રત્યેક વ્યક્તિએ પોતાના જીવનની સંશુદ્ધિને સાધવા તથા સાચવવા માટે બનતું બધું જ કરી છૂટવું જોઈએ અને અધર્મ અથવા અનીતિની અસરોથી મુક્ત રહેવા ઉપર કહેલા અનર્થોને જીવનમાંથી ભૂંસી નાખવા અથવા તો એમના શિકાર નહિ બનવા, પ્રયત્નશીલ થવું જોઈએ. ચારિત્ર્યની નિર્બળતા ને ઉત્તમતા પ્રત્યેક વ્યક્તિનો જીવનમંત્ર થઈ પડવો જોઈએ. તેને માટે કેળવણી તથા બીજી પદ્ધતિઓમાં જે પરિવર્તનો કરવાની આવશ્યકતા હશે તે પણ કરવાં રહેશે, પરંતુ વ્યક્તિગત રીતે તો પોતાનું જીવન મન, વચન ને કર્મથી સ્ફટિક જેવું નિર્મળ બને ને રહે તે માટેનો પ્રયત્ન પ્રત્યેકે કરી છૂટવો જ પડશે. તો જ દેશને માટે કાંઈક આશા રહેશે. કેમ કે દેશ સમૃદ્ધ, સુખી તથા સલામત બને છે તે તેની ભૌતિક સંપત્તિ તેમ જ વૈજ્ઞાનિક સંશોધનોને લીધે જ નહિ, પરંતુ એની પ્રજાની રાષ્ટ્રીય ભાવના, એકતા, ગુણ, સમૃદ્ધિ અથવા તો ચારિત્ર્યની ઉત્તમતાને લીધે. એ

જ એને યશસ્વી બનાવે છે અને એ જ એના સંરક્ષણમાં મહત્વનો ફાળો આપે છે. બીજી જાતની પ્રગતિ દેશને માટે ઉપેક્ષણીય છે એવું નથી, પરંતુ સર્વસ્વ છે એવું નથી સમજવાનું.

આજે તો જોઈએ છે માનવતાના મહામૂલ્યવાન ગુણોનો આચરણમાં અનુવાદ કરવાનું પ્રેરણાબળ પૂરું પાડનારો સીધો ને સાદો માનવ ધર્મ : જે પોતાની શુદ્ધિ કરવાની સાથે સાથે બીજાની સેવા કરવાની દીક્ષા આપે. રાગદ્વેષ, અહંતા, સંકુચિતતા તથા વૈયક્તિક ભેદભાવો ને માનવમન પ્રત્યેની ધૃણાની હીન ભાવનામાંથી માનવને જે બહાર કાઢે. અને જેને લીધે માનવ વિશેષ ઉદાર, વિશાળ ક્ષમાશીલ, સદ્દબુદ્ધિસંપન્ન ને સંયમી બની, પોતાના ઘર અને કુટુંબને અને એ દ્વારા સમસ્ત સમાજને સુખી તેમ જ શાંતિમય બનાવે; આસુરી સંપત્તિના બધા અવશેષોનો અંત આણીને માનવની માનવતાને સોળે કળાએ ખીલવી દેનારા સરળ ને સચોટ માનવધર્મની આજે તો આવશ્યકતા છે. થોડા સમજુ કે વિવેકી માણસો પણ પોતાના જીવનમાં ધર્મ ને નીતિનાં મૂળ તત્વોને મૂર્તિમાન કરવાનો પ્રયાસ કરે ને માનવતાના મહાગુણો ને બધા ગુણોને બધા જ સંજોગોમાં વળગી રહે તો ઘણું મોટું કામ થશે. એવા માણસોની સંખ્યા જેમ જેમ વધતી જશે તેમ તેમ શ્રેયસ્કર થશે એ નિ:શંક છે. એવા સત્વશાળી માણસો દેશ અને દુનિયાની મહામૂલી મૂડી થઈ રહેશે. બીજાને પણ એમનો ચેપ લાગતો રહેશે.

એટલે માનવતાની માવજત એ આજનો યુગધર્મ છે. કરમાવા માંડેલી માનવતાની કુસુમક્યારીઓને ફરી પાછી પ્રાણવાન ને પુલકિત કરવી અને એની દ્વારા લોકજીવનમાં અભિનવ સૌરભ ભરવી એ આજનો પ્રાણપ્રશ્ન છે. દોષ ક્યાં છે ને કેટલા પ્રમાણમાં છે એ મહત્વનું નથી, દોષારોપણ કરવાનું કામ પણ આવશ્યક નથી, આવશ્યકતા છે દોષને દફનાવી દેવાની. એને માટે પ્રમાદમાં પડવાની કે બીજાની પ્રતીક્ષા કરવાની જરૂર નથી. સત્વમય જીવનના આચારનો આરંભ પોતાની જાતથી જ કરવો જોઈએ. બીજાના ઘરની ચિંતા કરવા કરતાં પોતાના ઘરને વાળીચોળીને સાફ કરવું જોઈએ. એ જ સાધના કે પ્રવૃત્તિ આશીર્વાદરૂપ થઈ પડશે અથવા તો લાભકારક સાબિત થશે.

એ પ્રવૃત્તિ માટે સૌને પ્રેરણા મળે એમ ઈચ્છીશું.

* * * * *

## ૨૦. સાચા સંતોને ઓળખતાં શીખો

સાધુ, સંન્યાસી, ઉપદેશક કે ત્યાગી કાંઈ એક જાતના હોય છે ? એ અનેક જાતના અથવા તો બહુરૂપી હોય છે. પેલા ભક્ત કવિએ પોતાની સાદી સીધી ભાષામાં કહ્યું છે તેમ

'કોઈ નાઠા રાંડોને રોષે, કોઈને ના મળી નારી,
કોઈ કરજે, કોઈ ઝગડે નાઠા, કેમ રીઝે ગિરિધારી ?'

એ પ્રમાણે ત્યાગ કરવાના કારણો ભિન્ન ભિન્ન હોય છે. મોટા ભાગના ત્યાગ તો મનની નબળાઈને લીધે તથા દુન્વયી કારણોને લીધે જ થતા હોય છે. વિવેક અને વૈરાગ્યના પીઠબળવાળા ત્યાગ કે સંન્યાસ તો કોઈક જ હોય છે અને એ જ હકીકત ત્યાગના આશયને પણ લાગુ પડે છે. એકાંતવાસ કરીને સાધના કે તપસ્યાનો આશ્રય લેવા, જ્ઞાનોપાર્જન કરવા, બંધનોમાંથી મુક્તિ મેળવવા, ઈશ્વર દર્શન કરવા અથવા તો પોતાનું ને બીજાનું શ્રેય સાધવા માટે ત્યાગ કરનાર પણ કોઈક વિરલ જ હોય છે. વધારે ભાગના ત્યાગ તો લૌકિક લાલસાઓને નજર સામે રાખીને થતા હોય છે. એવા અધકચરા ત્યાગનો આધાર લેનારા પાસેથી ગિરિધારીને રીઝવવાની આશા રાખી જ કેવી રીતે શકાય ? એમને ગિરિધારી કે પરમાત્માની પડી છે જ ક્યાં ? પરમાત્માની સાથે એમને કોઈ જાતનો સંબંધ જ ક્યાં છે ? એમના અંતરમાં લૌકિક ઈચ્છાઓ, લાલસાઓ કે વાસનાઓ તેમજ વિષયની રસવૃત્તિઓનું તાંડવનૃત્ય થતું હોય છે. એટલે ત્યાગનો અંચળો ઓઢ્યા પછી પણ એની પૂર્તિ માટે જ એ પુરુષાર્થ કરે છે.

**પ્રયોગો**

એવા સાધુસંન્યાસી કે ત્યાગ દેશમાં ઓછા જોવા નથી મળતા. અનેક પ્રકારની યુક્તિપ્રયુક્તિ કરીને, પ્રલોભનો આપીને, બીક બતાવીને કે દાવપેચ અજમાવીને ભોળા અથવા તો બીનઅનુભવી લોકોને તે પોતાના પ્રભાવમાં લે છે અથવા તો છેતરે છે, ને કેટલીક વાર તો પોતાની જાતને પ્રગતિવાદી, સંસ્કારી કે સુશિક્ષિત માનનારા લોકો પણ તેમની જાળમાં ફસાઈ જાય છે. લોકોને બહારના વેશ, વૈખરી વાણી કે બીજી વિદ્યાના હેરત પમાડે તેવા પ્રયોગોથી આંજી નાખવાની કળામાં તે કુશળ હોય છે. જો જરાક પણ ગાફેલ રહેવામાં આવે તો તેમનો સંગ મુસીબત પેદા કર્યા વિના નથી રહી શકતો.

**ચમત્કાર**

આ સંબંધમાં તાજેતરમાં જ બનેલી ઘટનાનો ઉલ્લેખ કર્યા વિના નથી રહી શકતો. અમદાવાદની બાજુના એક ગામમાં એક શ્રીમંતને ઘેર એક સાધુ આવ્યા. ભગવાં વસ્ત્રધારી સાધુને જોઈને સૌએ પ્રણામ કર્યા. એમનો યોગ્ય સત્કાર કર્યો.

સાધુને પૂછ્યું: બાપજી, ક્યાંથી આવો છો ?

બાપજીએ કહ્યું: 'ગિરનારના જંગલમાંથી. ગિરનારના જંગલમાં એક ગુફા છે તેમાં બાર વરસ તપ કરીને મેં સિદ્ધિ મેળવી. પછી થયું કે લોકકલ્યાણ કરું તો સારું, એટલે કેટલાંય સ્થળોમાં ફરતો ફરતો અહીં આવી પહોંચ્યો છું. જુઓ મારો ચમત્કાર.'

સાધુએ પોતાનો હાથ લાંબો કર્યો તો બધાના આશ્ચર્ય વચ્ચે એમની હથેળીમાં સાકર આવી ગઈ. એ સાકરનો પ્રસાદ સૌને વહેંચવામાં આવ્યો.

સાધુએ કહ્યું: આ પ્રસાદીથી તમારું દુઃખદર્દ દૂર થશે.

ગામના સૌથા મોટા વેપારીનું આ ઘર હતું. એ તો આ જોઈને સ્તબ્ધ જ થઈ ગયા ને કહેવા માંડ્યાઃ મારાં પૂર્વનાં પુણ્યો ફળ્યાં ત્યારે જ તમારો મેળાપ થયો. તમારા રહેવાથી મારું ઘર પાવન થશે. તમે મારા ઘરમાં જ વાસ કરો.

**બધું બમણું કરો**

સાધુને તો જોઈતું'તું તે મળી ગયું. બે-ત્રણ દિવસમાં તો એમના કહેવાથી વેપારીને ખબર પડી કે એમની પાસે કોઈક પ્રયોગ છે જેની મદદથી એ ઘરેણાં તથા રૂપીયાને બમણા કરી શકે છે. વેપારીની વૃત્તિ હાલી ઊઠી. એ લોભી હતો એટલે સાધુની સાથે સંતલસ કરીને એણે સાત દિવસનો પ્રયોગ કરવાની ગોઠવણ કરી અને એ પ્રયોગ માટે ચાલીસ તોલા સોનાનાં ઘરેણાં તથા ચાલીસ હજાર રૂપીયા રોકડા આપ્યા. સાધુએ કહ્યું કે સાત દિવસમાં બધું બમણું થતાં લીલાલહેર થઈ જશે. વેપારી આનંદ પામ્યો ને બોલ્યોઃ આ બધું બમણું થાય એ પછી ફરી પ્રયોગમાં બેસજો ને તેને પણ બમણું કરી આપજો. સાધુએ સંમતિ આપી.

**ગુમ !**

એકાંત અને શાંત સ્થાનમાં પ્રયોગ શરૂ થયો. સાધુમહારાજ આખો દિવસ ઓરડામાં જ રહેતા. કેવળ શૌચાદિ ક્રિયા માટે બહાર નીકળતા. પરંતુ છઠ્ઠે દિવસે સવારે બહાર જ ના નીકળ્યા. વેપારીએ તપાસ કરી તો એ દેખાયા જ નહિ. ઓરડો ખાલી હતો અને પ્રયોગ માટે રાખેલી સામગ્રી પણ ગુમ થયેલી. પાંચમે દિવસે રાતે જ લાગ જોઈને સાધુમહારાજ નાસી ગયેલા. વેપારીએ બધે તપાસ કરી. ઠેઠ અમદાવાદ સુધી જઈ આવ્યા, પરંતુ કશું ના વળ્યું. સાધુનો પત્તો ના લાગ્યો.

**લોભવૃત્તિ**

આવા અને આને મળતા બીજા પ્રસંગો સમાજમાં નથી બનતા એમ નહિ. એ બધા પ્રસંગોના મૂળમાં ડોકિયું કરીને જોશો તો માણસની લોભવૃત્તિ કામ કરતી દેખાશે. એને લોભવૃત્તિ કહો કે લાલસા ને કામનાનું નામ આપો, બધું એક જ છે. એ વૃત્તિથી પ્રેરાઈને કોઈ પણ પ્રકારના પરિશ્રમ વિના, ઓછામાં ઓછા વખતમાં વધારેમાં વધારે લાભ થતો હોય તે તેને મેળવવાની માણસ ઈચ્છા રાખે છે. એક બીજું મનોવૈજ્ઞાનિક કારણ પણ આવા પ્રસંગો પાછળ કામ કરી રહ્યું છે. દુનિયામાં દુઃખ વધ્યાં છે, રોગ વધ્યા છે, અછત, આફત કે ચિંતા તેથી તૃષ્ણા પણ વધી છે. એને લીધે માણસોનો એક નોંધપાત્ર વર્ગ એવા સાધુસંતો તથા કરામત કરનારાઓની શોધમાં રહે છે જે ફક્ત આશીર્વાદ આપીને, "જા બેટા, ઐસા હોગા" જેવાં પ્રતીતિજનક વચન કહીને, ભસ્મ કે પ્રસાદ આપીને, દોરાધાગા કરીને, કે પુરશ્ચરણ અથવા અનુષ્ઠાનનો આશ્રય લઈને એમનાં દુઃખદર્દ ઘડીના છઠ્ઠા ભાગમાં દૂર કરી દે અને એમને સર્વ પ્રકારે સફળ-મનોરથ કરી દે. જો માણસ પ્રાપ્ત પરિસ્થિતિમાં સંતોષી રહેતાં અને મિથ્યા વહેમોને તિલાંજલિ આપીને પોતાની રીતે આગળ વધવાનો પ્રયત્ન કરતાં શીખે તો એવી વ્યક્તિઓનો શિકાર થઈને બરબાદ ના બને. જે લોકો સાધુનો સ્વાંગ ધરીને અથવા સંસારી સ્વાંગમાં રહીને પોતાના પાર્થિવ હેતુઓની સિદ્ધિ માટે પ્રજાની સાથે એવા અધમ ખેલો ખેલી રહે છે

તેમણે સમજવું જોઈએ કે તે સાચા ધર્મને અને ધાર્મિક વિશ્વાસને ભારે નુકસાન કરી રહ્યા છે. પ્રજાની ઉપર એમની અસર ઘણી જ ખરાબ પડે છે ને સારા સાધુઓ તથા સારી વ્યક્તિઓ તરફ પણ એમને લીધે જ શંકાથી જોવાય છે. પોતાના જીવન દ્વારા એ સમાજની ભારે કુસેવા કરી રહ્યા છે.

**સાચા સાધુસન્તો**

પ્રજાએ પણ ધર્મની સાચી દ્રષ્ટિ કેળવવાની જરૂર છે. સત્ય અને અસત્ય તથા શુભ અને અશુભને સમજવાની શક્તિ ખીલવવાની છે જેથી અસત્ય અને અશુભના શિકાર ના થવાય અને સત્ય તથા શુભથી વંચિત ના રહેવાય. જે સાચું છે તેની આપણે હાથે અવગણના ના થાય ને જે ખોટું છે તેને ઉત્તેજન ના અપાય તેનું ધ્યાન રાખવાનું છે. એને માટે આદર્શ કે સાચા સાધુસંત કે પુરુષોને ઓળખતાં શીખવાનું છે. બધાં જ ધર્મશાસ્ત્રો એ બાબતમાં સહમત છે કે સાચા સાધુસંતો દૈવી સંપત્તિની મૂર્તિ જેવા અથવા તો સદ્ગુણ, સદ્વિચાર ને સત્કર્મની સૌરભથી ભરેલા હોય છે. અંદરની ને બહારની નિર્મળતા તેમનું મુખ્ય લક્ષણ હોય છે. વળી તે પોતાના મન અને પોતાની ઈન્દ્રિયોના સ્વામી હોય છે કે પછી સ્વામી થવાની પ્રામાણિક કોશિશ કરે છે. તે ઉપરાંત એમનામાં સંસારના વિષયોની રસવૃત્તિ, અહંતા, મમતા તથા આસક્તિનો અભાવ હોય છે. પરમાત્મા જ એમના જીવનના એકમાત્ર આરાધ્ય કે આદર્શ હોય છે. એમના પવિત્ર પ્રેમથી પોતાના પ્રાણને પરિપ્લાવિત કરીને પોતાના તથા બીજાના હિત માટે એ જીવતા હોય છે. એને પરિણામે એ શાંતિ, પ્રસન્નતા, નિર્ભયતા ને જ્ઞાનની મૂર્તિ બની જાય છે. સર્વ પ્રકારના છળકપટ અને અનર્થથી મુક્તિ મેળવી ચૂકેલા એ સંતો પોતાનાં વચન ને વર્તન દ્વારા બીજાને પણ તેવા થવાની પ્રેરણા પૂરા પાડે છે. સાચા સંતપુરુષોની એ આદર્શ કલ્પનાછબીને નજર સામે તાજી રાખવાથી ભળતા નામધારી લેભાગુ વ્યક્તિઓમાં નહિ ફસાવાય, અને સાચા સાધુસંતોને ઓળખી એમનો સમાગમ કરીને ધન્ય થવાશે.

* * * * *

## ૨૧. ચાર પ્રકારના માણસો

સંસારનું નિરીક્ષણ કરતાં તેમાં મુખ્યત્વે ચાર પ્રકારના માણસો જોવા મળે છે. જડ અથવા તો વિષયી, જિજ્ઞાસુ, સાધક અને સિદ્ધ કે મુક્ત. માનવસમાજના વિશાળ મહેરામણને આધ્યાત્મિક દ્રષ્ટિથી જોતાં આ ચાર વિભાગમાં વિભક્ત કરી શકાય.

**જડ**

સૌથી પ્રથમ પ્રકાર જડ અથવા તો વિષયી માણસોનો છે. તેમનું મુખ્ય લક્ષણ શું છે તે જાણો છો ? આત્મિક ઉન્નતિ, આધ્યાત્મિકતા કે ઈશ્વર તરફ એ એકદમ ઉદાસીન હોય છે. એ સંબંધી વાતોમાં એમને રસ નથી હોતો. એ તરફ એમની અરુચિ હોય છે. એમના લોહીમાં એ સંસ્કારો જ નથી હોતા કે જેથી એમને એ વિષયો તરફ લેશપણ અભિરુચિ થઈ શકે. એમનો સમગ્ર રસ સંસારમાં કે સંસારના વિષયોમાં જ સમાઈ ગયો હોય છે. એના વિના એમને બીજું કશું ગમતું જ નથી અને બીજા કશામાં એમનું ધ્યાન પણ નથી લાગતું. રાત-દિવસ એ વિષયોનું જ ધ્યાન ધર્યા કરે છે. વિષયોનું જ ચિંતન-મનન કરે છે. અને વિષયસુખની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવામાં જ જીવનની ઈતિ કર્તવ્યતા સમજે છે. ખાવુંપીવું, એશઆરામ કરવો અને એક દિવસ આ સંસારમાંથી વિદાય થઈ જવું એ એમના જીવનનું ધ્યેય હોય છે.

આધ્યાત્મિકતાની સાથે એમણે છૂટાછેડા લીધા હોય છે અથવા તો આધ્યાત્મિક જીવનનો જ રસ એમનામાં નથી હોતો એમ નહિ, પરંતુ એની સાથે સાથે નીતિ અને સદાચારની સાથે પણ એમણે લગભગ સંબંધ વિચ્છેદ કર્યો હોય છે એમ કહીએ તો ચાલે. નીતિ અને સદાચારના મૂલ્યોને એ ખાસ મહત્વનાં નથી માનતા પરંતુ સગવડ પૂરતાં જ સ્વીકારે છે. એટલે જ્યારે ફાવે ત્યારે પસંદ કરે છે, અપનાવે છે ને ફાવે ત્યારે છોડી દે છે અથવા તો તોડે છે. જીવનનો કોઈ વિશેષ ઉદ્દેશ એમની પાસે નથી હોતો, અને હોય છે તોપણ કેવળ દુન્વયી જ હોય છે. એ ઉદ્દેશની પૂર્તિ માટે એ આજીવન બનતો પ્રયાસ કર્યા કરે છે.

**જિજ્ઞાસુ**

જિજ્ઞાસુ માણસો જરા જુદી જાતના હોય છે. જીવન શું છે, શાને માટે છે, એની પાછળ કોઈ ઉદ્દેશ છે કે કેમ, અને હોય તો તેની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે છે, તેને માટે કેવા કેવા સાધનોનો આધાર લેવો જોઈએ તે વિષે તેમને જિજ્ઞાસા થાય છે. એવી જિજ્ઞાસાથી પ્રેરાઈને તે વિચારણા કરે છે, અને શક્ય તેટલાં સાધનોને શોધી કાઢે છે. જીવનને ઉત્તરોત્તર ઉત્તમ બનાવવા તરફ તેમનું ધ્યાન હોય છે. એને માટે તેમના હૃદયમાં ભૂખ તથા લગન હોય છે, ને તે લગનને સંતોષવા માટે તે તૈયાર રહે છે. તેમાં મદદ મેળવવાની ઈચ્છાથી અનુભવસંપન્ન સત્પુરુષોનો સંપર્ક પણ સાધે છે તેમજ તેમનું માર્ગદર્શન મેળવે છે.

કેટલાક માણસો જીવનભર જિજ્ઞાસુ જ રહે છે. તેમનામાં અવનવી જિજ્ઞાસાવૃત્તિ ઉત્પન્ન થતી જાય છે અને જિજ્ઞાસામાંથી એ ઊંચા જ નથી આવતા. જિજ્ઞાસાવૃત્તિની મારફત તે માહિતી મેળવે છે. તેમજ માહિતીના ભંડાર કે સંગ્રહસ્થાન જેવા પણ બની રહે છે. એ માહિતી જીવનોપયોગી ને જીવનવિકાસને અનુસરતી હોય છે, એટલા પૂરતી અગત્યની છે એ સાચું છે, પરંતુ એકલી જિજ્ઞાસાજન્ય માહિતી, વિચારશક્તિ કે બુદ્ધિ કોઈને સુખશાંતિ નથી આપી શકતી. તેથી જીવનનું શ્રેય પણ નથી સાધી શકાતું. તેની

પણ એક સીમા છે. એ સીમાની બહાર જઈને જીવનના શ્રેયને સિદ્ધ કરવા તથા જીવનમાં સનાતન ને સંપૂર્ણ સુખશાંતિ પ્રાપ્ત કરવા માણસે જીજ્ઞાસુ તરીકે જીવન નિર્ગમન કરવાને બદલે સાધક બનવાની પણ આવશ્યકતા રહે છે. કેવળ બુદ્ધિવાદી કે ભાવનાપરાયણ બનીને બેસી રહેવાને બદલે, કર્તવ્યપરાયણ થવાની પણ જરૂર રહે છે. તે વિના આદર્શોનો આચારમાં અનુવાદ નથી થઈ શકતો, અને સિદ્ધાંતોને વ્યવહારમાં પણ નથી મૂકી શકાતા.

**સાધક**

સાધકદશા જીવનની સંપૂર્ણતા કે સાર્થકતાની મહત્વની મહામૂલ્યવાન દશા છે. તે દશા સિવાય સિદ્ધિની પ્રાપ્તિ નથી થઈ શકતી. એ દશામાં પ્રવેશ થાય છે ત્યારે શું થાય છે તે જાણો છો ? સાધકને સાધનાનો રસ લાગે છે. સાધના કરીને કાંઈક મેળવવાની તીવ્ર તરસ લાગે છે અને સિદ્ધિની પ્રાપ્તિની પ્રામાણિક આકાંક્ષાથી એ પોતાના કર્તવ્યમાં પ્રવૃત્ત થાય છે. બીજી બધી પ્રવૃત્તિઓ એને ગૌણ લાગે છે. બીજી બધી પ્રવૃત્તિઓમાંથી મનને પાછું વાળીને એ પોતાના ઈચ્છીત ધ્યેય માટેના અભ્યાસમાં એકાગ્ર કરે છે. બીજા વિષયો, પદાર્થો તથા બીજી પ્રવૃત્તિઓનો રસ એના હૃદયમાં નથી રહેતો. આધ્યાત્મિક વિકાસની અથવા પરમાત્માના પ્રેમની એક જ વીણા એના હૃદયમાં દિવસરાત વાગ્યા કરે છે. પોતાના લક્ષ્યને વહેલામાં વહેલી તકે સિદ્ધ કરવા માટે કૃતનિશ્ચય થઈને એ પુરુષાર્થ કરે છે.

**સિદ્ધ**

પુરુષાર્થ પ્રત્યેના એવા અપાર અનુરાગ વિના સાધનાની સિદ્ધિ મળવી મુશ્કેલ છે. સાધકજીવનને માટે એવો પુરુષાર્થ અત્યંત અનિવાર્ય છે. એના સુખદ પરિણામ રૂપે જ્યારે સિદ્ધિ સાંપડે છે કે પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે ત્યારે સાધક સિદ્ધ બને છે અને સર્વપ્રકારના બંધનોમાંથી મુક્તિ મેળવે છે. એનું જીવન કૃતાર્થ બની જાય છે. એનો સાધનાત્મક પરિશ્રમ સફળ થાય છે. અશાંતિ અને અલ્પતાનો અંત આવે છે. તથા પરમ શાંતિ, પરમાનંદ, પરમ સુખ તેમ જ પૂર્ણતાનું પરમ દ્વાર ઊઘડી જાય છે. જીવન દ્વંદ્વોમાંથી સંપૂર્ણપણે મુક્તિ મેળવીને કૃતકૃત્યતાની પરિસીમા પર પહોંચી જાય છે.

એવા કૃતકૃત્યતાની પરિસીમા પર પહોંચેલા મુક્ત, પૂર્ણ કે સિદ્ધ મહાપુરુષો સંસારમાં અત્યંત અલ્પ પ્રમાણમાં કે વિરલ જ મળે છે. જીવનની સંસિદ્ધિનું એ સુમેરુ શિખર સર કરવાનું નસીબ કોઈકનું જ હોય છે. કોઈક જ ત્યાં પહોંચીને પરમ શાંતિના ભાગીદાર બને છે. એને માટે સતત ને પ્રામાણિક પરિશ્રમ પણ કોઈક જ કરે છે. કોઈક જ એને માટેનો કાર્યક્રમ બનાવે છે અને એને પ્રલોભનો તથા ભયસ્થાનોનો સામનો કરીને સલામત રીતે વળગી પણ કોઈક જ રહે છે. કોઈક બડભાગી જ. બાકી જિજ્ઞાસુજનોની સંખ્યા સાધક કરતાં વધારે છે, અને જડ કે વિષયી જનો તો સૌથી મોટા પ્રમાણમાં છે. સંસારમાં એમની બહુમતી છે. એમની બહુમતી સુસંસ્કૃત સમાજને સારુ શોભાસ્પદ નથી, છતાં પણ બહુમતી છે એ એક હકીકત છે. સુસંસ્કૃત સમાજ એ જ કહી શકાય જેમાં જડ કે વિષયીજનોની સંખ્યા સૌથી ઓછી હોય અથવા તો ના હોય, અને જિજ્ઞાસુ સાધક કે મુક્ત પુરુષોની સંખ્યા અધિક હોય. આજે તો સમાજની પરિસ્થિતિ ઊલટી છે.

એ ચાર પ્રકારના માણસોમાં તમારું સ્થાન ક્યાં છે કે કયા પ્રકારમાં છે એ તમારે સમજીને નક્કી કરી લેવાનું છે. તમે મુક્ત કે સિદ્ધ હો તો તો ઘણી જ સારી વાત. તો તો કાંઈ કહેવાનું જ નથી. સાધક હો તો પણ

સારું છે. જિજ્ઞાસુ હો તોપણ બહુ ખોટું ના કહેવાય; પરંતુ તેમાંના કોઈ જ ના હો અને જો વિષયી કે જડ હો તો તો જાગવાની ને ચેતવાની જરૂર છે. ચારે પ્રકારો એક રીતે જોતાં વિકાસની ચાર અવસ્થારૂપ છે, અને એ અવસ્થામાંથી ઉત્તરોત્તર પસાર થઈને તમારે જીવનનું કલ્યાણ કરી લેવાનું છે, એ વાતનું વિસ્મરણ ના થવા દેતા.

* * * * *

## ૨૨. જ્યોતિને જાગ્રત કરો

કેટલાક લોકો માને છે કે આ જીવન આનંદપ્રમોદ, ભોગવિલાસ તથા એશઆરામને માટે છે. 'યાવજ્જીવેત્ સુખં જીવેત્, ઋણં કૃત્વા ઘૃતં પિબેત્' એટલે કે જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી સુખપૂર્વક જીવો, અને તમારી પોતાની સ્થિતિ ના હોય તો દેવું કરીને પણ ઘી પીઓ અથવા તો મોજમજા ઉડાવો; એ ચાર્વાકમતમાં માનનારા ચાર્વાકના વંશજો જેવા લોકો આ અણુયુગમાં પણ નથી એમ નહિ. તે તો પ્રત્યેક યુગમાં રહેવાના. એમનો સમૂળો લોપ નહિ જ થવાનો. એ લોકોની ફિલસૂફી-જો એને ફિલસૂફી કહી શકાતી હોય તો, ખાવા, પીવા ને લહેર કરવાની હોય છે. એવી સમજથી પ્રેરાઈને જ એ જીવન જીવતા હોય છે. એમને કોઈ પૂછે કે તમે આંખ મીંચીને બુદ્ધિને ગીરે મૂકીને કર્મ કરો છો તે કર્મોનો હિસાબ થશે ત્યારે ? તો તે ઉત્તર આપે છે કે એ વખતે જોઈ લેવાશે. પડશે તેવી દેવાશે. કોઈક વકીલને રોકીશું, અને એમ કહીને સદાચારી કે નીતિમાન માણસની ઠેકડી કરે છે.

એનાથી ઊલટો મનુષ્ય-સમાજનો એક બીજો વર્ગ છે જે ભોગ માત્રને હેય માને છે, ઉપેક્ષાવૃત્તિથી જુએ છે, પતન કે વિનાશકારક સમજે છે, અને એથી અળગા રહેવાની શિક્ષા આપે છે. જેમ ઉપર્યુક્ત પ્રકારના મનુષ્યો સંપૂર્ણ ભોગવિલાસની તરફેણ કરે છે, તેમ આવા માણસો ભોગના, વિલાસના, આનંદપ્રમોદના, અથવા તો તન, મન ને ઈન્દ્રિયોને આરામ આપનાર કે સુખ પહોંચાડનારા પદાર્થોના કાયમી ત્યાગની ભલામણ કરે છે, અને એમનાથી દૂર રહેવાનો સંદેશ આપે છે. કષ્ટ સહન કરીને, પોતાના આત્માને ગૂંગળાવી કે ભાવનાઓને દબાવીને પણ ભોગ પદાર્થોથી દૂર રહેવામાં જ તે શ્રેય માને છે. એ જ માર્ગ તેમને સારો કે સલામત લાગે છે.

કેવળ ભોગ અને ભોગ્ય પદાર્થોની સાથે સંબંધવિચ્છેદ અથવા તો એમના નિતાંત ત્યાગ એ બંને પ્રકારની વિચારસરણી કે વૃત્તિવાળા માણસો સંસારમાં જોવા મળે છે. એ બંને વૃત્તિ કે વિચારસરણી વચ્ચે ઉત્તર ધ્રુવ ને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે, બંને એકમેકની વિરોધી છે, અને એમનું કદી સંમિલન નથી થતું. એની સાથે સાથે એક ત્રીજા પ્રકારની વૃત્તિ કે વિચારશ્રેણીવાળા માણસો પણ છે જે ઈન્દ્રિયોના ભોગને આપત્તિકારક, અનર્થમય અથવા તો અમંગલ સમજે છે. આત્મિક વિકાસને માટે એમના ત્યાગની આવશ્યકતાનો પણ સ્વીકાર કરે છે. પણ પોતાની નિર્બળતાને લીધે પાછા પડે છે, હતાશ થાય છે અને એના પ્રત્યાઘાત રૂપે કાં તો પ્રયાસ કરવાનું જ છોડી દે છે અથવા ત્યાગની કે ઈન્દ્રિયોના વિજયની શ્રદ્ધા ખોઈ બેસીને સુખોપભોગના ચિરપરિચિત પ્રવાહમાં જ વહેવા માંડે છે. અને તે પણ અનેક ગણી વધારે ગતિથી.

સંસારમાં એવા ત્રિવિધ પ્રકારના માણસો છે. તેમાં પ્રથમ પ્રકારના માણસોએ સમજી લેવું જોઈશે કે મનુષ્યજીવન કેવળ આમોદપ્રમોદ, ભોગવિલાસ કે એશઆરામ માટે નથી. તેનું મૂલ્ય ઘણું મોટું છે. એની અંદર જે શક્તિ, સંપત્તિ, બુદ્ધિ અથવા તો મેધા છે એનો ઉપયોગ કરીને સ્વ અને પરની ઉન્નતિ કે સુખાકારી માટે પરિશ્રમ કરી છૂટવાનો છે. એને માટે એક મહામૂલ્યવાન સુવર્ણ તક છે. એ તકનો સદ્ઉપયોગ કરવામાં જ બુદ્ધિમાની કે મનુષ્યત્વ છે. આટલું મોટું મનુષ્યજીવન પશુજીવનની પેઠે આમોદપ્રમોદને માટે હોઈ શકે નહિ. એ જીવનની પાછળ ધ્યેય છે, એ ધ્યેયને સિદ્ધ કરવા માટેની સાધના છે, અને એ સાધનામાં સફળ

મનોરથ થવાની મહાન શક્યતા રહેલી છે. એ જીવન દ્વારા પોતાની મુક્તિ તથા પૂર્ણતાને માટે કામ કરી શકાય છે તથા સમાજના ઉત્કર્ષને ખાતર બલી બનાય છે.

ભોગોના ત્યાગનો એકાંગી ઉપદેશ આપનારે પણ એની પાછળની ગંભીરતા અને એની પાછળના જોખમોને જાણી લેવાની જરૂર છે. ઘણીયે વાર જરૂરી સમજ, સંગ, વાતાવરણ અથવા તો સામર્થ્યના અભાવને લીધે બાહ્ય ત્યાગ ટકવાને બદલે બગડે છે, અને દુઃખ, વિષાદ, અનર્થ કે પતનનું કારણ થાય છે. એવે વખતે બળજબરી કે હઠથી નિગ્રહમાં રાખેલી વિષયોની રસવૃત્તિઓ, આશ્ચર્યચકીત કે સ્તબ્ધ કરી દે એવા વેગથી પાછી વિષયાભિમુખ થઈને વહેવા માંડે છે, સંયમને સમજવાના બધા જ કિનારાને તોડી નાંખે છે, અને બેકાબુ બની જાય છે. એવા ઉદાહરણો ત્યાગના ઈતિહાસમાં કેટલાય છે. સંજોગો પ્રતિકૂળ થતાં અને એકાંત મળતા જે વૃત્તિઓ શાંત બનીને બેઠી હોય છે, અથવા તો નિર્મૂળ બની છે એમ લાગતું હોય છે, તે જ વૃત્તિઓ સંજોગો સાનુકૂળ થતાં, વસ્તીમાં આવતાં, વિષયી પદાર્થોની વચ્ચે વસતા કે સંયમની સાધના શીથિલ બનતા સહસ્ત્રમુખી બનીને સચેત થાય છે અને તનને, મનને, સંયમ ને શાંતિના બધા જ બંધનોને છિન્ન ભિન્ન કરી નાંખે છે. એટલે ભોગોનો નિતાંત ત્યાગ જેટલો માનવામાં આવે છે એટલો સહેલો નથી. એને કરવો કદાચ સહેલો હોય, પરંતુ નિભાવવો મુશ્કેલ છે. સંયમના સમ્યક પાલનને માટે વિવેક જોઈશે. સદ્દબુદ્ધિ, ધૃતિ, વૈરાગ્યવૃત્તિ, હિંમત તથા તિતીક્ષા જોઈશે. ભોગ ને ત્યાગ બંનેની વચ્ચે રહીને માણસે બુદ્ધિને કામે લગાડવી પડશે. સદ્દવિચારની જ્યોતિને જાગ્રત રાખવી પડશે, તો તે જડ બનવાને બદલે ચેતનપ્રદાયક બની જીવનવિકાસમાં મદદરૂપ થશે. આંધળો ભોગ અને વિવેક વગરનો ત્યાગ બંને હાનિકારક છે.

ઈન્દ્રિયોના ભોગોમાં સાચી ને સંપૂર્ણ શાંતિ નથી એ વાત જેટલી પણ વહેલી સમજાઈ જાય એટલી જ લાભકારક છે. ઈન્દ્રિયલોલુપ માણસની સુખોપભોગની લાલસા વધ્યે જ જાય છે, એનો અંત નથી આવતો. અગ્નિમાં ઘી નાંખવાથી એ વધારે ને વધારે પ્રબળ બને છે, તેમ સાંસારિક સુખોપભોગની કામના વધતી જ જાય છે. એની પરિતૃપ્તિ નથી થતી. ઈન્દ્રિયલોલુપ લોકો કેટલા બધા પરવશ હોય છે, લાચાર હોય છે, અસ્થિર હોય છે, અંધ અથવા અશાંત હોય છે, તે તેમને જોવાથી સહેજે સમજી શકાય છે. એટલે જીવનને સુખશાંતિમય કરવાને માટે, ઈન્દ્રિયોના વિષયોમાંથી તેને પાછું વાળી લઈને, જેટલું પણ બને તેટલું પરમાત્માપરાયણ કરવાની આવશ્યકતા છે. બહારના પદાર્થોને બદલે એને અંદર આત્મામાં રસ લેતું ને રમતું કરવું પડશે. જેમ જેમ મન આત્માભિમુખ બનતું જશે તેમ તેમ, એની અંદર સુખશાંતિ અથવા તો આનંદના અમૃતમય પ્રવાહનો આર્વિભાવ થતો જશે. એના અનેરા આસ્વાદમાં એ લીન બનશે. એને માટે દ્રઢ સંકલ્પબળ, સદ્દબુદ્ધિ કે વિવેક જોઈશે. પરંતુ એ બળ, બુદ્ધિ કે વિવેકશક્તિને ધીરે ધીરે અથવા તો ક્રમે ક્રમે જાગ્રત કરવી જ પડશે. એ વિના બીજો કોઈ માર્ગ જ નથી.

* * * * *

## ૨૩. પૃથ્વી પરનું સ્વર્ગ

સ્વર્ગ મેળવવાની ઈચ્છાવાળા માણસે યજ્ઞ કરવો એમ કહેવામાં આવ્યું છે. ગીતામાતા કહે છે કે યજ્ઞ કરનારને જો તેની ઈચ્છા હોય તો સ્વર્ગ મળે છે. સ્વર્ગ મૃત્યુલોક કરતાં વધારે સુખમય છે, પણ મૃત્યુલોકથી ઉત્તમ નથી. સ્વર્ગલોક તો એક જાતની ભોગભૂમિ છે. તે ભૂમિના ભોગ પૂરાં થતાં, જીવાત્માએ ફરી પાછું મૃત્યુલોકમાં આવવું પડે છે. મૃત્યુલોકમાં જો તે ઈશ્વરનું શરણ લે, અને જ્ઞાન, ભક્તિ કે યોગનો આધાર લે, તો તેને મુક્તિ મળે છે. એટલે એ રીતે જોતાં, મૃત્યુલોકનું મૂલ્ય ઘણું છે. આપણે બધા મૃત્યુલોકના માનવીઓ છીએ, પણ સ્વર્ગના દેવતા કરતાં આપણું સ્થાન જરા પણ ઊતરતું નથી. તેમના કરતાં આપણું ભાગ્ય ઘણું મોટું છે. ફક્ત તે ભાગ્યનો આપણે ઉપયોગ કરવાનો છે. આપણી અંદરની દાનવતાને દૂર કરી, સાચા માનવ થવાની કોશિશ કરવાની છે ને પછી ઈશ્વરમય જીવન જીવીને આપણે દેવતા થવાનું છે. આ બધું કરવા માટે આ મૃત્યુલોક એક સર્વોત્તમ ક્ષેત્ર છે. આ ક્ષેત્રનાં તમે જેવું બી વાવશો તેવું ઊગી નીકળશે. માટે સારું બી નાખવા સદાય તૈયાર રહો.

કેટલાક માણસો કહે છે કે આ પૃથ્વી જેવી ગંદી જગા બીજી કોઈ નથી, આપણને સ્વર્ગમાં રહેવા મળ્યું હોત તો સારું. પણ તેવા માણસોએ પોતાની ભૂલ સમજી લેવી ઘટે છે. પૃથ્વી ગંદી જ છે એમ માની લેવાનું કોઈ કારણ નથી. તળાવમાં કાદવ ને કમળ બંને છે. ચંદ્રમામાં પણ પ્રકાશ તથા કાળાશ બે સાથે વસે છે. બદરીનાથના પ્રદેશમાં એક બાજુ બરફ જેવા ઠંડા પાણીવાળી અલકનંદા નદી વહી જાય છે, પરંતુ અલકનંદાની બીજી બાજુ કિનારા પાસે જ, ઊકળતા પાણીના કુંડ છે. તેમાંથી વરાળો નીકળે છે. ઈશ્વરની લીલા કેવી અજબ છે ! કુદરત કેટલી બધી અજાયબીથી ભરેલી છે ! આપણી પૃથ્વીમાં પણ તે પ્રમાણે સારી ને નરસી બે જાતની વસ્તુઓ રહેલી છે. ભલા ને બૂરા બંનેનો તેમાં વાસ છે. ઈશ્વર ને શયતાન બંનેની તે ક્રીડાભૂમિ છે. તેનો તિરસ્કાર કરવાની જરૂર નથી. તમારે શું જોઈએ છે તે તમે પસંદ કરી લો. પછી ચિંતા કરવાની જરૂર નથી. પૃથ્વીનો તિરસ્કાર તથા સ્વર્ગની ઈર્ષ્યા કે આશા કરવાની જરૂર નથી. કેમ કે તેથી કોઈ હેતુ નહિ સરે. જે પૃથ્વી પર આપણે વસીએ છીએ, ને જેની સાથે આપણું ભાગ્ય જડાયેલું છે, તે પૃથ્વીને પ્રેમ કરવા, સુંદર કરવા, ને તેનો લાભ ઉઠાવવા, આપણે તૈયાર થવું જોઈએ. એમ કરવાથી આપણે પૃથ્વીને સ્વર્ગમય કરી શકીશું. પોતપોતાના જીવનને સુંદર બનાવવાનો જો બધા જ પ્રયાસ કરે, તો પૃથ્વી વધારે સુંદર બને એમાં શંકા નથી. પૃથ્વીમાં કેટલીક ગંદકી માણસે પોતે પોતાને હાથે ઊભી કરી છે, ને કેટલીક ગંદકી તે પોતે પોષે છે. તેને દૂર કરવાનો પ્રયાસ કરીને તે સંસારમાંથી નરકની નિશાની દૂર કરી શકે, ને સ્વર્ગનું સર્જન પણ કરી શકે. એને માટેનું જે સેવાકર્મ તે જ યજ્ઞ. આપણે એના યાજ્ઞિક બનવાનું છે.

સ્વર્ગ કોઈ ઈર્ષ્યા કરવા જેવી વસ્તુ નથી. સ્વર્ગમાં કદાચ અપ્સરા મળશે, પરંતુ પરમાત્માની પ્રાપ્તિ તો આ પૃથ્વી પર જ થઈ શકશે. પૂર્ણ જીવનની સાધના પણ આ પૃથ્વી પર જ થઈ શકશે. અને આ પંચમહાભૂતના શરીર દ્વારા જ થઈ શકશે. માટે પૃથ્વીને પ્રેમ કરો, ને સ્વર્ગનાં નકામાં સ્વપ્નાં છોડી દો. અથવા તમે જેવા સ્વર્ગની ઈચ્છા કરતા હો, તેવા સ્વર્ગની રચના આ પૃથ્વી પર જ કરવાનો પુરુષાર્થ કરો. ઈશ્વર તમને જરૂર સફળ કરશે. સ્વર્ગ ગમે તેટલું સારું હોય તો પણ શું ? તેનાં સ્વપ્નાં સેવવાથી શું વળશે ?

આપણે તો પૃથ્વી પર જ રહેવાનું છે. એટલે આપણે તો પૃથ્વી સાથે જ કામ છે. જે પૃથ્વી પર જીવવાનું છે તેને આપણે પ્રેમ કરતાં શીખવું જોઈએ. જે પૃથ્વી પર શ્વાસ લેવાનો છે, તેને આપણે પૂજવી જોઈએ, જનેતાની જેમ સન્માનવી જોઈએ, ને તેને સર્વોત્તમ સમજીને હૃદયમાં સ્થાન આપવું જોઈએ.

આપણી આ પૃથ્વીને પવિત્ર, શાંતિમય ને સુખમય કરવા આપણે બનતો પ્રયાસ કરીએ. પૃથ્વી પરથી દુઃખ, દર્દ, શોષણ, ભૂખમરો તથા ત્રાસનો અંત લાવીએ. સેવા, સંપ, સ્નેહ ને સહકારના મંત્રને અપનાવીએ, ને સંસારને સ્વર્ગમય કરીએ. આપણા ને બીજા બધાના જીવનને પવિત્ર, સુખી ને સમૃદ્ધ કરવાનો પ્રયાસ કરીએ, ને તે માટે નિઃસ્વાર્થ સેવારૂપી કર્મનો યજ્ઞ કરીએ. બીજા યજ્ઞો કરનારને મર્યા પછી સ્વર્ગ મળે છે; પણ આપણે જે સ્વર્ગ મેળવવું છે તે માટે મરણ પછીના બીજા જીવનની જરૂર નથી. ઉત્તમ કર્મોનો યજ્ઞ ચાલુ કરો, એટલે આ જ જીવનમાં તમારે અને બીજાને માટે સ્વર્ગ ઉતારી શકશો એ ચોક્કસ છે. માટે ઉત્તમ વિચારોને કેળવો. સદ્દગુણોની મૂર્તિ બનો. દુર્ગુણોને ભસ્મીભૂત કરી દો. વાસના ને ખોટા વિકારોની આહુતિ આપી દો. દિલમાં જે દાનવ બેઠો છે તેને દૂર કરીને સાચા માનવની સ્થાપના કરો, ને તેને વિકસીને દેવ થવા દો. એટલે અંતરમાં સ્વર્ગ ઊતરશે, રોમેરોમમાં સ્વર્ગ ઊતરશે; ને જ્યાં જશો કે જીવશો ત્યાં સ્વર્ગ ને સ્વર્ગ જ વિલસશે. સ્વર્ગની શોધ કરવા માટે પછી ક્યાંય દૂર નહિ જવું પડે. આપણું ને બીજા બધાનું સ્વર્ગ આ ધરતી પર અને આ જ જીવન દરમિયાન નિર્મિત થશે.

* * * * *

## ૨૪. બીજાને માટે જીવવાનો મહામંત્ર

જીવનના પરમ પવિત્ર પુરુષાર્થ, પરમ અર્થ કે પરોપકારનું પ્રતિપાદન કરતાં સુંદર, સરસ, પ્રેરક શબ્દોમાં કહેવામાં આવ્યું છે:

સરવર તરવર સંતજન ચોથા વરસે મેહ,
પરમારથ કે કારને ચારો ધરિયા દેહ.

સરવર અને સરિતાનું સમસ્ત સલિલ સંસારને માટે છે. એનો લાભ માનવ કે માનવેતર કોઈ પણ પ્રાણી લઈ શકે છે. પોતાના સલિલ પર સરવર કે સરિતાનો એકાધિકાર નથી હોતો, પોતાના વિશાળ જળભંડારને પોતાના વ્યક્તિગત સુખ માટે વાપરવાને બદલે એ સમષ્ટિગત સુખ શાંતિ અને સમૃદ્ધિને માટે સમર્પે છે, સૃષ્ટિને સશ્ય-શ્યામલા કરવા માટે, હરીભરી બનાવવા માટે, પોતાનો ફાળો પ્રદાન કરે છે. વૃક્ષનું જીવન પણ બીજાને માટે ઉપયોગી થાય છે. એની છાયા, એનાં પર્ણ, પુષ્પ, ફળ તથા કાષ્ટ બીજાને માટે જ વપરાય છે. વૃક્ષ પણ પોતાની સમસ્ત સાધનસામગ્રી કે સંપત્તિ દ્વારા વિશ્વનું બની જાય છે. એટલા માટે તો વિદ્વાનોએ વૃક્ષની પાસેથી પદાર્થપાઠ લેવાનો સંદેશ આપ્યો છે. મેઘ પણ પોતાના જીવનધનને સમર્પીને સૃષ્ટિની સેવા-સહાયતા કરે છે. મેઘ વિનાની સૃષ્ટિની કલ્પના પણ નથી કરી શકાતી. મેઘ જગતને માટે પ્રત્યક્ષ દેવતાનું કામ કરે છે. અસાધારણ આશીર્વાદરૂપ બને છે. પરમાત્માના પરમ કૃપાપાત્ર અથવા પરમાત્માની પરમ કૃપાને પામવાનો પ્રામાણિક પ્રયત્ન કરનારા સંતો પણ તન મન વચન દ્વારા સમસ્ત જીવનને અન્યના અભ્યુદયના મહાયજ્ઞની આહુતિ જેવું બનાવી દે છે. એમનું સમસ્ત જીવન સમાજનું થઈ જાય છે. આપણે પણ એ ચારે પરમાર્થીઓની જેમ આપણા જીવનને પરમાત્માનું સમજીને પરમાત્માની સૃષ્ટિની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ ને સમુન્નતિના કાર્યમાં લગાડી દેવું જોઈએ. જીવન સમાજને સમર્પિત કરવું જોઈએ, અને સમાજને માટે જીવાવું જોઈએ. પરમાર્થ અથવા સમાજની સહાયતા એ આપણો જીવનમંત્ર બની જવો જોઈએ. આપણી પાસે જે પણ ધન હોય, બળ હોય, વિદ્યા હોય, અધિકાર, પદ, પ્રતિષ્ઠા કે સત્તા હોય તે દ્વારા આપણે અન્યને ઉપયોગી થવા તૈયાર રહેવું જોઈએ.

બીજાને ઉપયોગી થવાની શુભ પ્રવૃત્તિનો આધાર લેવાથી લાંબે ગાળે આપણને જ લાભ થાય છે. આપણું હૃદય વિશાળ બને છે, ઉદાર થાય છે, સંવેદનશીલ તથા સહાનુભૂતિ-સંપન્ન થતું જાય છે. અને અંતે આપણી આજુબાજુના સૌમાં, હૃદયની સંપૂર્ણ શુદ્ધિ સધાતાં, આપણે ઈશ્વરદર્શન પણ કરી શકીએ છીએ. બીજાને માટે જીવવાની એક જ સાધના અન્ય સાધનાના ફળને પ્રદાન કરનારી અને જીવનને ઉજ્જવળ બનાવનારી થઈ પડે છે.

આજે આપણે અન્યને માટે જીવનારા, બીજાને માટે પોતાના સ્વાર્થને ગૌણ ગણીને તિલાંજલિ આપનારા માનવોની આવશ્યકતા છે. એવા મજૂરો ને માલિકો, ડોક્ટરો, વકીલો, શિક્ષકો, સેવકો, રાજનીતિજ્ઞો, પ્રધાનો ને સભાસદો, વેપારીઓ, સૈનિકો, જીવનનાં સઘળાં ક્ષેત્રોમાં રહેતા સેવાભાવી માનવોની આવશ્યકતા છે. આપણા દેશના અભ્યુત્થાનને માટે બીજાને સમર્પિત થવાની ભાવનાને દ્રઢીભૂત બનાવવાની આવશ્યકતા છે. આપણે સૌ આપણે માટે જીવીએ છીએ. તેમ અન્યને માટે પણ શ્વાસ લેતાં ને કાર્ય કરતાં શીખીએ તો

સમાજનું ચિત્ર બદલાઈ જાય, સમાજની કાયાપલટ થઈ જાય. આપણે જેવા સુખી સુસમૃદ્ધ સમાજની અપેક્ષા રાખીએ છીએ એવા સુખી સુસમૃદ્ધ સમાજની પ્રસ્થાપનામાં વાર ના લાગે. આપણો આજનો મહામંત્ર બીજાને માટે જીવવાનો, કાંઈક કરી છૂટવાનો, હોવો જોઈએ.

* * * * *

## ૨૫. જીવનધ્યેયની વિસ્મૃતિ

ભર્તૃહરિએ કહ્યું છે કે 'સાહિત્ય સંગીત કલાવિહીનઃ સાક્ષાત્પશુ પુચ્છવિષાણહીનઃ' એટલે કે 'સાહિત્ય સંગીત અને બીજી કળાથી જે રહિત છે તે સંસ્કારની દ્રષ્ટિએ પશુ બરાબર છે, ફક્ત તેને પૂછડું કે શીંગડા નથી એટલું જ.' એ વાતને યાદ કરીને કોઈએ મને પૂછ્યું કે સૌથી શ્રેષ્ઠ કળા કઈ ? સાહિત્ય કે સંગીત ? અથવા તો નૃત્ય કે શિલ્પ ? મેં ઉત્તર આપ્યો કે બધી કળાઓમાં જીવન જીવવાની કળા સર્વોત્તમ છે. બીજી કળાઓ એ કળાની તોલે ના આવે. મારો ઉત્તર સાંભળીને એમને નવાઈ લાગી. અને એવી નવાઈ બીજા કેટલાયને લાગશે. પરંતુ જીવન જીવવાની પણ કળા છે, અને એ કળા સર્વોત્તમ છે, એ વાત સાચી છે. મારી દ્રષ્ટિએ એથી ઉત્તમ અને ઉપકારક બીજી કોઈયે કળા નથી.

એવા હજારો, લાખો કે કરોડો લોકો છે જે જીવનને જેમતેમ જીવે છે. જીવન એક કલા છે અથવા તો એને કલાત્મક રીતે જીવી શકાય છે ને જીવવાનું છે તેનો ખ્યાલ તેમને નથી. જો છે તો તે ખ્યાલ તેમના મનમાં જ રહી જાય છે. એનો એ આચારમાં અનુવાદ નથી કરી શકતા. પરિણામે એ જીવે છે ખરા, પરંતુ જીવનના રસ અને આનંદથી વંચિત જ રહી જાય છે. જીવન એમને માટે બોજો બની જાય છે, અકસ્માત થાય છે, રૂઢ કે પરંપરાગત વસ્તુ બની રહે છે. અને એ એને રગશિયા ગાડાની પેઠે જીવ્યે જાય છે. જીવનનો સાચો સ્વાદ એમને નથી મળતો; એનો સદ્ઉપયોગ કરીને એ જીવનને ઉજ્જવળ નથી કરી શકતા અને એ દ્વારા વ્યક્તિગત વિકાસના માર્ગમાં આગળ પણ વધી નથી શકતા. જીવન એમને માટે જોઈએ તેટલું સુખમય, શાંતિદાયક, પ્રેરણાદાયક તેમજ શ્રેયસ્કર નથી થઈ શકતું.

સાહિત્ય, સંગીત, નૃત્ય જેવી બીજી કળાઓમાં અને જીવનને આદર્શ રીતે જીવવાની કળામાં મહત્વનો તફાવત એ છે કે બીજી કળાઓ એના સ્વામીને તથા એનો રસાસ્વાદ લેનાર ઉભયને આનંદ આપે છે કે રસ પૂરો પાડે છે; પરંતુ એ કળાઓની અસરથી કળાકારનું વ્યક્તિગત જીવન ઉત્તમ અથવા તો આદર્શ જ બને છે એવું નથી હોતું. એ કળાઓ માનવને માનવતાના ઉચ્ચોચ્ચ ગુણસંસ્કારોથી સંપન્ન કરે છે અથવા સત્કર્મોથી સદાને માટે સુશોભિત કરે છે એવું નથી હોતું. એવું હોય પણ ખરું ને ના પણ હોય. કળાની દુનિયામાં કળાકાર આદર્શ અથવા તો ઉત્તમ હોય. પરંતુ મનુષ્ય તરીકે આદર્શ ના હોય અને કેટલીક વાર દૈવી ને બદલે આસુરી ગુણધર્મથી સંપન્ન હોય એવું પણ દેખાય છે. એવી કળા બીજાને આનંદ આપે છે, પરંતુ કળાકારના પોતાના જીવનમાં ક્રાંતિ કરી, એ જીવનને ઉદ્દાત્ત બનાવી, કળાકારને સાચા અર્થમાં માનવ બનાવી એને દેવતાપદે સ્થાપી, ઈશ્વરસદૃશ નથી કરી શકતી. પરંતુ જીવન જીવવાની કળાનું એવું નથી. એ તો માનવ-સ્વભાવને, માનવ-ગુણધર્મોને ને માનવજીવનને પોતાના કેન્દ્રમાં રાખતી હોવાને લીધે, એનો આધાર લેનારના જીવનમાં સમૂળી ક્રાંતિ કરે છે; એની જડતા દૂર કરે છે; એને સત્ય, પ્રકાશ, પવિત્રતા તથા પૂર્ણતાના પાવન પ્રદેશોમાં પ્રસ્થાપિત કરે છે, અને એ રીતે જીવનના સાફલ્યનું અસીમ અને સનાતન સુખ ધરે છે. એટલા માટે જ એ સર્વોત્તમ છે, સૌના માટે ઉપકારક છે અને અનેરી છે. એ દ્રષ્ટિએ એ બીજી કળાઓ કરતાં જુદી પડે છે.

જીવન એક મહામૂલી મૂડી છે, સામગ્રી છે, સંપત્તિ છે, થાપણ છે, ભેટ છે. એને આંખ બંધ કરીને જેમતેમ જીવી શકાય નહિ. એમાં અનંત શક્તિ છે, શક્યતા છે. એની પાછળ પરમ રહસ્ય રહેલું છે. એ એક

એવી પગદંડી કે કેડી છે જેના પર વિવેકપૂર્વક પ્રવાસ કરીને માનવી પોતાના શરીર ધારણનું સાર્થક્ય કરી શકે છે. એટલે જ્યારે આપણે એમ કહીએ છીએ કે જીવન જીવવું એક કળા છે ત્યારે એમ કહેવા માંગીએ છીએ કે એને સમજપૂર્વક જીવવું જોઈએ; શાંતિથી જીવવું જોઈએ; યોજનાબદ્ધ રીતે જીવવું જોઈએ અને વિકાસના માર્ગમાં આગળ વધી શકાય એવી રીતે જીવવું જોઈએ. એમ પણ કહેવું જોઈએ કે જીવનની પળેપળનો હિસાબ રાખીને કોઈ ઉત્તમ હેતુ કે આદર્શને માટે જીવવું જોઈએ. સંપ, સ્નેહ, સહકાર, સેવાભાવ, સ્વાર્પણ ને સદાચારપૂર્વક જીવવું જોઈએ. આપણી સાથે રહેનારા અને આપણા સમાગમમાં આવનારાં સૌની સાથે છળકપટ રહિત થઈને, રાગદ્વેષનો પરિત્યાગ કરીને બનતી પ્રામાણિકતા, નમ્રતા, સરળતા તથા શુચિતા સાથે જીવવું જોઈએ. આપણું જીવન કોઈના માટે બોજારૂપ ના બને. અથવા તો બીજાને માટે દુઃખદાયક કે અભિશાપરૂપ ન થાય, પરંતુ બીજાને માટે મદદરૂપ થાય, સુખશાંતિ આપનારું બની જાય, અને અણમોલ આશીર્વાદરૂપ થાય એવી રીતે જીવાવું જોઈએ. એવી રીતે જીવવાની આપણને દીક્ષા જ નથી મળી. પરંતુ જીવનને ઉત્સવરૂપ કે મંગલમય કરવું હોય અને આપણા આધ્યાત્મિક વિકાસમાં સોપાનસમું બનાવવું હોય, તો એવી દીક્ષા લીધા સિવાય છૂટકો જ નથી. આધ્યાત્મિક વિકાસની અભીપ્સાવાળા તથા સંસારને સુખમય કરવાની ઈચ્છાવાળા માનવે જીવન જીવવાની એવી કળા પ્રત્યે ગાફેલ રહ્યે ન જ ચાલે.

જીવનની કીમતી કળામાં સૌથી મહત્વની વસ્તુ જીવનનું ધ્યેય છે. તમારા જીવનનું કોઈ ધ્યેય નક્કી કરો. હજારો મનુષ્યો ધ્યેય વિનાનું જીવન જીવી રહ્યાં છે, તેવી રીતે ધ્યેયરહિત બનીને જીવનને બરબાદ ન કરો. આટલું મોટું જીવન કાંઈ નિરર્થક ન જ હોઈ શકે. અને પૂર્ણતા, પરમ શાંતિ કે મુક્તિની પ્રાપ્તિ તેમજ બીજાની સેવા સિવાય એનું બીજું ધ્યેય પણ શું હોઈ શકે ? જીવનનું આધ્યાત્મિક ધ્યેય તો એ જ છે - સ્વ અને પરની ઉન્નતિ. એ ધ્યેયના નકશાને ચોક્કસ રીતે દોરી કાઢ્યા પછી તમારી બધી જ વૃત્તિ ને પ્રવૃત્તિ, તમારી શક્તિ ને સામગ્રી તથા તમારા સમગ્ર ગૃહને એને માટે વાપરવાનો સંકલ્પ કરો. એવો સંકલ્પ કરીને બેસી જ ન રહેતા, એ સંકલ્પની સિદ્ધિ માટે ભરચક કોશિશ પણ કરતા રહેજો. તમારા પોતાના તેમજ તમારી સાથે સંકળાયેલા સૌના ધારણપોષણને માટે તમારે જે વ્યવસાય કરવા પડે છે તેને બાદ કરતાં, શેષ સમયમાં એ ધ્યેયની પ્રાપ્તિને માટેના પુરુષાર્થના કાર્યક્રમનો અમલ કરો. દુન્વયી વ્યવસાયોમાં રહીને પણ એ ધ્યેયને વિસ્મૃતિ ન થવા દો. તમારી લૌકિક પ્રવૃત્તિ એ ધ્યેયને ભૂલાવી ન દે અથવા તો એ ધ્યેયપ્રાપ્તિના જુસ્સા, ઉત્સાહ કે ભાવને મંદ પાડીને સદાને સારુ શાંત ન કરી દે તેનું ધ્યાન રાખો.

કોઈયે કારણે ને કોઈયે સંજોગોમાં તમારા જીવનધ્યેયની સંસ્મૃતિને છોડી ન દો. આ જીવન તમને શાને માટે મળ્યું છે, એ દ્વારા તમારે શું કરવાનું છે, તમે શાને માટે સંકલ્પ કર્યો છે, આજે તમે એ સંકલ્પસિદ્ધિની સૃષ્ટિમાં ક્યાં છો, તમારી વિશેષતાઓ તથા ક્ષતિઓ શાને આભારી છે, તેનો સદા વિચાર કરો. રોજ સવારે કે રાતે સૂતાં પહેલાં વિચાર કરો. અને એવી રીતે તમારી જાતનું પૃથક્કરણ કરીને તમારા આલોચક બનો. જીવનને ઉજ્જવળ કરવાની કળામાં એ ટેવ તમને લાભકારક થઈ પડશે, ને ક્રમે ક્રમે આગળ વધારશે. એ ટેવ તથા એને પરિણામે કરાતા પ્રામાણિક પ્રયાસને લીધે તમે તમારા જીવનના સફળ ને સાચા કળાકાર થઈ શકશો, એ નિર્વિવાદ છે.

* * * * *

## ૨૬. જીવતાંનું વધારે ધ્યાન રાખો

શ્રાદ્ધ એટલે શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતી ક્રિયા એવો સામાન્ય અર્થ કરી શકાય. પરંતુ શ્રાદ્ધની ક્રિયા વધારે ભાગે જીવંત નહિ પરંતુ મૃત મનુષ્યોને માટે જ કરવામાં આવે છે, અથવા તો મૃત આત્માઓની સાથે જ સંબંધ રાખે છે, એટલે એ મરણોત્તર ક્રિયા છે અને શ્રદ્ધાપૂર્વક તો કરવામાં આવે જ છે, માટે શ્રાદ્ધ તરીકે ઓળખાય છે. મૃતાત્માની સદ્ગતિ માટે કે એને શાંતિ પહોંચાડવા સારુ એનો આધાર લેવાય છે. એવી સદ્ગતિ તથા શાંતિને માટે ભાગવતસપ્તાહ કરાવવાની પ્રથા તો છે જ: ભાગવતમાં પણ એનું સમર્થન કરવામાં આવ્યું છે: પરંતુ એની સાથે સાથે રામાયણમાં, મહાભારતમાં, ગીતામાં તથા ઉપનિષદમાં પણ એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલે શ્રાદ્ધની પ્રથા એક પુરાતન પ્રથા છે એ વાત તો નક્કી છે. ઘણા જૂના વખતથી લોકહૃદયમાં એ એકધારો આદર પામતી ચાલી આવી છે. એ વાતની પ્રતીતિ પંચાંગમાં શ્રાદ્ધપક્ષનું નિર્માણ કરવામાં આવ્યું છે તેના પરથી સહેજે થઈ રહે છે.

મરણ પછી જે ક્રિયા કરવામાં આવે છે તે મૃતાત્માને પહોંચે છે ખરી ? તેથી મૃતાત્માને સદ્ગતિ કે શાંતિ મળી શકે છે ? એટલું તો સાચું છે કે સંકલ્પમાં ભારે શક્તિ છે. અને એથી પ્રેરાઈને જે ક્રિયા કરવામાં આવે છે તેમાં પણ ભારે બળ હોય છે. તે અવશ્ય ફળે છે. ખાસ કરીને શરીરધારી જીવાત્માઓને તો તેનો લાભ જલદી મળે છે. છતાં પણ શ્રાદ્ધના વિષયનો વિચાર એ દ્રષ્ટિએ કરવાને બદલે બીજી દ્રષ્ટિએ કરવા જેવો છે, અને તે દ્રષ્ટિ વધારે ઉપયોગી હોવાથી એ વિષયને આપણે બીજી રીતે ચર્ચીશું.


શ્રાદ્ધની ક્રિયામાં મોટે ભાગે ભોજનને જ મહત્વ આપવામાં આવે છે, અને શ્રાદ્ધનો સમસ્ત સાર એમાં જ સમાઈ જતો હોય એવું માનવા-મનાવવામાં આવે છે. પરંતુ એ પદ્ધતિ આપણે બદલવી પડશે. પ્રેતભોજનની ભારે ખર્ચાળ અને મધ્યમ તથા ગરીબ વર્ગની કરોડ ભાંગી નાખનારી કરુણ ક્રિયા તદ્દન બંધ કરવા જેવી છે તે તો ખરું જ, પરંતુ સાથે સાથે શ્રાદ્ધની પરંપરાગત ક્રિયાને નવું રૂપ આપવું પડશે. શ્રાદ્ધના દિવસે મૃતાત્માની શાંતિપૂર્વક વધારે સારી રીતે સ્મૃતિ કરી, તે સ્મૃતિમાંથી જીવનોપયોગી બોધપાઠ ગ્રહણ કરી, જીવનને વધારે સારો ને સુંદર ઘાટ આપવા તૈયાર થવું જોઈએ. એવે વખતે જીવનની વિશુદ્ધિને માટે કોઈ વ્રત લેવું જોઈએ, નક્કર કાર્યક્રમ ઘડી કાઢવો જોઈએ, અને બાકીના બધા જ દિવસોમાં એને વફાદાર રહેવું જોઈએ. મૃતાત્માની એવી પ્રાણપ્રદાયક શક્તિસંચારક સ્મૃતિ કાયમની બની જવી જોઈએ અથવા તદ્દન સ્વાભાવિક થવી જોઈએ. એ ઉપરાંત શ્રાદ્ધના અવસર પર બધું જ ધ્યાન ભોજન કરવા-કરાવવા તરફ આપવાને બદલે, એને એમાં જ શ્રાદ્ધકર્મની ઈતિકર્તવ્યતા સમજવાને બદલે, એ કર્મનો આધાર લઈ અને એને નિમિત્તરૂપ બનાવી, જુદીજુદી રીતે બીજાની સેવા કરવા તૈયાર થવું જોઈએ. એવી સેવામાં કેટલીય લોકોપયોગી પ્રવૃત્તિઓનો સમાવેશ કરી શકાય છે. વિદ્યાર્થીઓને, ગરીબોને, વિધવાઓને મદદ કરવી, પરબ બંધાવવી, તથા સ્કૂલ, ધર્મશાળા તથા દવાખાના જેવી સંસ્થાઓમાં સહાય કરવી, એવી બધી પ્રવૃત્તિઓ એના ઉદાહરણરૂપ છે. મતલબ કે શ્રાદ્ધને નિમિત્તરૂપ બનાવીને માણસે પોતાના ગજા પ્રમાણે બીજાને મદદરૂપ થવાનો પ્રયાસ કરવો જોઈએ.

ખરી રીતે જોઈએ તો સેવા માણસને માટે રોજ-બ-રોજની સ્વાભાવિક ક્રિયા બની જવી જોઈએ. એના અનુષ્ઠાનને માટે શ્રાદ્ધ જેવા કોઈ વિશિષ્ઠ પ્રસંગની પ્રતીક્ષા કરવાની ના હોય. જીવનની પ્રત્યેક પળ તથા ક્રિયાપ્રક્રિયા એને માટે શ્રાદ્ધરૂપ અથવા શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતા સત્કર્મરૂપ બની જવી જોઈએ. શ્રાદ્ધપક્ષમાં જ સત્કર્મ કરી શકાય એમ માનીને એણે શ્રાદ્ધપક્ષ સુધી બેસી રહેવું ના જોઈએ. છતાં પણ કેટલાક લોકો એવા હોય છે જે પુણ્ય, દાન, ધર્મ કે સત્કર્મને માટે કોઈક નિમિત્તની આશા રાખે છે. કોઈ નિમિત્ત કે અવસર આવે ત્યારે જ તે વધારે વિશાળ, ઉદાર કે સેવાપરાયણ બની શકે છે. એવા લોકોને માટે પણ શ્રાદ્ધનું મહત્વ ઓછું નથી. કોઈ પણ દિવસે કોઈને કશું જ ના આપનાર માણસ પણ શ્રાદ્ધને દિવસે, ભલે ગમે તેવા વિચારથી પ્રેરાઈને પણ, બ્રહ્મભોજન કરાવે છે તથા વસ્ત્રાદિનું દાન દે છે. એવી રીતે એને યાદ કરાવામાં આવે છે કે એણે પણ ઓછેવત્તે અંશે, યથાશક્તિ, મદદરૂપ થવાનું છે. એ રીતે વિચારતાં શ્રાદ્ધનું મહત્વ ધાર્યા કરતાં ઘણું મોટું છે.

એક બીજી વિશેષ વાત પણ વિચારવા જેવી છે. માણસો મરેલાંને સદ્દગતિ ને શાંતિ આપવા સારુ શ્રાદ્ધ કરે છે, પણ જીવતાં માણસો પ્રત્યે કેવો વ્યવહાર કરે છે ? એમની ગતિ તથા શાંતિ અને એમના આત્માના સંતોષ માટે જે કાંઈ કરવું ઘટે એ બધું એ કરે છે ખરા કે ? બધા માણસો એવા કામો કરે જ છે એવું નહિ કહી શકાય. માતા, પિતા, પતિપત્ની કે ભાઈબેન જીવતાં હોય ત્યારે તેમની સાથે ભાગ્યે જ સારો સંબંધ રાખવામાં આવે છે. કેટલીક વાર તો એમને સારાં, પૂરતાં વસ્ત્રો ને સારો ખોરાક પણ નથી આપવામાં આવતો. એમની સામે બોલવામાં આવે છે, એમની મર્યાદાનું પાલન નથી થતું, અને એમના જીવનને ક્લેશમય કરવામાં ભાગ લેવાય છે. પરંતુ એ મરે છે પછી એમની પાછળ ચોરાશી થાય છે, ભોજન કરાવાય છે, ને વસ્ત્રો વહેંચાય છે. એવાં શ્રાદ્ધ ક્યાં લગી પહોંચે ને કોનો ઉદ્ધાર કરે ? મરેલાંનો કે જીવતાંનો કોઈનોય નહિ. મૃતાત્માની પાછળ શ્રાદ્ધ થાય તે ભલે, પરંતુ જીવતાંનું વધારે ધ્યાન રાખવાની અને એમની સાથે સારા સંબંધો પ્રસ્થાપિત કરીને એમના આત્માને સુખ, શાંતિ અથવા આનંદ આપવાની અને એને માટે પ્રામાણિક પ્રયાસ કરવાની આપણી પહેલી ફરજ છે. એમની ગતિ જીવનમાં જ થાય અને એમનું જીવન સુખમય રીતે પસાર થાય તે માટે બનતું બધું જ કરી છૂટીએ તો મરણોત્તર ક્રિયાની જરૂર ભાગ્યે જ રહે. પરંતુ આજે તો ઊંધી ગાડી ચાલે છે. જીવતાંની ઉપેક્ષા થાય છે, એમની પ્રત્યે ઉદાસીનતા સેવાય છે, એમનું જોઈએ તેટલું ધ્યાન નથી રખાતું, અને તે મરે પછી લોકલાજથી પ્રેરાઈને, લોકોમાં યશસ્વી થવા, કે ગમે તે કારણે, તેમની પાછળ ભાતભાતની ક્રિયાઓ કરવામાં આવે છે. શ્રાદ્ધની ક્રિયા એવી રીતે યાંત્રિક, પરંપરાગત કે નિર્જીવ બની ગઈ છે. એના પ્રવાહને પલટાવીએ અને એના રહસ્યને સમજીને એને વધારે ને વધારે સજીવ, સારવાહી કે જીવનોપયોગી બનાવીએ તો જ તેમાંથી મદદ મળી શકે. જીવનવ્યવહારને જીવન દરમિયાન જ ઉત્તમ બનાવવાની એ વાત ખાસ યાદ રાખવાની છે.

* * * * *

## About the Author



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*